# લોકગીતવિમર્શ

: પ્રકાશક :
**ડૉ. મેરુ એચ. વાઢેળ**
૧૮૨, વૃન્દાવનધામ સોસાયટી, કાનપુરા
વ્યારા જિ. તાપી
મો. ૯૮૭૯૯ ૨૧૬૦૫

: વિક્રેતા :
**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

***Lokgeetvimarsh***
by **Dr. Meru H. Vadhel**

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧
નકલ : ૧૦૦૦
મૂલ્ય રૂા. : ૮૫

**લોકગીતવિમર્શ**
**ડૉ. મેરુ વાઢેળ**

ટાઈપ સેટિંગ :— **Mayur's**
સજાવટ :— ગુર્જરી સાહિત્યાલય, ડાકોર
મુદ્રક :— ચરોતર સાહિત્યાલય, નડિયાદ
વિક્રેતા :— **એમ. એમ. સાહિત્યપ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ
મુદ્રક :— **અર્પણ પ્રિન્ટરી, આણંદ**



## અર્પણ

જેમના મધુર કંઠેથી મેં લોકવાણીનો જલસો માણ્યો છે. જેમણે નાનપણથી આજ લગી મને લોકગીતની લ્હાણ કરાવી છે એવા મારા સ્વજનો જેવા કે, મારાં માતૃશ્રી મીણામા તથા પ્રેમાળ પત્ની કંચન, બેન મંજુલા, દાદી કાળીમા, નાની સ્વ. કલુમા, સાસુજી વાલીબેન અને નાની દીકરી - નિકિતા અને રિદ્ધિને.

**પ્રકાશન વેળાએ...**

લોકગીતની શરૂઆત ક્યારે અને ક્યાં થઈ હશે એ કહેવું મુશ્કેલ છે. જ્યારથી આદિમાનવ પોતાની હૃદયોર્મિઓને ગેયસ્વરૂપે પ્રગટ કરતો થયો હશે એટલા પ્રાચીન લોકગીતના મૂળ હશે. લોકગીત મુખ્યત્વે તળપદી ભાષામાં, તળપદા સંસ્કારને મૂર્ત કરતી, પેઢી-દરપેઢી મુખ પરંપરામાંથી ઊતરી આવેલી, તેમાં સમાજની મુગ્ધ નિર્વ્યાજતા પ્રગટ થતી હોય, જેમાં સમાજનો પ્રાણ ધબકાર સંભળાતો હોય, તેમાં શબ્દલાઘવ હોય અને ઉપદેશવૃત્તિનો અભાવ જોવા મળતો હોય, તેમાં નિર્દંભ અને સારલ્ય હોય, જે મોટેભાગે નિરલંકૃત છતાં લોકકલ્પનાને સૂઝે એવા અલંકારોથી ઓપતી હોય, જેમાં આલેખાતી ભાવોર્મિઓ આંટી-ઘૂંટી વિનાની ને સહજ હોય, જેમાં બોધતત્ત્વનો ઉદ્દેશ ન હોય તેવી રચનાઓ હજારો વર્ષોથી માનવસમુદાયને મુખેથી ગવાતી રહી છે.

લોકગીતનું સ્વરૂપ, તેની લાક્ષણિકતા અને તેના પ્રકારો વિશે અહીં મેં સમજ આપવાનો યત્ન કર્યો છે. સાથે કેટલીક લોકપ્રિય રચનાઓને સંપાદિત કરી છે. વિવિધ યુનિવર્સિટીઓમાં એમ.એ.ના અભ્યાસક્રમમાં લોકગીતના સ્વરૂપને મૂકવામાં આવે છે. આથી આ પુસ્તક અભ્યાસીઓને મદદરૂપ થશે તેવી આશા રાખું છું.

વિશેષ તો, આ પુસ્તકના પ્રકાશન માટે એમ. એમ. સાહિત્યપ્રકાશનના ભાઈશ્રી યાકુબભાઈનો હું ઋણી છું. આશા રાખું છું આ પુસ્તક આપ સૌને ગમશે જ.

**- ડૉ. મેરુ એચ. વાઢેળ**

## -: સર્જકના અમારાં અન્ય પુસ્તકો :-

૧. કાવ્યાક્ષરે (૨૦૦૭)

૨. કાવ્યાનુષંગે (૨૦૦૮)

૩. શબ્દાનુષંગે (૨૦૦૯)

૪. ગુજરાતી ખંડકાવ્યો (૨૦૧૦)
(સ્વરૂપ, વિકાસ અને આસ્વાદ)

૫. ગુજરાતી ગીત (૨૦૧૦)
(સ્વરૂપ, વિકાસ અને આસ્વાદ)

૬. ગુજરાતી ગઝલ (૨૦૧૧)
(સ્વરૂપ, વિકાસ અને આસ્વાદ)

૭. કાવ્યાનુશીલન (૨૦૧૧)

૮. સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો (૨૦૧૨)

૯. લોકગીતવિમર્શ (૨૦૧૧)

હવે પછી,

- ગુજરાતી કવિતામાં રાધા
- લોકવિદ્યાવિમર્શ

## ❀ અનુક્રમણિકા ❀


| | | |
|---|---|---|
| ૧. | લોકગીતનું સ્વરૂપ | ૧ |
| ૨. | વનમાં બોલે ઝીણા મોર | ૭૦ |
| ૩. | હું તો કાગળિયા લખી લખી થાકી | ૭૨ |
| ૪. | કાન તારે તળાવ... | ૭૩ |
| ૫. | ઊંચે રે ટીંબે... | ૭૪ |
| ૬. | વીંઝણો લ્યો... | ૭૫ |
| ૭. | વહુએ વગોવ્યા મોટા | ૭૬ |
| ૮. | જોબનિયુ આજ... | ૭૮ |
| ૯. | આવડા મંદિરમાં હું... | ૭૯ |
| ૧૦. | એક ઝાડ માથે... | ૮૦ |
| ૧૧. | રઢિયાળી રાતડીનો જોજે... | ૮૧ |
| ૧૨. | કા'નો દાણ માગે... | ૮૨ |
| ૧૩. | ચંદન તલાવડી રોકી... | ૮૩ |
| ૧૪. | વાદલડી વરસી રે... | ૮૪ |
| ૧૫. | ઝાલાવાડી ઝબલી રે... | ૮૫ |
| ૧૬. | સાયબા હું રે તાંબાની... | ૮૬ |
| ૧૭. | બંગલા કેસા બનાયા... | ૮૭ |
| ૧૮. | રૂમાલ મારો લેતાં જાજો... | ૮૮ |
| ૧૯. | શેરી વળાવી... | ૮૯ |
| ૨૦. | મોરબીની વાણિયણ... | ૯૦ |
| ૨૧. | લીલી નાઘેરમાં... | ૯૨ |
| ૨૨. | મારે ટોડલે બેઠો રે... | ૯૩ |

| | | |
|---|---|---|
| ૨૩. | કાન તારી મોરલીએ... | ૯૪ |
| ૨૪. | કાનુડા કાળજાની કોર... | ૯૫ |
| ૨૫. | જમાદાર જુગારિયો... | ૯૬ |
| ૨૬. | રંગ મોરલી... | ૯૭ |
| ૨૭. | લટકે હાલોને નંદલાલ... | ૯૮ |
| ૨૮. | ચાંદો ઊગ્યો ચોકમાં... | ૯૯ |
| ૨૯. | સોના વાટકડી રે... | ૧૦૦ |
| ૩૦. | નાગર ઊભા રિયો... | ૧૦૧ |
| ૩૧. | માથે મટુકડી... | ૧૦૨ |
| ૩૨. | આવી રૂડી અજવાળી... | ૧૦૩ |
| ૩૩. | કચ્છી લોકગીત... | ૧૦૫ |
| ૩૪. | આભમાં ઝીણી ઝબૂકે... | ૧૦૬ |
| ૩૫. | આલાલીલા વાંસડિયા રે... | ૧૦૭ |
| ૩૬. | આપણાં મલકમાં... | ૧૦૮ |
| ૩૭. | કાંકરીના માર્યા... | ૧૦૯ |
| ૩૮. | વનમાં ચાંદલિયો ઊગ્યો રે... | ૧૧૦ |
| ૩૯. | સાયબા સડકું બંધાવ... | ૧૧૧ |
| ૪૦. | ખમ્મા મારા નંદજીના... | ૧૧૨ |
| ૪૧. | હો રંગ રસિયા... | ૧૧૩ |
| ૪૨. | ઘમ્મ રે ઘમ ઘંટી... | ૧૧૪ |
| ૪૩. | વીડી વાઢવા રે લોલ... | ૧૧૬ |
| ૪૪. | નટવર નાનો રે... | ૧૧૮ |
| ૪૫. | રૂડીને રંગીલી રે... | ૧૧૯ |
| ૪૬. | રાધાજીના ઊંચા... | ૧૨૦ |
| ૪૭. | પાણી ગ્યા'તાં રે... | ૧૨૧ |
| ૪૮. | મેંદી તે વાવી... | ૧૨૨ |
| ૪૯. | પરદેશી મણિયારો | ૧૨૩ |
| ૫૦. | ઝૂલણ મોરલી વાગી રે... | ૧૨૫ |
| ૫૧. | મારા હીરાગર મોરલા... | ૧૨૬ |
| ૫૨. | ઓલ્યે કાનુડે મુને... | ૧૨૭ |
| ૫૩. | મેં તો ડુંગર કોરીને... | ૧૨૮ |
| ૫૪. | આજ રે સપનામાં તે... | ૧૩૦ |
| ૫૫. | લવીંગ કેરી લાકડીએ... | ૧૩૨ |
| ૫૬. | મને કેર કાંટો વાગ્યો... | ૧૩૩ |
| ૫૭. | ઢોલે રમુ... | ૧૩૪ |
| ૫૮. | કેસર છાંટીને... | ૧૩૫ |
| ૫૯. | મોર જાજે ઊગમણે... | ૧૩૬ |
| ૬૦. | સૂડલા કોયલડીને... | ૧૩૮ |
| ૬૧. | કોયલ બેઠી આંબલિયાની... | ૧૩૯ |
| ૬૨. | નાણાવટી રે સાજન... | ૧૪૦ |
| ૬૩. | ભર રે જોબનિયામાં... | ૧૪૧ |
| ૬૪. | ઘોર અંધારી રે... | ૧૪૨ |
| ૬૫. | ચપટી ભરી ચોખાની... | ૧૪૩ |
| ૬૬. | માનો ગરબો રે... | ૧૪૪ |
| ૬૭. | રૂડે ગરબે રમે છે... | ૧૪૫ |
| ૬૮. | એક વણઝારી ઝૂલણાં... | ૧૪૬ |

# ૧. લોકગીતનું સ્વરૂપ

વિશ્વનો કોઈ પ્રદેશ કે કોઈ જાતિ એવી નહીં હોય કે જેને પોતાનું લોકસાહિત્ય ન હોય. લોકસાહિત્યમાં કથ્ય અને ગેય બન્ને સ્વરૂપો પ્રચલિત છે. એમાંયે ગેય સ્વરૂપ ઘણું પ્રચલિત છે. ગેયસ્વરૂપમાં લોકગીત તો ખૂબ જ પ્રચલિત અને લોકભોગ્ય બનેલું સ્વરૂપ છે. આદિમાનવમાંથી ધીમે ધીમે સંસ્કૃત અને સભ્ય બનેલી માનવજાતિએ પોતાના હૈયાની ભાવોર્મિઓ વ્યક્ત કરવા સૌ પ્રથમ ઉદ્‌ગારરૂપે-ધ્વનિરૂપે અને પછી શાબ્દિકરૂપે ભાવાનુભૂતિ રજૂ કરી હશે. ઉત્ક્રાંતિના ઉષરકાળથી લોકજીવન પ્રકૃતિની ગોદમાં વિકસ્યું છે. પ્રકૃતિના સંગે ઊછરતી આ માનવજાતિ સામાજિક જીવન જીવતી થઈ. આમ, જિવાતા જીવનમાં અનેકવિધ બાબતોએ એમને ઘડ્યો છે. તેણે પોતાના હર્ષના કે શોકના, પ્રણય કે પ્રકૃતિના, આધ્યાત્મિક કે ચિંતનના, શૌર્ય કે અદ્‌ભુત પ્રસંગના - અનેક ભાવોને પોત-પોતાની રીતે લોકસાહિત્યમાં વણ્યાં છે.

લોકસાહિત્ય મુખ્યત્વે જિવાતા જીવનની મૌખિક પરંપરા



પેઢી-દર-પેઢી વહેતું રહે છે. તેમાં લોકો ઈચ્છિત ફેરફાર કરીને રજૂ કરે છે. એમાં કોઈ એક જ વ્યક્તિના કતૃત્વની છાપ જોવા મળતી નથી.

**❀ લોકગીતની વ્યાખ્યા ❀**

લોકસાહિત્યનું સૌથી લોકપ્રિય સ્વરૂપ લોકગીત આજે પણ આમ સમુદાયને સ્પર્શે છે. કારણ કે, તેમાં લોકસમુદાયનું સીધું જ પ્રતિબિંબ ઝિલાતું રહે છે. લોકગીત મુખ્યત્વે કંઠોપકંઠ, પેઢી-દર-પેઢી તેની તળપદી-બોલીમાં વહેતું રહે છે. લોકગીતમાં લોકકલ્પના પ્રમાણેના સરળ અને સહજ અલંકારો પણ ગુંથાય છે.

લોકગીતોની લાક્ષણિકતા અને વ્યાખ્યા વિશ્વભરમાં અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, ઈટાલી તેમજ ભારતીય ભાષાઓના વિદ્વાનોએ આપવાનો પ્રયાસ કર્યો છે. ભારતીય ભાષામાં ડૉ. સત્યેન્દ્ર, ડૉ. રામનરેશ ત્રિપાઠી, સૂર્ય-કિરણજા, નરોત્તમદાસ, દિનકર, વાસુદેવ શરણ, ડૉ. ચંદ્રજૈન, ગુજરાતીમાં ઝવેરચંદ મેઘાણી, પુષ્કર ચંદરવાકર, ડૉ. નરેશ વેદ, શ્રી ખોડીદાસ પરમાર, શ્રી ધીરુભાઈ ઠાકર, ડૉ. હરિવલ્લભ ભામાણી, ડૉ. હસુભાઈ યાજ્ઞિક, શ્રી કનુભાઈ જાની, શ્રી રણજીતરામ મહેતા, શ્રી જયમલ્લ પરમાર, ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ, પ્રિ. નરોત્તમ પલાણ, શ્રી ભગવાનદાસ પટેલ - આદિ વિદ્વાનોએ તેની વ્યાખ્યા અને લાક્ષણિકતાઓ આપવાનો પ્રયાસ કર્યો છે.

The New Encyclopedia Britanica - Vol.4 માં આ પ્રમાણે નોંધવામાં આવ્યું છે.

"Folk Song is typically a song that lives in oral tradition, is learned through hearing rather than reading and is dissminated within families and restricted social networks." (page-861)

ઉપરોકત વ્યાખ્યામાં લોકગીતને મુખ્ય પરંપરામાં પેઢી-દર-પેઢી વહેતું સ્વરૂપ ગણવામાં આવ્યું છે. તેમાં આખા લોકસમુદાયનું પ્રતિબિંબ ઝિલાતુ હોય છે. લોકગીત એ લોકપરંપરામાંથી જ આવે છે. એનો રચયિતા કોઈ ચોક્કસ વ્યક્તિ હોય જ નહીં. લોકગીત એ માનવસમુદાયની સાહજિક અને મૂલ્યવાન આત્મીય જણસ છે.

'લોકસાહિત્યવિજ્ઞાન' માં ડૉ. સત્યેન્દ્ર લોકગીત વિશે નોંધે છે :

''मानव की उपलब्धियां में गीत का महत्वपूर्ण स्थान है। सम्भवतः आदिमानवने वाणी का प्रथम दर्शन गीत के रुप में ही किया था । जितना गीत मानव के स्वाभाविक स्पंदनो के संबद्ध है उतना वाणी का कोई और रुप नहीं है ।''

ડૉ. સત્યેન્દ્ર માનવસમુદાયની વાણીના પ્રથમદર્શન લોકગીતમાં કરે છે. જે માનવનાં સ્વાભાવિક સ્પંદનોને અભિવ્યક્ત કરે છે. ડૉ. સત્યેન્દ્રના મતમુજબ લોકગીત માનવસમુદાયની



મૂલ્યવાન જણસ છે. માનવસમુદાયની ભાવાભિવ્યક્તિ જેટલી લોકગીતમાં વણાઈ છે એટલું સમર્થ અન્ય કોઈ સ્વરૂપ નથી. એવો સ્પષ્ટ મત ધરાવે છે.

'ગુજરાતી વિશ્વકોશ'માં શ્રી ધીરુભાઈ ઠાકર લોકગીતની વ્યાખ્યા આપતા કહે છે :

"…. જે રચનાઓ વિશ્વના મોટાભાગના બધા જ પ્રદેશોમાં એમાં વસતી જાતિ કે જાતિઓ દ્વારા ગવાતી હોય છે અને જેમનો કોઈ એક રચયિતા નિશ્ચિત કરી શકાતો નથી…. તેવી રચનાઓ લોકગીતો કહેવામાં આવે છે… આવી રચનાઓ કંઠપ્રવાહમાં વહેતી રહે છે અને તેમાં જાતિ-જ્ઞાતિ-પ્રદેશ-પ્રસંગ અને સમય પ્રમાણે પરિવર્તન થતા રહે છે. એનો પ્રાણ કે આત્મા લોકતત્ત્વ છે. એ સરલ અને તરલ હોય છે. એ આત્મલક્ષી નહિ, પરંતુ સર્વસ્પર્શી હોય છે. લોકોને એમાં પોતાનો ભાવોચ્છ્વાસ ને નાડીનો ધબકાર અનુભવાય છે. એના ઢાળ મધુર, સ્પર્શવાની શક્તિ હોય છે. એનું માળખું પણ નિશ્ચિત પ્રકારનું પરંપરાગત હોય છે. જેથી એક વખત સાંભળતાંની સાથે જ એ યાદ રહી જાય છે." (પૃ. ૧૪૭)

આમ જોવા જઈએ તો 'ગુજરાતી વિશ્વકોશ'માં

આપવામાં આવેલી વ્યાખ્યા લગભગ સંપૂર્ણ કહી શકાય એવી છે :

લોકગુર્જરી અંક-૧૮ માં ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટે આપેલી લોકગીતની વ્યાખ્યા ઘણી નોંધનીય છે :

"…. લોકવાણીનું એક વિશિષ્ટ સ્વરૂપ એ લોકગીત છે. લોકગીત એ સમાજનું પ્રતિબિંબ પાડે છે. એમાં તળપદ-બોલીનો ઉપયોગ થાય છે. એ કંઠોપકંઠે, પેઢી-દર પેઢી ઊતરી આવે છે. તેની લયગૂંથણી યાદ રહી જાય તેવી હોય છે. તેમાં વપરાતા શબ્દો જાણીતા અને સ્મૃતિસહાયક તથા પરંપરાગત હોય છે. લયપૂરકોનો એ ઉપયોગ કરે છે.

લોકગીત એ જે તે સમાજની સંઘાનુભૂતિ અને સમાજ સંવેદનાને વ્યક્ત કરે છે. સરળ, આછા, સમાજ સુલભ અલંકારો અને અનેક મુખે રહેલું હોવાથી અનેક પાઠો દર્શાવે છે. લોકગીતમાં પ્રગટ કર્તા નથી એટલે કે કર્તા નામ વિનાનું હોય છે. મોટેભાગે લોકજીવનના પ્રસંગને અનુરૂપ આનંદ આપવા માટે એ અભિવ્યક્ત થતું હોય છે. સુગમ, સરળ અને સુગેય પદ્યાત્મક મૌલિક રસોદ્ગાર ન રહેતાં એ સમગ્ર સમાજની રસમ બની જાય



છે. લોકગીત એ વૈયક્તિક નહિ, સંઘોર્મિ પ્રગટ કરે છે. સીધી વાત સરળતાથી સોંસરવી અને લાઘવથી રજૂ કરે છે." (પૃ. ૭૮)

શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટની લોકગીતની વ્યાખ્યા ઘણી નોંધનીય બને છે. લોકગીત એ પ્રકૃતિમાંથી અને જિવાતા માનવજીવનમાંથી જન્મ્યું હોવાથી લોકોનાં કંઠમાં એ શબ્દદેહે પાકયું ગણાય. તે લોકસમુદાય દ્વારા જીવે છે. તે લોકો માટે જ સર્જાય છે અને લોકો થકી જ કંઠોપકંઠ-પેઢી-દરપેઢી વહેતું રહે છે. લોકગીતોમાં મહદ્અંશે તળપદો પરિવેશ, તળપદી બોલીમાં રજૂ થતો હોવાથી જે-તે પ્રદેશના બોલી-સંસ્કાર, જનસમુદાયની સરળતા, માનવભાવો સાહજિકરૂપે જ અનાયાસે પ્રગટતાં હોય છે.

## ❁ લોકગીતની લાક્ષણિકતાઓ ❁

વિવિધ વ્યાખ્યાઓના આધારે આપણે નીચે મુજબ લાક્ષણિકતાઓ દર્શાવી શકીએ.

### ૧. તેમાં વૈયક્તિક કતૃત્વની છાપ નથી હોતી.

ઘણીવાર લોકગીતનો કર્તા અજ્ઞાત હોય છે એમ કહેવામાં આવે છે ત્યારે ઘણી વખત એવો કોઈ અર્થ કરી બેસે કે, મધ્યકાળ કે સંસ્કૃત પરંપરાઓમાં પણ ઘણી શિષ્ટસાહિત્યની કૃતિનો કર્તા અજ્ઞાત હોય છે. તેમાં તેની વૈયક્તિકતા તો છે જ પણ જાણી જોઈને તે પોતાનું નામ જણાવતો નથી.

અહીં લોકગીતનો કર્તા અજ્ઞાત હોય છે એ અર્થમાં નથી. લોકગીતનો તો કોઈ કર્તા જ નિશ્ચિત હોતો નથી. કયું લોકગીત કોણ રજૂ કર્યુ તે આપણે ચોક્કસ કહી શકીએ. એનો રચયિતા તો લોક જ છે પણ, જ્યારે એ કોઈ ભાવાનુભૂતિ લોકગીતમાં પ્રગટ કરે છે ત્યાર પછી એમાં પોતાની માલિકીનો હક-દાવો દાખવતો નથી. લોકસમુદાય પણ એનો સહજ સ્વીકાર કરી તેમાં પોતાના તરફથી પણ સુધારા-વધારા-ઉમેરણ કરીને પોતીકી રીતે વ્યક્ત કરે છે. એક વાત અત્રે નોંધવી જ રહી કે, કોઈ એક વ્યક્તિ દ્વારા ગવાતી રચના લોકસમુદાયમાં એટલી બધી રસીભૂત થઈ જાય છે કે તે પછી આખા સમુદાયની આગવી ઓળખ બની જાય છે. એમ કહી શકાય કે, તે વ્યક્તિમાંથી પ્રગટી સમષ્ટિમાં વિહરવા લાગે છે. લોકગીતનો રચયિતા તેમાં પોતાનું નામ જોડતો નથી. આથી લોકગીત મુખ્યત્વે મૌખિક પરંપરામાંથી જન્મે છે અને વહે છે. કોઈ લોકગીત એટલું બધું લોકપ્રિય પણ બને કે સ્થળ-કાળના સીમાડા વટાવીને આખા પ્રદેશમાં પ્રસાર પામે છે જુઓ કેટલાક લોકપ્રિય લોકગીતોની પંક્તિઓ :

"ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ,
ચાંદો ઊગ્યો ચોકમાં,
હે લેરીડા હરણ્યું આથમી રે
હાલાર શેરમાં અરજણિયા."

કે પછી -



"સાવ રે સોનાનું મારું દાતરડું રે લોલ.
હીરનો બાંધિયો હાથ, મુઝા વાલમજી લોલ,
હવે નંઈ જાઉં રે વીડી વાઢવા રે લોલ."

અથવા તો -

"વનમાં ચાંદલિયો ઊગ્યો રે
કે સાયબા, મને સૂરજ થૈ આવ્યો."

કે -

"મેંદી તે વાવી માળવે, એનો રંગ ગયો ગુજરાત રે,
મેંદી રંગ લાગ્યો."

### ૨. તેના અનેક પાઠભેદ હોઈ શકે.

લોકગીત કંઠોપકંઠ પેઢી-દરપેઢી પરંપરાગત જળવાતું-વહેતું સ્વરૂપ છે. તેમાં કોઈ એક વ્યક્તિ, સમૂહ કે જાતિની જ માલિકી હોતો નથી. લોકગીત કંઠોપકંઠ પરંપરામાં વહેતું-ગવાતું હોવાથી તેના અનેક પાઠભેદ હોઈ શકે. લોકગીતનો કયો પાઠ સાચો એવું આપણે સ્પષ્ટ કહી શકીએ નહીં. લોકગીતને કોઈ એક જાતિના કે પ્રદેશના સીમાડાના બંધન લાગું પડતાં નથી. આથી એક પ્રદેશમાં જુદી રીતે જુદાં શબ્દોમાં પણ ગવાતું હોઈ શકે. લોકગીતના તમામ પાઠભેદો સ્વીકાર્ય છે. આપણે ત્યાં ગુજરાતીમાં એક કહેવત છે - "બાર ગાઉએ બોલી બદલાય" લોકગીત એ પરિવર્તનશીલ છે. તેમાં સ્થળ-કાળ પ્રમાણે પરિવર્તન પણ શકય છે. પચાસ-સો વર્ષ પહેલાં

ગવાતું લોકગીત આજે જરા જુદાં શબ્દોમાં ગવાતું હોઈ તો પણ કોઈ વિદ્વાન એનો ઈનકાર ન કરી શકે.

ટૂંકમાં, લોકગીતમાં પાઠભેદ સ્વીકાર્ય છે. લોકસમુદાય પોતાના સમાજ, જ્ઞાતિ, વર્ગ, વર્ણ, પ્રમાણે એમાં ફેરફાર કરી શકે છે. દા.ત.

(પ્રથમ રીત) "આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે,
ઝીણા ઝરમર વરસે મેહ,
ગુલાબી, નંઈ રે જાવા દઉં ચાકરી રે."

(બીજી રીત) "આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે,
ઝરમર ઝરમર વરસે મેહ
ગુલાબી, કેમ કરી જાશો ચાકરી રે."

(ત્રીજી રીત) "આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે
ઝીણા ઝરમર વરસે મેહ
ગુલાબી, આજ, નંઈ જાવા દઉ નોકરી રે!"

લોકગીતો સાસુ, સસરા, જેઠ-જેઠાણી, દિયર-દેરાણી, નણંદ-વગેરેના નામો પણ ઉલટ-સલટ આવી શકે છે. એના પણ અનેક પાઠભેદ હોઈ શકે છે.

### ૩. તે કંઠોપકંઠ વહેતું રહે છે

લોકસાહિત્ય મુખ્યત્વે મૌખિક પરંપરામાંથી જ જન્મેલું સ્વરૂપ છે. લોકસાહિત્યમાં કથ્ય અને ગેય બન્ને રૂપો પ્રચલિત



છે. લોકગીત ગેયસ્વરૂપ છે. એ એક કંઠથી બીજા કંઠે, એમ કંઠોપકંઠ ગવાતું રહે છે. લોકગીતની રચના કોઈ સંપાદક તેને લિપિબદ્ધ કરી એ પછીની પ્રક્રિયા છે. લોકગીત સૌ પ્રથમ વખત કાગળમાં લખાતું નથી કે રચાતું નથી. તે કંઠોપકંઠ જ મૌખિક પરંપરામાં આગળ વધે છે. આજે જે પ્રચાર-પ્રસાર માધ્યમના સાધનો ઉપલબ્ધ છે. એવા સાધનો શતાબ્દિઓ પહેલાં ઉપલબ્ધ ન હતાં. આજે પણ લોકગીત તો કંઠોપકંઠ જ વહેતું રહે છે. આમ, કંઠોપકંઠ વહન એ લોકગીતની એક લાક્ષણિકતા બને છે.

### ૪. તે પરિવર્તનશીલ છે

લોકસાહિત્ય એ કંઠોપકંઠ મૌખિક રીતે કથાતું-ગવાતું શાબ્દિક સ્વરૂપ છે. લોકગીત પણ એ જ લાક્ષણિકતા ધરાવતું સ્વરૂપ છે. લોકગીત મુખ્યત્વ પરિવર્તનશીલ અને પ્રવાહી સ્વરૂપ છે. એમાં રહેલું પરિવર્તન તેને દીર્ઘ સમયકાળ સુધી જે-તે અવસ્થામાં જ કે રૂપમાં જાળવી રાખતું નથી. તેમાં જાતિ, સમુદાય, સ્થળ, કાળ, પ્રમાણે પરિવર્તન આવ્યા કરે છે. વર્ષો પૂર્વે મળતું લોકગીત આજે એ જ સ્વરૂપે મળે એ જરૂરી નથી. લોકગીતને ક્યારેય ખાબોચિયા જેવું બંધિયારપણું ફાવતું નથી. તે નિરંતર કંઠોપકંઠ વહ્યા કરતું હોવાથી તેમાં ફેરફારને પૂરેપૂરો અવકાશ છે. લોકગીત નદી જેમ સતત વહેતું રહે છે. વાદળોની જેમ તેનું સ્વરૂપ બદલતું રહે છે. એટલે તેને વ્યાખ્યાબદ્ધ કરવું

કઠિન છે. આજે લોકગીતોમાં આધુનિક ટેકનોલોજી પણ વણાઈ આવે છે. ભોજનમાં લાપસી, લાડુ, શિરોની જગ્યાએ ગુલાબજાંબુ, ઈડલી-ઢોસા, ચાઈનીઝ વાનગી, ઈટાલીયન વાનગી પણ તેમાં આવે તો તેનો અસ્વીકાર કરી શકાય નહીં. ઘણીવાર વિવિધ વિદ્વાનો આધુનિક સંસ્કૃતિથી એટલા બધા વિચલિત થયા હોય કે, તે લોકસમુદાયની રચનાઓમાં આધુનિકતાનો સ્વીકાર કરતાં નથી. આપણે યાદ રાખવું જોઈએ કે, લોકસાહિત્ય એ જિવાતા જીવનને પણ રજૂ કરે છે. તો લોકગીતમાં એ આધુનિકતાનો સંસ્પર્શ થાય તો તેને બાકાત ગણી શકાય નહીં. દા.ત. લગ્નગીતોમાં અગાવ - "મારો વીરો રેડિયો વગાડે". એવી ટૂંક આવતી આજે મોબાઈલ, આઈપેડ વગાડે તો એના પ્રત્યે સૂગ દાખવી શકાય ખરી? એકાદ સદી પહેલા આપણે ભગવાનને છપ્પનભોગ ધરાવતાં હતાં, તેમાં રબડી, બાસુંદી, કાજુ-કતરી, રસગુલ્લા, ચાઈનીઝ ભેળ, દાબેલી, વડા કે પછી રસમલાઈ મૂકવામાં આવે તો તેનો અસ્વીકાર ભગવાન કઈ રીતે કરી શકે?

ટૂંકમાં, લોકગીતમાં જમાને જમાને જુદાં-જુદાં પરિવર્તનો આવે છે. તેમાં જાતિ, સ્થળ, કાળ બદલાય તેવા નવા નવા પરિવર્તનો અને સ્વરૂપો સ્વીકાર્ય જ ગણવા પડે. આમ, લોકગીત એ પરિવર્તનશીલ છે. એ એમની એક મહત્ત્વની લાક્ષણિકતા જ ગણાય.



## ૫. તેમાં સંઘમિર્ઓનું ગાન હોય છે.

લોકગીત એ વ્યક્તિગત માનસના કતૃત્વની કોઈ કૃતિ નથી. લોકગીતમાં કોઈ વ્યક્તિ જ્યારે પોતાની ભાવાનુભૂતિ આલેખે છે તે સમાજ સ્વીકારે છે, ત્યારે તેમાં વ્યક્તિગતભાવ એ રીતે સાધારણીકરણ પામ્યો હોય છે કે તે લોકગીત પછી કોઈ વ્યક્તિનું જ બની ન રહેતા આખા સમુદાયનું બની જાય છે. એમ કહેવું હોય તો કહી શકાય કે, લોકગીત વ્યક્તિમાં પ્રગટી સમષ્ટિમાં વિહરે છે. લોકગીતમાં કોઈ પણ વ્યક્તિ અપેક્ષિત ફેરફાર કરી શકે છે. દરેક સમુદાય પોતાના રીત-રિવાજો, માન્યતાઓ, શ્રદ્ધા-અંધશ્રદ્ધાના ખ્યાલો આદિ બાબતોને ઉચિત રીતે ગુંથે છે. આમ, લોકગીત આખા સમુદાયની રચના બની જાય છે. એમાં પ્રસ્તુત થતી ઊર્મિઓ વ્યક્તિગત નહીં પણ સંઘર્મિઓ તરીકે જ પ્રતિબિંબ થાય છે. દા.ત. કોઈ એક મુગ્ધાવસ્થામાં વિહરતી નારીના મુગ્ધકરભાવો આ ગીતમાં લાગે છે વ્યક્તિગત પણ તેમાં દરેક મુગ્ધાઓના હૈયાના ભાવોનું આલેખન થાય છે.

"મારે ટોડલે બેઠો રે, મોર કાં બોલે,
મારા હૈયાં હારોહાર, મારાં દલડાં લે'રા લે'ર,
જનાવર જીવતા, ઝાલ્યા રે મોર કાં બોલે."

કે પછી -

"હાં કે રાજ રે...
વાવડીના પાણી ભરવા ગ્યા'તા,

મને કેર કાંટો વાગ્યો.
મને કેર કાંટો વાગ્યો.''

અથવા તો -

''હાલો માનવીયું મેળે,
મેળામાં મારો મનનો માનેલ છે.
ઈ રે મેળામાં મારા દલનો માનેલ છે.''

ટૂંકમાં, લોકગીતમાં સંધર્મિઓનું ગાન કેન્દ્રસ્થાને હોય છે. એમાં કોઈ વ્યક્તિગત કતૃત્વ હોતું નથી. લોકગીતમાં રહેલાં આત્મલક્ષીભાવોમાં પણ આખા સમુદાયનું સાચકલું પ્રતિબિંબ પ્રગટતું હોય છે.

## ૬. તેમાં લોકકલ્પનાનો હિલ્લોળ હોય છે

આજે શિષ્ટ સાહિત્યમાં કલાના વિવિધ તત્ત્વોમાં છંદ, અલંકાર, પ્રતીક, કલ્પન, મીથ - વગેરે અભિનિવેશપૂર્વક પ્રયોજાતા હોય છે. લોકગીતમાં લોકકલ્પનાનો હિલ્લોળ જોવા મળે છે. લોકગીતોમાં ભારેખમ આલંકારિક ભાષા કે વિદ્વતાભરી શૈલી સ્વીકાર્ય નથી. કારણ કે, લોક પાસે એની સજ્જતા છે કે કેમ? એ એક પ્રશ્ન છે. લોકગીતોમાં તો લોક પોતે જ એવી લોકકલ્પનાઓ યોજે છે જે લોકભોગ્ય અને લોકપ્રચલિત હોય. લોકગીતમાં માનવમનના ભાવોનું આલેખન આછા છતાં, સુરેખ, સજીવ લાગે એવા અલંકારોમાં સ્વાભાવિક રીતે જ ગુંથાતા હોય છે. લોકગીતોમાં કેન્દ્રવર્તીભાવ, વિચાર અને કલ્પનાનું



લાઘવ અર્થ અને ભાવસૌંદર્ય નિષ્પન્ન કરાવે છે. દા.ત.

''આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદીયુ રે, સાહેલી મારા સપનામાં''

કે પછી -

''સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયા,
લીલો છે રંગનો છોડ, રંગમાં રોળ્યા, વાલમિયા!''

અથવા તો -

''સૂરજ ઊગ્યો રે
કેવડિયાની ફણશે કે વાણલા ભલે વાયા''

કે -

''કોયલ બેઠી આંબલિયાની ડાળ,
મોરલિયો બેઠો રે ગઢને કાંગરે
હોશીલા વીરા તમે કોયલને ઉડાડો આપણે દેશ!''

લોકગીતમાં અલંકારો સુલભ અને સહજ હોય છે. જે માનવસમુદાયને હાથવગાં હોય છે.

## ૭. તે સરળ, સુગમ અને લયવાહી હોય છે

લોકગીત રચના લોકોને યાદ રહી જાય છે તેની પાછળનું જો કોઈ કારણ હોય તો તે સુગેય રચના છે. તેનો પાઠ મોટેભાગે લોકબોલીમાં હોય છે. તેમાં ગેયતાને કારણ દરેક વ્યક્તિને સરળતાથી યાદ રહી જાય છે. તેમાં તળપદજનની લોકલઢણો, વિવિધ ઢાળ, આરોહ-અવરોહ, આગવી હલકમાં રજૂ થતાં

હોવાથી તેમાં રહેલું ગેયત્વ માનવ સમુદાયને તેમાં ખેંચી જાય છે. લોકગીતની ભાષા સરળ, સુગમ અને લયાત્મક હોય છે. તેમાં આવતા પ્રાસાનુપ્રાસ પણ લોકનિર્મિત જ હોય છે. તો તેમાં આવતા લટકણિયાઓ - પ્રાસપૂરકો પણ તેને વધુ લોકપ્રિય અને લોકભોગ્ય બનાવે છે. કોઈપણ લોકગીતમાં 'માણારાજ' 'હે જીરે', 'જી' 'રે', 'હોજી', 'હોંકે', 'હોરે', 'બાયુ', 'હો રાજ'- વગેરે પ્રાસપૂરકો ઘણાં જ આસ્વાદ્યક્ષમ બને છે. જોકે, આવા પ્રાસપૂરકોનો કોઈ અર્થ ભલે ન હોય તો પણ એ લોકગીતને લયાત્મકરૂપ બક્ષી લોકપ્રિય બનાવે છે.

ટૂંકમાં, લોકગીત તળપદી બોલીમાં, તળપદાં લોકલયમાં રજૂ થતું હોવાથી એ ઘણું કર્ણપ્રિય બને છે. આમ, લોકગીત સરળ, સુગમ અને લયાત્મક હોય છે.

### ૮. તે અનાયાસ અને સ્વાભાવિક છે

લોકગીત એક યત્નવિનાનું કલાવિધાન છે. લોકગીતની રચના કોઈપણ જાતના સભાન પ્રયાસ વિના અનાયાસ થાય છે. માનવજીવન એકધારી ઘટનાઓ કે જીવન પદ્ધતિથી થાકે છે. તે વિવિધ ભાવો-આવેગો અનુભવે છે ત્યારે કોઈ ભાવ એના હૈયામાં એવા તો જાગી ઊઠે કે તે શબ્દ દ્વારા વ્યક્ત થવા લાગે છે. લોકગીતના મૂળ માનવમનની ભીતર પડેલાં હોય છે જે સંજોગો-પરિસ્થિતિ કે સમયાનુકૂળ જાગી ઊઠે છે. લોકગીતમાં સભાનતાપૂર્વકનો કોઈ ઉપક્રમ જોવો ન મળતો હોવાથી તે



સ્વાભાવિક રીતે જ પ્રગટે છે. કોઈ કામ-પ્રસંગ-ઘટના પ્રમાણે લોકના કંઠમાંથી સહજતાથી ભાવોર્મિઓ પ્રગટ થવા લાગે છે. દા.ત. પાણીડાં ભરતી મુગ્ધાના મુખેથી સરી પડે :

"મારો સોનાનો ઘડૂલો રે,
આ પાણીડાં છલકે છે"

શરદપૂનમ જેવી રાત હોય તો કોઈ યુવતીના મુખેથી આવી પંક્તિઓ સરી પડે.

"વનમાં ચાંદલિયો ઊગ્યો રે...
હો રાજ મને સૂરજ થૈ લાગ્યો રે."

ટૂંકમાં, લોકગીતમાં વણાતા ભાવો એ સહજ રીતે જ લોકગીતમાં વણાતાં હોય છે. અહીં કોઈ જાતનો આડંબર કે અભિનિવેશપૂર્વકનો પ્રયાસ કરવામાં આવતો નથી. એટલે લોકગીત સહજ અને સ્વાભાવિક ગણાયા છે.

### ૯. તેમાં કલાવિધાન અનિવાર્ય નથી

લોકગીત મુખ્યત્વે સંઘોર્મિગીત છે. તેનો કોઈ ચોક્કસ કવિ કે સર્જક હોતો નથી. તેનો સર્જક સ્વયમ્ લોકસમુદાય છે. વળી, લોકગીત સહજ અને અનાયાસે યત્નવિના જ રચાતું સ્વરૂપ છે. આથી તેમાં સાહિત્યિક માપદંડોની અપેક્ષા રાખવામાં ન આવે એ સ્વાભાવિક છે. તેનો રચયિતા લોક હોવાને કારણે તે તેમાં માત્ર પોતાની ભાવાનુભૂતિને જ આલેખે છે. તે સભાનતાપૂર્વક છંદ, અલંકાર, પ્રતીક, રૂપક, મીથ, કલ્પન -

વગર પ્રયોજતો નથી તેના અલંકારો-રૂપકો પણ લોકમાનસને રુચે એવા હોય છે. તેના અંલકારો-રૂપકો પણ લોકમાનસની લોકકલ્પનામાંથી સહજ રીતે પ્રગટે છે. તે મોટેભાગે જાણીતા અને લોકપરંપરામાં વારંવાર પ્રચલીત હોય એવા હોય છે. છતાં, લોકગીતમાં જો ઉત્કટ કલાતત્ત્વના દર્શન થાય તો તે પણ અનાયાસે જ ગુંથાયેલું હોય છે. ઘણાં એવાં ઉત્તમ લોકગીતો પ્રાપ્ત થાય છે જેમાં કલાકીય માપદંડોની ઉચ્ચકક્ષાની જાળવણી અને ગૂંથણી થયેલી હોઈ શકે. પણ અત્રે ખાસ નોંધવું રહ્યું કે, આપણે લોકગીત પાસે કલાતત્ત્વની અપેક્ષાએ જઈ શકીએ નહીં. કેટલાક ઉત્તમ કાવ્યાત્મકતાના દર્શન કરાવે એ જુદી વાત છે જુઓ આવાં કેટલાંક ઉદાહરણ...

"સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફણશે
કે વહાણલાં ભલે વાયા!"

"લવીંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો,
ફૂલ કેરા દડૂડિયે, સીતાએ વેર વાળ્યાં જો."

"મોર તારે સોનાની ચાંચ,
મોર તારે રૂપાની પાંખ,
સોનાની ચાંચે રે મોર મોતી ચરવાને જાય!"



"લટકે હાલે રે વરની મોજડી રે
ચટકે હાલે રે ઘરની જાન"

### ૧૦. તેમાં બોધ કે ઉપદેશ નહિવત હોય છે

લોકગીતમાં મુગ્ધ નિર્વ્યાજતા અને નૈસર્ગિકતાનું તત્ત્વ સવિશેષ હોય છે. લોકો પોતાના વિવિધ ભાવોને સહજ અને સરળતાથી તેમાં અભિવ્યકત કરે છે. લોકગીતમાં સીધો ઉપદેશ કે બોધતત્ત્વ આવે જ નહીં એવુંયે નથી પણ લોક સીધી જ રીતે ઉપદેશ કે બોધને સ્વીકાર્ય ગણતા નથી આથી જો લોકગીત ભારઝલ્લો ઉપદેશ કે બોધ પ્રધાનતા ભોગવે તો તે લોકમાનસ સહજ રીતે સ્વીકારતા નથી. કયારેક બોધ કે ઉપદેશ સીધી કે આડકતરી રીતે ગુંથાઈને આવી શકે ખરાં. આપણી સંતવાણી ભજનો, પદ, ધોળ, ગરબી-ગરબી વગેરેમાં કયાંક આ તત્ત્વ અવશ્ય જોવા મળે છે. પણ લોકસાહિત્યમાં મુખ્યત્વ બોધ કે ઉપદેશને જ કેન્દ્રમાં રાખીને બહુ ઓછાં લોકગીતો રચાયા છે. કાકાસાહેબ જેવા વિદ્વાન પણ લોકસાહિત્યને 'નૈસર્ગિક સાહિત્ય' ગણાવે છે. ટૂંકમાં, લોકગીતમાં ઉપદેશ કે બોધનું તત્ત્વ વિશેષ પ્રમાણમાં કળાતું નથી એ પણ લોકગીતની એક વિશેષતા બની રહી છે.

### ૧૧. વિષયનું અપારવૈવિધ્ય જોવા મળે છે.

લોકગીતમાં જિવાતા જીવનનું-માનવસમુદાયનું પ્રતિબિંબ પડે છે. એ અર્થમાં જોઈએ તો માનવજીવન તો ખૂબ

જ વિશાળ છે. તેમાં હર્ષ-શોકના, વિરહ-મિલનના, ગમા-અણગમાના, શ્રદ્ધા-અંધશ્રદ્ધાના, માન્યતાના, રીત-રિવાજોના, પ્રકૃતિના, જીવ-જંતુ સૃષ્ટિના, સાંસારિક જીવનના, શૌર્ય-અદ્‌ભુતના - એમ અનેકવિધ ભાવો પડેલાં છે. સામે પરમેશ્વરે સર્જેલી અનુપમ સૃષ્ટિ છે તેના અનેકરૂપો માનવજીવનને સ્પર્શે છે. લોકજીવન સાથે સંકળાયેલી અનેક બાબતો લોકગીતનો વિષય બને છે.

ટૂંકમાં, એમ કહી શકાય કે લોકગીતનો વિષય અમર્યાદિત અને વિશાળ છે. તેમાં વિષયનું અપારવૈવિધ્ય કળાય છે.

## ૧૨. ઉપસંહાર

લોકસાહિત્યના એક પ્રકાર તરીકે લોકગીત ખૂબ જ પ્રચલિત અને લોકભાગ્ય સ્વરૂપ છે. તેમાં માનવસમુદાયના અનેકવિધ ભાવો અનાયાસે ગુંથાતા રહે છે. ઝવેરચંદ મેઘાણી કહે છે તેમ :

> “લોકસાહિત્ય એ બોલાતી જનવાણીનો નિચોડ છે. સાહિત્યવાણીને વારંવાર લોકવાણીએ પોતાના મેઘજળ પિવડાવીને વહેતી રાખી છે”



## ❀ લોકગીતનાં પ્રકારો ❀

વિશ્વની દરેક પ્રજા-સમુદાયને પોતીકાં લોકગીતો છે. જે મૌખિક પરંપરામાં કંઠોપકંઠ પેઢી-દરપેઢી શાબ્દિકરૂપમાં વહેતું રહે છે. લોકગીત પરિવર્તનશીલ છે. તેમાં લોકોને પોતાનો ભાવોચ્છ્‌વાસ સંભળાય છે. લોકગીતમાં લોકો પોતાના વિવિધભાવોને સ્વાભાવિકરૂપમાં આદિ બાબતો તેને લોકપ્રિય બનાવે છે. લોકજીવન સાથે જોડાયેલી તમામ બાબતો લોકગીતમાં સહજ રીતે પ્રગટે છે. લોકગીતના પ્રકારો નીચે મુજબ છે.

### ૧. હાલરડાં / બાળગીતો

હાલરડાં એ મુખ્યત્વે બાળઅવસ્થાનાં લોકગીતો છે. હાલરડાં એ પરંપરાગત રીતે વિશિષ્ટ લઢણમાં પ્રલંબલયે ગવાતું સ્વરૂપ છે. એ આપણી સંસ્કૃતિ સાથે પણ જોડાયેલાં છે. હાલરડાંમાં મુખ્યત્વે નવજાત શિશુ-નાના બાળકને પોઢાડવાનો ખ્યાલ રહેલો છે. નાના બાળકને ઊંઘાડવા મા-દાદી-બહેન વગેરે પ્રલંબલયમાં આરોહ-અવરોહ સાથે આગવી હલકમાં ગાય છે. પોતાના વહાલસોયા બાળકને પારણામાં પોઢાડવા કે ઝુલાવવા મા, દાદી કે બહેન હિંચોળો છે - ઝુલાવે છે ત્યારે બાળક કદાચ પોતાના પરિચિતનો અવાજ અને હાલરડાંમાંથી નિષ્પન્ન થતા લય, આરોહ-અવરોહને કારણે શાંતિનો અનુભવ કરે છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વિચારીએ તો બાળક પોતાના

પરિચિતોના અવાજને સાંભળીને ભયમુક્ત બની જતું હશે અથવા તો એમાંથી પ્રગટતા સૂરની મીઠાશમાં લીન થઈ જતું હશે અને ધીરે ધીરે ગાઢ નિંદ્રામાં સરી પડતું હશે. હાલરડાંમાં એક પ્રકારનું સંમોહન રહેલું હોય છે. આ સંમોહન ભાષિક હોય છે. હાલરડાં લયાત્મક રીતે તાલબદ્ધ ગવાતા હોય છે. તેમાં માત્ર લય જ મહત્ત્વનો નથી પણ તેમાં આવતી બાળક વિશેની વાતો પણ બાળક સમજતું થાય ત્યારે એ પણ મહત્ત્વની બની જાય છે. બાળકને એમાં પોતાના નામના ઉચ્ચારો સાંભળવા મળે છે.

બાળક જ્યાં સુધી ઊંઘી જતું નથી ત્યાં સુધી હાલરડાંનો દોર ચાલુ રહે છે. હાલરડાંમાં આવતી વાત્સલ્યની મીઠાશ બાળકને આનંદ આપે છે. હાલરડાંમાં પણ વિષયવૈવિધ્ય આવે છે. હાલરડાંમાં પોતાના કુળ, ગોત્ર, ભગવાન, શૂરવીર, દાનવીર, કર્મવીર પાત્રોના નામની સાથે બાળકનું નામ પણ ગૂંથવામાં આવે છે. હાલરડાંમાં કૌટુંબિક સંસ્કારો, સામાજિક સંસ્કારો કે ધાર્મિક સંસ્કારોનું પણ સિફતપૂર્વક ગૂંથન થતું જોવા મળે છે. ઉચ્ચ આદર્શવાળા પાત્રોની વિશેષતા ગુણદર્શન પણ સરળતાથી ગવાતા હોય છે. આ દૃષ્ટિએ તો હાલરડાં સંસ્કાર ગુંથનનું કર્તવ્ય પણ બજાવે છે. બાળકને ગમતાં હાથી, ઘોડા વગેરેને પણ ટૂંકી ટૂંકમાં હાલરડાંમાં ગવાય છે.

દા.ત. “ઝૂલ હાથીડાં ઝૂલ,<br>
તારી ઝૂલમાં કમળફૂલ”



કે પછી -

“કૂદ ઘોડા કૂદ<br>
તારી નળિયામાં છે દૂધ.”

કયારેક હાલરડાંમાં બહેન, મા, દાદી, માસી, દાદા, ભાઈ-બાપુજી-વગેરેનાં નામ પણ ગુંથાઈને કંઈક અલગ જ અર્થ નિષ્પન્ન કરાવે છે કે જે જિવાતા જીવનના સંદર્ભે હોય. દા.ત.

“હાલ, વાલને ગોરી, રાતો ચૂડલો માસીનો,<br>
માસી ગયા છે માળવે, ભાઈ પગલા રે જાળવે.”

બહેન જ્યારે પોતાના વીરને ઊંઘાડતી હોય ત્યારે તેના કંઠમાંથી ભાઈ પ્રશસ્તિના સૂર સહજ રીતે વહે છે.

“સૂઈ જા વીર સૂઈજા, બાલુડા વીર સૂઈજા,<br>
કોડીલા વીર સૂઈજા, હોંશિલા વીર સૂઈ જા,<br>
તને રામજી રમાડે સૂઈજા,<br>
તને સીતાજી રમાડે સૂઈજા.”

કે પછી -

“સાવ રે સોનાનું મારું પારણીયું ને ઘૂઘરીનો ઘમકાર,<br>
ચારે પાયે ચાર પૂતળીયું, ને મોરવાયે બે મોર.”

માના હૃદયમાંથી ઊપડેલ ઊર્મિ કંઠ, જીભ અને હોઠ દ્વારા ગવાતાં હાલરડાંના સૂર, એના તાલ, એના શબ્દો, તેમાં રહેલું માધુર્ય - આદિ બાળકના હૃદયને સ્પર્શે છે. જે સમાજમાં માતા જીવે છે તેના સુખ-દુઃખ-હર્ષ-શોક, આકાંક્ષા કે લાલચા હાલરડાંમાં અનાયાસે વ્યકત થાય છે. પોતાના

બાળકને આવતી તમામ બાધાઓથી રક્ષવાની માની ઝંખના જાગૃત્ત થઈને સુખદ કલ્પના દ્વારા બાળકને આનંદ અર્પે છે. જુઓ માતાના ઉદ્‌ગારો :

"ભાઈ મારો ગોરો
કેડે સોનાનો કંદોરો,
કંદોરે જડાવું હીરા,
ભાઈને લક્ષ્મણ સરખા વીરા."

કે પછી -

"પોઢો ને મારા હરિ હાલો વાલો!
મળવાને આવશે વ્રજ તણી બાળા,
તે તો રે લાવશે ફૂલડાંની માળા,
તું તો તારા બાપને બહુ વા'લો
પોઢોને મારા હરિ હાલો વાલો."

અથવા તો -

"બેન તો મારી રેવા,
બેનનો મોટે ઘેર કરજો રે વિવા,
ફૂલની વાડી વેડાવું
મોટા ઘરની જાન રે તેડાવું.
હાલો હાલો!"

બહેનના કંઠે પણ નાના-ભાઈભાંડુનાં હાલરડાં હૃદયગંમ બને છેઃ

"હાલો રે હાલા, ભાઈને હીંચકા બોલવાલા,
ભાઈ તો અટાદર, મોજડી પે'રે પટાદારા,



મોજડીઓ ઉપર મોગરા, ભાઈને રમાડે રાજાના છોકરા."

કે પછી -

"સૂઈજા રે સૂઈજા, મારા બાલુડા વીર સૂઈજા!
તારે ગોઠણિયે ગણપતિની રક્ષા, બાલુડા વીર સૂઈજા!
તારે માથે સોમનાથની રક્ષા, બાલુડા વીર સૂઈજા."

ગુજરાતના અમુક હાલરડાં તો આજે લગભગ રાષ્ટ્રીય સ્તરે ઓળખ પામી છે. ખાસ કરીને ટી.વી. સિરિયલોમાં જ્યાં ગુજરાતી કુટુંબની કથા હોય ત્યાં બાળકનો જન્મ થાય ત્યારે તેને પારણે ઝુલાવતા આ હાલરડું - બાળગીત અવશ્ય ગવાય છે.

"તમે મારા દેવના દીધેલ છો,
તમે મારા માની લીધેલ છો;
આવ્યા ત્યારે અમર થઈને રિયો."

હાલરડાંમાં કૃષિજીવન-ગોપજીવનને પણ વણી લેવામાં આવે છે. ભારતીય લોકજીવનમાં કૃષ્ણનાં બાળપણને તો ખૂબ જ મહત્ત્વ મળ્યું છે. હાલરડાંમાં કૃષ્ણ-કનૈયાના નામની સાથે બાળકનું નામ ગુંથીને કૃષ્ણના ગુણગાન કરવામાં આવે છે.

હાલરડાંમાં વિષયનું પણ વૈવિધ્ય જોવા મળે છે. બાળકની દરેક ક્રિયા બાળકને આનંદ મળે તે રીતે જોડી દેવામાં આવે છે. બાળકને ઊંઘાડવા માટે જ હાલરડાં છે એવું નથી જગાડવા માટે પણ હાલરડાં પ્રાપ્ત થાય છે. હાલરડાંમાં

શૈશવાનંદનું ચિત્ર છે. ઉચ્ચ પ્રકારના આદર્શવાળાં હાલરડાં બાળકમાં સંસ્કારનું ઘડતર કરે છે.

## ૨. ગોરમાનાં ગીતો

ગોરમાનાં ગીતો એ ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે. ભારતીય સંસ્કૃતિમાં એવી ઘણી પ્રણાલિકાઓ-પરંપરાઓ છે કે, જેનાથી માનવીમાં સંસ્કારનું સિંચન થાય છે. ગોરમાનાં વ્રત નાની બાળાઓ કરે છે. પાંચથી દશ વર્ષની નાની બાળાઓ પાંચ વર્ષ સુધી દર આષાઢ મહિનામાં પાંચ દિવસ સુધી કરે છે ત્યારે કન્યાઓના ચિત્તમાં સાત્ત્વિક સંસ્કારોનો અભિષેક થાય છે. ગોરમાનાં વ્રત કરવા પાછળનું કારણ ખૂબ જાણીતું છે. "શિવપુરાણ"માં પાર્વતીજીએ ભગવાન શિવને પામવા માટે આ વ્રત કર્યું હતું. આથી કન્યાઓ પોતાને સારો વર પ્રાપ્ત થાય એ હેતુથી આ વ્રત કરે છે. નાની બાળાઓ-કુમારિકાઓ આ વ્રત દ્વારા પોતાના સંયમને સિદ્ધ કરી, પોતાના મનોરથને પામવા આ અનુષ્ઠાન કરે છે.

ગ્રામસમાજ કે લોકસમુદાયમાં ગોરમાનાં વ્રતોનું ખાસ્સુ મહત્ત્વ છે. ઘણીવાર તો એને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે પણ જોડી દેવામાં આવે છે. ચોમાસામાં આપણી પાચનક્રિયા ઘણી મંદ પડી જાય છે. "લૂણ" એટલે મીઠું. એ પચવા સૌથી ભારે તત્ત્વ માનવામાં આવે છે. આથી જ આ વ્રતને "અલૂણાવ્રત" પણ કહેવામાં આવે છે. વળી, કન્યાઓ-કુમારિકાઓમાં જરૂરી



ખનિજતત્ત્વો ઓછાં ન થઈ જાય તે માટે કાજુ, બદામ, દ્રાક્ષ, અખરોટ, અંજીર, ખજૂર - જેવા સૂકામેવા પણ ખવડાવવામાં આવે છે. જોકે, લોકસમુદાયમાં આ ખાસ મહત્ત્વનું ન હોવા છતાં આવું અર્થઘટન સાવ ખોટું છે એવું પણ કહી શકાય નહીં.

ગોરમાનાં ગીતોમાં કૌટુંબિક, સામાજિક, અને સાંસ્કૃતિક ચિત્રણ પણ જોવા મળે છે. તેમાં સંયુકત કુટુંબની વિભાવના પણ જોવા મળે છે. આવાં ગીતોમાં પતિપરાયણતા, પતિવ્રતાના આદર્શો પણ વણાયેલા હોય છે. પાંચ દિવસ સુધી વ્રત કરનારી કુમારિકાઓ નદીકિનારે, ગામને પાદરે કે ગામ વચ્ચે આવેલા શિવમંદિરે જાય ત્યારે ગીતગાતી ગાતી જતી હોય છે. વ્રતના પાંચમા દિવસે જાગરણ કરવામાં આવે છે. છેલ્લાં દિવસે વહેલી સવારે કુમારિકાઓ કુંડામાં ઊગાડેલા જવારા, પૂજાની સામગ્રી નદીમાં પધરાવવા જાય છે ત્યારે પણ ગોરમાનાં ગીતો ગાતી હોય છે જેમ કે -

"ગોરમાનો વર કેસરિયો, નદીએ ન્હાવા જાય રે ગોરમા,
વાંકી તે ચૂંકી પાઘડીને છાંયડો કરતો જાય રે ગોરમા,
જરિયમ જામો પહેર્યો ને ઠસઠસ કરતો જાય રે ગોરમા."

ગોરમાના ગીતોમાં સંયુકત કુટુંબની વિભાવના પણ પ્રગટે છે. દરેક કુમારિકાને ખબર છે કે, તે મોટી થતાં તેને પોતાના પિતાનું ઘર છોડી સાસરિયામાં જવાનું છે. આથી ત્યાં પોતે કઈ રીતે સમાયોજન સાધી શકશે? પોતાના માટે કયો વર જોઈએ?

એટલું જ નથી માંગતી પણ અને કેવું કુટુંબ જોઈએ છે તેની માગણી ગોરમા પાસે કરતાં ગાય છે :

“ગોરમા, ગોરમા, સસરો દેજો સુવાદિયો
તમે મારી ગોરમા છો.
ગોરમા, ગોરમા, સાસુ દેજો ભુખાળવી
તમે મારી ગોરમા છો.
ગોરમા, ગોરમા, કંથ દેજો કહાગરો,
તમે મારી ગોરમા છો.
ગોરમા, ગોરમા, દેરાણી-જેઠાણીના જોડલા રે
તમે મારી ગોરમા છો.
ગોરમા, ગોરમા, ભગરી ભેંસના દુઝણાં
તમે મારી ગોરમા છો.”

આમ, ગોરમાનાં ગીતોમાં આપણે સંયુક્ત કુટુંબની વિભાવના જોવા મળે છે. ગામડા ગામમાં આજે પણ સંયુક્ત કુટુંબ સાવ મૃતઃપ્રાય અવસ્થામાં તો નથી જ. ગૌરીપૂજાનાં વ્રત નિમિત્તે ગવાતાં ગીતોમાં ગૃહજીવનનો પરિચય, સામાજિક વ્યવહારનાં સંબંધો, કૌટુંબિક સભ્યોની વિશેષતા, સાંસારિક ગૃહજીવન - વગેરે વિશેની સમજણ પણ પ્રાપ્ત થાય છે.

### ૩. ખાયણાં

દક્ષિણ ગુજરાતનાં લોકગીતોમાં ‘ખાયણાં’ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. દક્ષિણ ગુજરાતમાં ગવાતાં ખાયણાં



ખાસ કરીને ધાન્ય ખાંડતી વખતે ગાવામાં આવે છે. કંકણ રણકાવતાં બે હાથ વડે કે સામસામે બેસીને ખાંડતી બે સ્ત્રીઓના મુખ ઉપર બે-ત્રણ કે ચાર પંક્તિઓના હૃદયોર્મિઓને વ્યક્ત કરે છે. સૌરાષ્ટ્રમાં જેમ બે પંક્તિઓના દુહાઓ છે તેમ દક્ષિણ ગુજરાતમાં ખાયણાં પણ લઘુ પ્રકાર છે.

મોટેભાગે ખાયણાં શ્રમગીતોનો એક ભાગ ગણતાં હોઈ. ખાંડતી વખતે કે હીંચતી વખતે બહેનો ગાય છે. સૌરાષ્ટ્રમાં લગ્નપ્રસંગે બન્ને પક્ષે નવાં જોડકણાં બનાવીને ગાવાનો રિવાજ છે, એમ આ ખાયણાં બહેનો લગ્નપ્રસંગે પોતાના હર્ષ અને થાકને ઉતારવાના સાધન તરીકે ગણે છે. ખાયણાં મહદ્અંશે સંતાપના - આંતરતાપના સ્વરો પ્રગટાવનારા હોય છે એમ ઝવેરચંદ મેઘાણીએ નોંધ્યું છે. મોટેભાગે આડે દિવસે આવા ખાયણાંઓ ખાસ ગવાતા નથી. અનાજ ખાંડતી વખતે ઉપરાંત, વિવાહ કે સીમંત જેવા પ્રસંગોએ ખાંડતી વખતે ખાયણાંઓ ગવાતા હોય છે. આવા પ્રસંગે સાથે સાથે અંતકડી રમતી બહેનો પણ ખાયણાંનો ઉપયોગ કરે છે. એ દૃષ્ટિએ બહેનોના હૈયામાંથી વહેતાં આ ખાયણાં સાચું ‘લોકધન’ કહેવાય.

ખાયણાંમાં સામાજિક અને સાંસ્કૃતિક પ્રતિબિંબ જોડાયેલું હોય છે. બે’ક ઉદાહરણ જુઓઃ

“સોનાનું તરભાણું, ને માંય મંડાવું મણી,
સંધ્યા કરશે ધણી, કે નાની વહુ તણા.”

"ભર્યા સમંદરમાં, નાનાભાઈ અંગોળે,
બાબરીઓ ખંગોળે કે મણ મણ કીડા ખરે."

"માર તે ઘરમાં દરિયા જેવડા ડેલા
સાસુજી સમતોલ, કે મીઠડા લાગતાં"

"પૂનમનો ચંદ્ર છે રાતો ને રઢિયાળો,
નારીનો જનમ ઓશિયાળો, કે આ સંસારમાં"

"સુખમાં સાંભરે સોની, દુઃખમાં સાંભરે રામ,
દામમાં સૌ ગુલામ, કે આ સંસારમાં"

ખાયણાંમાં જિવાતા જીવનનું પ્રતિબિંબ અનાયાસે વણાઈ આવે છે. સુખ અને દુઃખ બન્નેનું ખાયણામાં આલેખન થતું રહે છે. જુઓ :

"શ્રાવણ આવેને વરસે છે સરવડિયાં,
પિયરથી પરવરિયાં કે બેની ગયાં સાસરે"

"આ રે જગતમાં એક મોટી ખાંડ,
સરખે સરખી જોડ, કે મળવી દોહાલી."



"દળું બાજરી ને થાય ઘંટીનો ઘુઘવાટો,
સાસુ નણંદનો સુસવાટો, કે વેઠવો દોહાલો."

જીવન-સંસારના ગંભીર ભાવોની સાથે હાસ્ય-વિનોદના ભાવો પણ ખાયણાંમાં ગુંથાતાં જોવા મળે છે જુઓ બે'ક ઉદાહરણ :

"ખાણીયા, માણીયા સદાએ સોહામણાં,
એકને અળખામણાં કે ભાભીજી બોબડાં."

"દરજીડા, તું ચોળી સીવને તસતસતી,
રેખા વોળ બડબડતી, કે ચોળી પહેરશે."

"મારી તે વેવાણ, ચાવે છે ઘણાં પાન,
વેવાઈ વેઠે છે રાન, કે લાકડા કાપતાં."

## ૪. લગ્નગીતો

માનવજીવનમાં જન્મ, લગ્ન અને મરણ એ ત્રણ મહત્ત્વના પ્રસંગો છે. આર્યસંસ્કૃતિમાં લગ્નને પવિત્રબંધન માનવામાં આવે છે. આર્યસંસ્કૃતિના સોળ સંસ્કારોમાંનો એ એક મહત્ત્વનો સંસ્કાર છે. ઋગ્વેદમાં તો સ્ત્રીને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે.

"હે કુમારી! સંતાનોત્પત્તિઆદિ પ્રયોજનસિદ્ધિને માટે

તારો હાથ ગ્રહણ કરું છું. અર્થાત્ તારી સાથે વિવાહ કરું છું. પ્રતિજ્ઞાપૂર્વક, પરસ્પર ધર્મપૂર્વક આનંદ ભોગવીએ. ઐશ્વર્યસંપન્ન વ્યવસ્થાપૂર્વક ન્યાયકર્તા સર્વ જગદુત્પાદક સર્વ જગતને ધારણ કરનાર પરમેશ્વરે મારી સાથે ગૃહસ્થાશ્રમના કાર્યને માટે તારો વિવાહ કર્યો છે."

તો વળી કહેવામાં આવ્યું છે કે -

''सखायौ सप्तपदावमूव सख्यं ते -

मेयं सख्याते मा योषं सख्यान्मे या योष्ठा ।''

અર્થાત્ : સાત પગલાં ભરીને આપણે સખા થયા છીએ. હું તારું સાખ્ય (સખાપણું) પ્રાપ્ત કરું. તારા સાખ્યથી હું નિયુક્ત ના થાઉં. મારા સાખ્યથી તું વિયુક્ત ન થા.

લગ્ન તો સંસારનું મહાકાવ્ય છે. ભારતીય સંસ્કૃતિમાં તો એ જન્મોજન્મનું બંધન ગણવામાં આવ્યું છે. 'વિવાહ' શબ્દ વિ+વહુ ધાતુ પરથી બન્યો છે. એનો અર્થ થાય - "પત્નીનો સ્વીકાર" અથવા 'તે માટેની પ્રવૃત્તિ'. "કન્યાને તેના પિતૃગૃહેથી આદરપૂર્વક લઈ જવી તે."

હિન્દુધર્મમાં આઠ પ્રકારનાં લગ્ન દર્શાવવામાં આવ્યા છે. 'બોધાયનધર્મસૂત્ર'માં લગ્નના આઠ પ્રકારના નામ આપવામાં આવ્યાં છે. જેમાં (૧) દેવલગ્ન (૨) ગાંધર્વલગ્ન (૩) બ્રાહ્મલગ્ન (૪) રાક્ષસલગ્ન (૫) પૈશાચલગ્ન (૬) પ્રાજાપત્યલગ્ન (૭) આર્ષલગ્ન (૮) આસુરલગ્ન. આપણે આ બધા પ્રકારોની



માથાકૂટમાં નહીં પડીએ, પણ આ બધા જ પ્રકારના લગ્નો ધર્મયુક્ત અને શાસ્ત્રોક્ત માનવામાં આવ્યાં છે.

લગ્ન સંસ્કાર તો માંગલિક વિધિ ગણવામાં આવે છે. હિન્દુધર્મમાં લગ્નપ્રસંગ એક ગૌરવશાળી, સાંસ્કૃતિક વારસો જાળવતી, ઉત્તમ સામાજિક ઘટના છે. લગ્નએ ઉત્સવનું મહાપર્વ જેવું અનુષ્ઠાન છે. તેમાં આનંદ અને હર્ષનો કિલ્લોલ ગુંજે છે. લગ્નનિર્ધારણથી છેક કન્યાવિદાય સુધીના પ્રસંગોમાં અનેક ક્રિયાઓ-રીત-રિવાજ અનુસારના પ્રસંગો નિમિત્તે લગ્નગીત ગાવામાં આવે છે. તેની ચર્ચા નીચે મુજબ કરી શકાય.

લગ્નપૂર્વ સગાઈ-વેવિશાળનાં ગીતો પણ લગ્નગીતોમાં જ સમાવેશ કરવામાં આવે છે. તેમાં વેવાઈની પસંદગીનાં ગીત, ગોળ ખાવાનાં ગીત, ચૂંદડી ઓઢાડવાનાં ગીત, વર-કન્યાની પસંદગીનાં ગીત- વગેરેનો સમાવેશ કરી શકાય.

લગ્નપ્રસંગે ગવાતા ગીતોમાં ગણેશ સ્થાપન, રાંદલ સ્થાપન, ગોત્રનિવેદ, કુળદેવી સ્થાપન, ગોરાણીનાં ગીત, લગ્ન વધાવવાનાં ગીતો, ચાક વધાવવાનાં ગીતો, લગ્ન દીવડાનાં ગીતો, સાંજીનાં ગીતો, જાનપ્રસ્થાનનાં ગીતો, જાન માર્ગે વિસામાનાં ગીતો, સામૈયાનાં ગીતો, તાંતણ બાંધવાનાં ગીતો, પાઘડી બાંધવાનાં ગીતો, વરને મળવાનાં ગીતો, કન્યાને મળવાનાં ગીતો, જાનને ઊતારાનાં ગીતો, વરવધામણીનાં ગીતો, ચૂંદડી-ઘરેણાં આપવાનાં ગીતો, વરયાત્રાનાં ગીતો, પોખણાંના ગીતો, મગ છાંટવાનાં ગીતો, વર સત્કાર અને જાન સત્કારનાં ગીતો,

કન્યાના મંડપમાં આગમનના ગીતો, પુરોહિતનાં ગીતો, છેડાછેડી બાંધવાનાં ગીતો, મીંઢોળ બાંધવાનાં ગીતો, કન્યાદાન પ્રસંગનાં ગીતો, મંગળાષ્ટકનાં ગીતો, હસ્તમેળાપનાં ગીતો, વરમાળા પહેરાવવાનાં ગીતો, જવતલ હોમવાનાં ગીતો, કંસારનાં ગીતો, મંગળફેરાનાં ગીતો, મંગળસૂત્ર પહેરાવવાનાં ગીતો, સેંથો પૂરવાનાં ગીતો, ફૂલડે વધાવવાનાં ગીતો, છેડાછેડી છોડવાનાં ગીતો, નાના બાળકને ખોળામાં લેવાનાં ગીતો, સૌભાગ્ય અને આશિર્વચનના ગીતો, વરવધૂને શુભેચ્છા આપવાનાં ગીતો, ભોજન સમારંભના ગીતો, માથું ગૂંથવાનાં ગીતો, મામેરાંનાં ગીતો, માંડવો ભરવાનાં ગીતો, કન્યાવિદાયનાં ગીતો, જાન ઉઘલાવવાનાં ગીતો, જાનની આગતા-સ્વાગતા માટે વેવાઈનો આભાર માનતા ગીતો, જાન લગ્ન પછી વર ઘરે આવ્યે પોખણાંનાં ગીતો, નવી વહુનાં સ્વાગતનાં ગીતો, કુળદેવ-દેવીની પાસે મીંઢોળ છોડવાનાં ગીતો, નિવેદનાં ગીતો, કોડી રમવાનાં ગીતો, લગ્ન પછી આણાંનાં ગીતો- એમ અનેક પ્રસંગો નિમિત્તે વિવિધ પ્રકારનાં લગ્નગીતો ગવાય છે.

લગ્નગીતોના કેટલાક પ્રસંગોના ગીતો નીચે મુજબ છે.

### ❁ સાંજીનાં લગ્નગીતો ❁

સાંજીનાં લગ્નગીતો લગ્નનાં વિવિધ પ્રસંગો નિમિત્તે ગવાતાં લગ્નગીતોમાં સૌથી વધારે પ્રમાણમાં મળે છે. લગ્ન લેવાય ત્યારથી માંડીને જાન જાય ત્યાં સુધી સાત-આઠ કે દસ-



બાર દિવસ સુધી વર અને વધૂ બન્નેના ઘરે દરરોજ રાત્રે સગા-સંબંધીઓ ભેળાં થઈને જાનની પૂર્વ તૈયારી કરે છે અને દરરોજ લગ્નગીતોની રમઝટ બોલાવે છે. સાંજીનાં ગીતો હકીકતમાં તો લગ્ન ઉત્સવપૂર્વેનાં માંગલિક ગીતો છે. સાંજીનાં ગીતોનાં ઢાળ, ઢંગ અને વિષયસામગ્રી ભારે નિરાળીને નોખી હોય છે. સાંજીનાં ગીતો મુખ્યત્વે લાંબા ઢાળે ગવાતાં કર્ણપ્રિય ગીતો છે.

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સાંજીનાં ગીતો ગાવાની પ્રથા છે. કેટલાક સાંજીનાં ગીતો તો મધુર ને કર્ણપ્રિય હોય છે. સાંજીનાં ગીતનો ઉપાડ ધીમા રાગે થાય છે. ત્યારબાદ તેમાં લયની ચડ-ઊતર થતી હોય છે. કયારેક તો એ ચલતીને ઢાળ પણ પકડી લે છે. સાંજીનાં ગીતમાં વર-વહુના કુળ, ગોત્ર, તેના પરિવારની વિશેષતાઓ, વર-વહુની ખાસિયતો, રીત-રિવાજો, કુળ-ગોત્રની પરંપરાઓ વગેરે દર્શાવવામાં આવે છે. તેમાં લગ્ન માટેનો ઉત્સાહ અને થનગનાટ પણ વણાય છે. સૌ પ્રથમ તો વર કે કન્યા ઓશરી કે ઓરડામાં બેસે ત્યારે ગજાનન-ગણપતિની સ્થાપના કરવામાં આવે છે. તેનાં ગીતો ખૂબ જાણીતા બન્યા છે.

"પરથમ ગણેશ બેસાડો રે મારા ગણેશ ગુંદાળા,
ગણેશ ગુંદાળાં ને મોટી ફાંદાળાં."

કે પછી -

"ઓરડિયો લીંપાવો, ઓંશરિયું લીંપાવો
પરથમ ગણેશજી બેસાડો,
પાછલી રે પછી તે માંડ્યા ગણેશજી."

અથવા તો -

"આલા લીલા વાંહની તે વાંસળી રે,
કઈ બાઈએ વધાવ્યાં ગણેશ."

સાંજીનાં ગીતો કંઠોપકંઠ જીવંત રહેલા છે. તેમાં આગવી કલા, સંસ્કાર, સંસ્કૃતિ, લોકપરિવેશ- વગેરેને વાચા મળે છે. સાંજીનાં ગીતોમાં લોકસમુદાયનું પ્રતિબિંબ પ્રગટતું હોય છે.

સાંજીનાં ગીતોમાં ઘણીવાર વર-વહુને પ્રતીકાત્મકરૂપે ગુંથી લાંબી હલકથી સ્રીઓ ગાતી હોય છે.

"સોનાની સાંજીને રૂપાના મોર વહા રે,
ઊડ રે પાખાળાં ભમરા નોતરે રે!"

કન્યા પક્ષના સ્રીઓ આ પ્રમાણે સાંજીનાં ગીત ગાય છે :

"ઊંચા ઊંચા બંગલા રે ચણાવો
એથી ઊંચા રે ગઢના કાંગરા,
ગઢ રે ચડી બેનના દાદા જુએ,
કન્યા ગોરી ને રાઈવર શામળા."

કે પછી વેવાઈની હવે પછી ખબર પડશે, તે ભાવ આલેખતું આવું ગીત ગવાય છે.

"દરિયે ઝૂલે છે સ્ટીમર, વા'ણ
વેવાઈના વા'ણ દરિયે ઝૂલે છે.



નાથ મામા કે'છે અમને વાલા ગૌરીબેન,
વા'લા હશે તો હારલો લઈ આવશે,
હારલાની હવે ખબર પડશે,
વેવાઈના વા'ણ દરિયે ઝૂલે છે."

તો વર પણ વરરાજાના વખાણ કરતા ગાય છે :

"મેડીએ ચડીને વા'લો રેડિયો વગાડે,
રેડિયાના સૂર સૂરીલા વગાડે વીરો રેડિયો."

અથવા તો -

"હું તમને પૂછું મારા વીરા રે હરેશભાઈ
આવડાં તે લાડ તમને કોનીએ લડાવ્યાં,
દાદા સાંગાભાઈ ને દાદી કલુબેન,
આવડાં તે લાડ અમને એનીએ લડાવ્યાં."

સાંજીનાં ગીતમાં પ્રચલિત માન્યતાઓ, રુઢિ-રીત-રિવાજ વગેરેનું ભાવાત્મક આલેખન થતું હોય છે. આ ગીતોમાં કુટુંબજીવનની સુખ-સમૃદ્ધિનું ચિત્ર પણ ઉપસી આવે છે. જુઓ :

"સોનાની સાંજીને રૂપાના મોર વાસ્યા રે,
ઊડ રે પાંખાળા સુડલા નોતરે."

"સાવ રે સોનાનું પોપટ પાંજરું જાય રે રાધાજીને ભેટ
અજવાળો વહુઅર દીવડો."

## ❀ પીઠી ચોળવાનાં ગીતો ❀

ભારતીય લગ્નપરંપરામાં પીઠી ચોળવાનું ઘણું મહત્ત્વ છે. હળદરને દૂધ-મલાઈમાં મેળવીને વર-કન્યાના આખા શરીર પર તેનો લેપ કરવામાં આવે છે. જેથી એના શરીરનો વાન (રંગ) ઉઘડે છે. વળી- આખા શરીર પર લગાડવાને કારણે હળદર એન્ટીસેપ્ટીકના ગુણ ધરાવતી હોવાથી વર-વધુને કોઈ પ્રકારની એલર્જી કે સામાન્ય વાઈરસ સ્પર્શી ન શકે એવા હેતો પણ હોઈ શકે. જાનના એકાદ-બે દિવસ અગાઉ પીઠી ચોળવાનો મહિમા છે. ત્યારે પણ સુંદર લગ્નગીતો ગવાય છે. તેમાં વર-કન્યાના દેહસૌન્દર્યને પણ ગુંથી લેવામાં આવે છે. સૌરાષ્ટ્રના ઘણાં વિસ્તારમાં તો મંડપમુહૂર્ત પણ આ સમયે કરવામાં આવે છે. સ્ત્રીઓ પીઠી ચોળવાનાં ગીતો આ રીતે ગાય છે :

"પીઠી ચોળે, પીઠી ચોળે પીતરાણી,
હાથ-પગ ચોળે રે વરની ભાભી રે"

કે પછી -

"પીઠી ચોળો પીઠી રે પાતળિયા
પીઠી ચોળે પીઠી રે વરની ભાભી,
પાકા તેલ મારે કયા તે ભાઈને સોહે,
કાચા તેલ મારે કયા તે વોવને સોહ."

અથવા

"ઘાણી પીલે ઘાડી રે ઘોઘા ઘાણી રે
હાથ પગ ચોળે રે વીરની ભાભી રે



મુખડા નિહાળે રે વરની માડી રે."

કે - "પીઠી પીઠી કરજો રે પીઠીઆરી
ઊના પાણી કરજો રે એની ભાભી,
હાથ પગ ધોઈજો રે એની માડી,
પીઠી પીઠી કરજો રે પીઠીઆરી."

પીઠી ચોળવાના પ્રસંગથી ખરેખર જાનૈયા-માનૈયાઓ લગ્નના ઉત્સાહમાં આવી જાય છે. લગ્નનો ઉત્સાહ અહીંથી ખૂબ જ વધી જાય છે.

## ❀ મંડપ રોપણનાં ગીતો ❀

માંડવામાં માણેકસ્થંભ રોપવાની ક્રિયા હજુ ઘણી જગ્યાએ ચાલુ છે. ખાસ કરીને દીકરીના બાપ જાનને સાચવવા અને લગ્ન કરાવવામાં કોઈ કચાશ રાખતાં નથી. માંડવો સરસ રીતે શણગારવામાં આવે છે. ઘણીવાર મંડપા રોપણમાં દીકરીનો બાપ પોતાનો વૈભવ પ્રદર્શિત કરતો હોય છે. સાજન-માજન માંડવો જોઈને આભા જ બની જાય એવી પણ કંઈક આકાંક્ષા રહેતી હોય છે. જાન આવવાની હોય તે એકાદ-બે દિવસ પહેલા મંડપરોપણ કરવામાં આવે છે. આ પ્રસંગે ગવાતાં ગીતોમાં પણ માનવજીવનમાં પ્રગટતી રસિકતાનું દર્શન થાય છે. જુઓ કેટલાક મંડપરોપણનાં ગીતો :

"ઊંચો મંડપ મોગરે રચાવો, મેં તો કોડે પગરણ માંડિયારે,
મંડપમાં જાજમ પથરાવો, મેં તો કોડે પગરણ માંડિયા રે."

"આજ મારો માંડવડો ભરીયેલો ગાજે રે,
ભરીયેલો ગાજે ને નોબત વાગે રે."

"બેનીનો માંડવ સવરસિયારો,
સવરસ ફૂલડે છાયો રે."

"સોનાની સળિયે માંડવો,
રૂપાની સળિયે માંડવો
માંડવડે કોઈ મળ્યા રે મોરાર
છપ્પન કરોડ રે જાદવ મળ્યાં."

કે પછી વરપક્ષની જાનડીઓ મંડપ જોઈને આ પ્રમાણે ગાય છેઃ

"બાર હો વીઘામાં લાડીના માંડવડાં રોપાવ્યા,
તેર હો વીઘામાં મારા વીરની જાનું રે
હો જારી હુમરા, રાયવર તો માંડવડે આવ્યાં."

### ❀ હસ્ત મેળાપનાં ગીત ❀

લગ્નમાં આવતા અનેક પ્રસંગોમાં હસ્તમેળાપનો પ્રસંગ ખૂબ જ મહત્ત્વનો હોય છે. સાજન-માજનની સાથે માંયરામાં બેઠેલા વર અને કન્યા પ્રથમ વખત એકબીજાનો સ્પર્શ કરે છે. ગોર મહારાજ 'સાવધાન' હસ્તમેળાપનો સમય થઈ ગયો છે. તરત જ આખા મંડપમાં શાંતિ થઈ જાય છે જ્યારે કન્યા પોતાનો જમણો હાથ વરના જમણા હાથમાં મૂકે છે. ઘણી



જગ્યાએ માતાપિતા કન્યાનો હાથ વરના હાથમાં મૂકે છે. તો કયાંક પંડિત-મહારાજએ કાર્ય કરે છે. કયાંક વર-કન્યા-ગોર-મહારાજના આદેશ પ્રમાણે અગ્નિની સાક્ષીએ, સાજન-માજનની સાક્ષીએ, શાસ્ત્રોક્ત વિધિ-વિધાન પ્રમાણે વર-કન્યા પોત-પોતાનો જમણો હાથ બહાર કાઢીને મેળાપ કરે છે. આમ, હસ્તમેળાપ ઉપર રૂમાલ ઢાંકી દેવામાં આવે છે. વર-કન્યા પ્રથમ સ્પર્શનો રોમાંસ અનુભવે છે. તરત જ ઢોલ-શરણાઈ કે પડઘમ વાગવા લાગે છે. સ્ત્રીઓ ગીત ગાવા લાગે છે :

"ઢોલ ઢમકયાંને વરવહુના હાથ મળ્યાં,
જેવા શંકર-પાર્વતીના હાથ મળ્યાં."

હેતે કન્યાનો હાથ જાલ્યો વરરાજા,
ઉત્તમ કુળની છે કન્યા વરરાજા.

"ઈન્દ્ર-ઈન્દ્રાણીનું જોડું વરરાજા,
આ રે કન્યાનો હાથ પકડો વરરાજા."

### ❀ કન્યા વિદાયનાં ગીતો ❀

કન્યાવિદાયના પ્રસંગમાં કરુણરસભર્યા ગીતો ગવાય છે. લગ્નવિધિ પૂર્ણ થયા પછી કન્યાવિદાયનું ટાણું આવે છે ત્યારે અત્યાર સુધી જે ઉલ્લાસનો માહોલ જોવા મળતો હતો તેમાં કરુણતાના સ્પંદનો જાગી ઊઠે છે. કન્યાને તૈયાર કર્યા

પછી તે પોતાના માતા-પિતા, ભાઈ-બહેન, સૌ સ્વજનોને મળે છે ત્યારે પોક મૂકીને આખા માહોલને હીબકે ચડાવે છે. એ ગીતોમાં વહેતા કરુણ-ગંભીર સૂર ભલ-ભલાની આંખો ભીની કરાવી દે છે. કન્યાવિદાયનાં ગીતોમાં જીવનનું સત્ય, પરંપરા, બન્ને કુટુંબમાં કન્યાને સમતલ રહેવાની શિખામણ, વખાણ, શુભેચ્છા વગેરે વ્યક્ત થતી હોય છે :

"ઘરમાંથી નીકળો, નાની વોવ હો લાડી,
હાલો અમારો દાદાજીના આંગણાં સોહાવો."
કે "અમે ઈડરિયો ગઢ જીત્યા રે આનંદભયો,
અમે દીકરીને પરણાવી ઊઠ્યાં રે આનંદભયો."

"આવી રૂડી આંબલિયાની ડાળ, હીંચકો રે મેલી હાલ્યા,
માણારાજ..."
દાદા મોરાં દેવું હોય તે દે જો અમારે જાવું સાસરે રે,
માણારાજ..."

"દાદાને આંગણે આંબલો,
આંબલો ઘેર ગંભીર જો
એક તો પાન મેં ચુંટીયું
દાદા મ દેજો ગાળ જો,
દાદા! અમે તે વનની ચરકલડી



ઊડી જાશું પરદેશ જો."

"આ દશ આ દશ પીપળો, આ દશ દાદાના ખેતર,
દાદા... ભાઈ વળામણા, દીકરી ડાહ્યા થઈ રે'જો."

આ ઉપરાંત, વિવિધ પ્રસંગોએ ગવાતાં ગીતો ટૂંકમાં નીચે મુજબ છે :

**❁ કંકોતરી લખવાનું ગીત ❁**

"કેસર છાંટીને લખીએ કંકોતરી,
એમાં લખીએ ગણપતિજીનાં નામ
અખંડ સૌભાગ્યવતી"

**❁ ગણેશ બેસાડવાનું ગીત ❁**

"પરથમ ગણેશ બેસાડો મારા ગણેશ ગુંદાળા,
ગણેશ ગુંદાળા ને મોટી ફાંદાળા"

**❁ ઉકરડી નોતરવાનું ગીત ❁**

"ઉકરડી નોંતરતાં વનમાળી રે,
જડિયો રે સોનાનો ખૂંટો, ગુજરમાળી રે."

**❁ જાન પ્રસ્થાનનું ગીત ❁**

"મોટર ઊભી વાડીના વડ હેઠ
હવે હરેશભાઈ કોની જુઓ વાટ,
હજી જોઉં મારા દાદાજીની વાટ.."

## ❁ ગ્રહશાંતિનું ગીત ❁

"સરસ્વત સ્વામીને વીનવું, ગણપત લાગું પાય,
કંથજી કહું એક વાતલડી, ફૂલોનો કંચળો સીવડાવ."

## ❁ વરપોખણાંનું ગીત ❁

"સીતાને તોરણ રામ પધાર્યા"
કે પછી - "વરને પોંખવાને સાસુ આવિયા રે."

## ❁ માંયરાનું ગીત ❁

"નાણાવટી રે સાજન બેઠું માંડવે,
લાખોપતિ રે સાજન બેઠું માંડવે."

## ❁ મંગળફેરાનું ગીત ❁

"પેલું પેલું મંગળિયું વરતાય રે,
પેલે મંગળ ગાયોના દાન દેવાય રે."

## ❁ ફેરાનું ગીત ❁

"ફેરાં ફરવા ચાર છે હજુ ઘણીવાર છે,
બેસો બેની બેસો, હજુ ઘણીવાર છે."

## ❁ કંસારનું ગીત ❁

"લાડો લાડી જમે રે કંસાર,
કંસાર કેવો ગળ્યો લાગે રે."



## ❁ ફટાણાં ❁

"મારા માંડવે બેઠી ચકલી ચમકારા મારે,
કયાં ભૈને ભાળી મચકારા મારે"

"ગોર કરો રે ઉતાવળ, ગોર ચટપટીયું,
ગોરને ગોળી જેવડું પેટ, ગોર ચટપટીયું."

## ❁ ફૂલડે વધાવાનું ગીત ❁

"થાળભરી ફૂલ આવી વધાવા,
રહો તમારું અખંડ સોભાગ
ભાઈ-ભાભીને ફૂલડે વધાવો."

## ❁ જાનના સામૈયાનું ગીત ❁

"વીરા આપણું સાસરિયું બોવ સારું,
માગ્યા માન દીધાં માણારાજ...."

આ ઉપરાંત, દરેક જ્ઞાતિ-વિસ્તાર પ્રમાણે લગ્નવિધિમાં ઓછેવત્તે અંશે વૈવિધ્ય જોવા મળે છે.

## ❁ રાંદલનાં ગીતો ❁

રાંદલનાં ગીતો ખાસ કરીને લગ્નપ્રસંગે ગવાય છે. કયારેક રાંદોલ તેડા વિધિ નિમિત્તે પણ રાંદલનાં ગીતો ગવાય છે. લોકદષ્ટિ અને લોકોની ધાર્મિક માન્યતા, શ્રદ્ધાના ખ્યાલ એની સાથે જોડાયેલાં છે. રાંદલ સંતતિ આપનાર છે. પોતાના

વંશમાં સંતાન જન્મે અને વંશવૃદ્ધિ થાય એવા હેતુથી રાંદલતેડાં કરવામાં આવે છે. સૂર્યપત્ની રાંદલનાં તેડાથી પોતાના કુટુંબમાં સંતાનનો જન્મ થશે એવો લોકખ્યાલ આ ગીતોના કેન્દ્રમાં છે. લગ્નના એક-બે દિવસ અગાવ વરપક્ષના લોકો રાંદલ તેડાવે છે. તેમાં નાની બાળાઓને ગોરાણીઓ કરવામાં આવે છે. રાંદલની સ્થાપના કરી સ્ત્રીઓ તેનાં ગીતો ગાય છે. આ ગીતોમાં લોકજીવનનું પ્રતિબિંબ પ્રગટ થાય છે. લોકમાન્યતા પ્રમાણે રાંદલમાં અશ્વિનીરૂપ લઈને અદૃશ્ય થઈ જાય છે. સૂર્યદેવ પણ અશ્વનું રૂપ લઈ તેમને શોધવા માટે નીકળે છે. આ પ્રસંગે અશ્વિનીને પામવા અશ્વરૂપ ભગવાન નૃત્ય કરતાં કરતાં રાંદલરૂપી અશ્વિનીને આરાધે છે. સ્ત્રીઓ ઠેક લેતી લેતી ઘોડો ખૂંદે છે. સ્ત્રીઓ સામૂહિક રીતે રાંદલનો ઘોડો ખૂંદતી હોય તે દૃશ્ય અવિસ્મરણીય બની જાય છે.

લોકગીતોમાં રાંદલનાં ગીતો ઘણી રીતે ધ્યાનાર્હ બને છે. તેમાં સમાજજીવનનું - કૌટુંબિક જીવનનું ચિત્ર પણ પ્રાપ્ત થાય છે. રાંદલ તેડાં વખતે નીચેનું ગીત તો અવશ્ય ગણાય છે.

"લીપ્યું ને ગુપ્યું મારું આંગણું,
પગલીનો પાડનાર દિયોને રન્નાદે
વાંઝિયા મેણા રે માડી દોહ્યલા."

કે પછી - "મહીડાની ગોળી ગોરસ ભરી,
મહીડાંનો માગનાર દીધો રે રન્નાદે
અમીરસ કુંવર લાડકો."



રાંદલનાં ગીતોમાં જુદી જુદી દેવીઓને જુદી જુદી સામગ્રી આપવાનાં પણ ગીતો પ્રાપ્ત થાય છે આવી એક રાંદલ પ્રાર્થના-સ્તુતિ જુઓ :

"પહેલડા પહોરની આરતી, ગોર્ય પૂજાવતી રે,
ગોર્ય પૂજીને પાછાં વળ્યાં, ટબુકલું લખ્યુ રે લલાટ.
ટબકલે ચીર ચીમટાય, રાંદલમાને રોળી દેખાડ,
અમારાં રોળ્યાં કેમ જાય, વિધાતાએ લખ્યા રે લલાટ.
આદિત્યે રાંદલ મોકલ્યાં, એક દ્યો બેટડો રે,
બેટડો તે કેમ હોય, કર્યાં કરમ ભોગવો રે"

રાંદલને રોકાવાની વિનવણી પણ આ પ્રકારનાં લોકગીતોમાં જોવા મળે છે :

"તમને કયા ભઈ મનાવે? રાંદલ! રૂ્યો રૂ્યો ને!
તમને કઈ વહુ મનાવે? રાંદલ! રૂ્યો રૂ્યો ને!
તમને ચીર ને ચંદરવા, રાંદલ! રૂ્યો રૂ્યો ને!
તમને શ્રીફળ ને સોપારી, રાંદલ! રૂ્યો રૂ્યો ને!"

કોઈ સ્ત્રીઓ આ પ્રકારે રાંદલનાં ગીતો ગાય છે :

"હળવેથી રાણી રાંદલ હળવળ્યા,
ઊતર્યા વડલા હેઠ રન્નાદે
ઊતારા છે આંબાને આંબલી,
ઊતારા છે દાડમને દ્રાક્ષ."

ટૂંકમાં, રાંદલનાં ગીતોમાં માનવજીવનનું પ્રતિબિંબ પડેલું જોવા મળે છે. લોકસમુદાયની અનેકવિધ

ભાવોર્મિઓ, સંસ્કાર, માન્યતાઓ, શ્રદ્ધાઓ, ભક્તિ - વગેરે રાંદલનાં ગીતોમાં જોવા મળે છે.

## ❀ તુલસી વિવાહનાં ગીતો ❀

'બ્રહ્મવૈવર્ત' (પ્રકૃતિખંડ અ.૧૫) અનુસાર ગોલોકમાં કૃષ્ણની પ્રિય તુલસી નામની ગોપિકા રાધાના શાપથી ભૂલોકમાં રાજા ધર્મધ્વજ અને માધવીની પુત્રી તરીકે કાર્તિક પૂર્ણિમાએ જન્મી. તે અનુપમ સુંદરી હતી. તેના લગ્ન દાનવકુળમાં જન્મેલા શંખચૂડ સાથે થયાં. શંખચૂડે બ્રહ્માને પ્રસન્ન કર્યા. અવધ્યત્વનું વરદાન મેળવ્યું. પણ બ્રહ્માજીએ તારી પત્ની સતી રહેશે ત્યાં સુધી જ તું અવધ્ય રહીશ. પરમેશ્વરે સ્વયમ્ શંખચૂડના છદ્મવેશે તુલસીના સતીત્વનો ભંગ કર્યો. શંખચૂડનો વધ થયો. તુલસીએ નારાયણને ઓળખી લીધા. તેણે 'તું પાષાણ થા' ત્યારથી વિષ્ણુ શાલિગ્રામ તરીકે પૂજાય છે. આવી ઘણી કથાઓ પ્રચલિત છે.

લોકસમુદાયમાં તુલસીવિવાહનો પ્રસંગ પણ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ખાસ કરીને કારતક મહીનામાં તુલસીવિવાહ થયા પછી જ લગ્નો શરૂ થાય છે. દેવ દિવાળીના દિવસે લોકો તુલસી અને શાલિગ્રામના લગ્ન ધામધૂમથી કરે છે. ગુજરાતમાં લગભગ ગામડે ગામડે તુલસીવિવાહ થાય છે. ઘણીવાર હવેલી, ઠાકોરજીનું મંદિર કે કોઈ વ્યક્તિના ઘરે પણ આ વિવાહ થતાં હોય છે. વરપક્ષના લોકો શાલિગ્રામની મૂર્તિને પાલખીમાં લઈ



કન્યાપક્ષ (તુલસીવાળાઘર) જાય છે. ત્યાં સામાન્ય રીતે માનવીના લગ્ન થાય તેવી રીતે તુલસીવિવાહ થાય છે. તેમાં સમાજજીવનનું પ્રતિબિંબ દેખાય છે. આ ગીતોમાં લગ્નજીવનની મંગલભાવના કેન્દ્રસ્થાને છે. તેમાં પ્રણયમસ્તી તો કયારેક મીઠી મજાકરૂપે ફટાણાં વગેરે ગવાય છે જુઓ :

"વનરા તે વનમાં તુલસીબા રે કુંવારા!
તુલસીને પાણીડા પાવ રે મોહનભાઈ રાણા."

"મારે આંગણે તુલસીનો કયારો,
તુલસીના કયારે ઘીના દીવા બળે."

"કાળા રે કરસનજી મથુરાના રહેવાસી,
કાળા કરસનજીને કેસરિયા વાઘા."

"મારા વા'લાનો વીગતે વધાવજો રે!
રૂડા તુલસીએ કામણ કીધાજી રે!
મારા વહાલાના મન હરી લીધાજી રે!"

તુલસીવિવાહમાં જેમના ઘરે દીકરી નથી તેઓ તુલસીવિવાહ કરાવે છે. પોતાનું આંગણું પવિત્ર કરાવવા માટે માનવસમુદાય તુલસીનો કયારો બનાવે છે. તુલસીવિવાહનું ગીત લોકો ભક્તિભાવથી ગાય છે. તુલસી લગ્નમાં માત્ર તુલસી અને

કૃષ્ણ (શાલિગ્રામ) ના જ લગ્નગીતો ગવાય છે. તેમાં તુલસીને બ્રહ્માજીની પુત્રી પણ ગણવામાં આવે છે.

"બ્રહ્માની બેટી તુલસી રે હજી રે બાળકુંવારા રે,
કૃષ્ણે આકાશ નાખ્યા માંડવા રે.
પરણે તુલસીને શાલિગ્રામ મંગળગીત ગવાય રે."

કે પછી -

"ચાલો ચાલો સાહેલડીયુ જોવા જઈએ,
પરણે તુલસીને શાલિગ્રામ જોવા જઈએ."

### ❀ ઉત્સવ-મેળાનાં ગીતો ❀

આદિમાનવ સામાજિક જીવન જીવતો થયો. માણસની પ્રાથમિક જરૂરિયાત આહાર, નિંદ્રા, મૈથુનાદિ છે. તે ઉત્સવ-પર્વ-મેળા નિમિત્તે પોતાની જાતને સંયમિત કરવા વ્રત અને તપ કરે છે. વ્રત-તપના સંયમ પછી તે પારણાંદિ કરીને આનંદોલ્લાસ કરે છે. તેમાંથી તેની રુચિ અને કૌશલ પ્રમાણે આનંદ-પ્રમાદ, વિનોદ, વિવિધ રમતો, કળાઓ પ્રગટ થાય છે. આ ઉત્સવ-મેવાઓ માનવીના એકધારા અને બંધિયાર જીવનમાં ઉમંગ અને ઉલ્લાસ ભરી દે છે. તેને જીવનની એકધારી ઘરેડમાંથી મુક્તિ મળે છે, તેનું જીવન ચેતનવંતુ બની જાય છે. માનવસમુદાયે પોતાના જીવનમાં નિરસતા એકધારાપણું ન આવે એ માટે મેળા-ઉત્સવ-પર્વનું આયોજન કર્યું છે. એક ઉત્સવ પતે ત્યારપછી થોડા મહિના કે દિવસોમાં બીજો ઉત્સવ આવે તેની તૈયારીમાં



લાગી પોતાનું રોજિંદુ કાર્ય ઝડપથી પૂર્ણ કરવા તૈયાર થઈ જાય છે. આખા વર્ષમાં આવા અનેક પર્વ-ઉત્સવ-મેળાઓ આવે છે. ઋતુઓના મુખ્ય પાંચ ઉત્સવો ઉત્તરાયણ, વસંતોત્સવ, આવે છે. આપણે ત્યાં બેસતુ વર્ષ, ભાઈબીજ, લાભપાંચમ, દેવ દિવાળી, ઉત્તરાયણ, વસંતપંચમી, મહાશિવરાત્રિ, વસંતોત્સવ, હોળી, ચૈત્રીપૂર્ણિમા, હનુમાન જ્યંતી, રામનવમી, બુદ્ધપૂર્ણિમા, શીતળા સાતમ, જન્માષ્ટમી, શ્રાદ્ધ, ઋષિપંચમી, બાળચોથ, નવરાત્રિ, શરદપૂર્ણિમા, ધનતેરસ, દિવાળી - એમ અનેક પર્વો માનવજીવનમાં વણાઈ ગયા છે.

આ વિવિધ પર્વો નિમિત્તે મેળાઓનું આયોજન કરવામાં આવે છે. વિવિધપર્વો-મેળા નિમિત્તે આરતી, ભજન, સ્તવનો, રાસ, ગરબા, યાત્રાગીત, લોકગીત - વગેરે ગવાય છે. શરદપૂર્ણિમા નિમિત્તે ગવાતા રાસ-ગરબીના બે'ક ઉદાહરણ જુઓ :

"આવી રૂડી અજવાળી રાત
રાતે રે રમવા નીકળ્યા રે માણારાજ."

"દૂધે ભરી તલાવડીને કાંઈ મોતીડે બાંધેલ પાળ રે
ઝીલણ ઝીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા."

"તારા વિના શ્યામ મને એકલડું લાગે,
રાસ રમવાને વેલો આવજે..."

"વનમાં ચાંદલિયો ઊગ્યો રે
કે રસિયા મને સૂરજ થૈ આવ્યો."

"ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ
ચાંદો ઊગ્યો ચોકમાં,
હે લેરીડા હરણ્યુ આથમી રે
હાલાર શે'રમાં અરજણિયા."

આમ વિવિધપર્વો-ઉત્સવો નિમિત્તે ગવાતાં ગીતોમાં માનવજીવનનું સાચુંકલું પ્રતિબિંબ પ્રગટે છે.

આ પર્વો નિમિત્તે તેમજ વિવિધ જગ્યાએ યોજાતાં મેળાઓમાં ગવાતાં ગીતોમાં પણ માનવહૈયાને વાચા મળે છે. આવાં લોકગીતોમાં માણસના હૈયામાં વહેતું ઊર્મિનું ઝરણ વહેવા લાગે છે. આપણે ત્યાં ખેડબ્રહ્માનો મહાશિવરાત્રિનો મેળો, તરણેતરનો મેળો, અંબાજીનો મેળો, ડાકોરનો મેળો, દ્વારિકાનો મેળો, માધુપુરનો મેળો, ચૈત્રી પૂર્ણિમાનો મેળો, સાતમ-આઠમનો મેળા, વિજયાદસમીનો મેળા, પ્રાચીનો મેળો, સોમનાથનો મેળો, તુલસીશ્યામનો મેળો - વગેરે અનેક મેળાઓ પ્રખ્યાત છે. મેળામાં જાણે કે, માનવ મહેરામણ હિલ્લોળે ચડે છે. તેમાં લોકજીવનનાં તમામ અંગો ઉજાગર થાય છે. તેનાં ગીતો, રાસ, રાસડા, ગરબા, દુહા, છંદ, તેનાં વાદ્યો, તેના પહેરવેશો, લોકસંગીત, લોકનૃત્ય - ઈત્યાદિ લોકવિદ્યાના ત્યાં દર્શન થાય



છે. આવા મેળા નિમિત્તે ગવાતાં કેટલાક લોકગીતો જુઓ :

"હાલો માનવીયુ તરણેતરને મેળે જો,
તરણેતરનો મેળો જોવાની જુગતી."

કે પછી -

"જોબનિયુ આજ આવ્યુ ને કાલ જાશે,
જોબનિયુ કાલે જાતું રે'શે."

અથવા તો -

"હાલો માનવિયું મેળે
મેળામાં મનનો માનેલ છે
ઈ રે મેળામાં મારા દલનો માનેલ છે."

કે - "હે મારે મહીસાગરને આરે ઢોલ વાગે સ
વાગે સ ઢોલ વાગે સ."

### ❀ રસ કે ભાવગીતો ❀

માનવજીવન વૈવિધ્યસભર અને પ્રવાહી છે. તેનું લોકસાહિત્ય મૌખિક પરંપરાથી પેઢી-દરપેઢી લોકોમાં ઊતરતું રહે છે. લોકસાહિત્યના ખરલમાં અનેકવિધ રસ-ભાવ અજબરૂપે ઘુંટાયા છે. તેમાં પ્રણયનો કેફ હોય કે વીરતાનો નશો, તેમાં હર્ષ-શોકનો ભાવ હોય કે ભક્તિ અને સમર્પણનો, તેમાં પ્રકૃતિ હોય કે અદ્‌ભુત રસિક સૃષ્ટિ, જીવનની મીઠાશ હોય કે કરુણતા - તમામ ભાવો સ્વાભાવિક રીતે જ લોકગીતમાં વણાતાં આવ્યાં છે. આમ તો રસ કે ભાવગીતોનો વિભાગ આપણે

ચર્ચી ગયેલાં કોઈને કોઈ વિભાગમાં આવી જ જાય છે. કારણ કે, આ વિભાગનાં લોકગીતો કોઈને કોઈ પર્વ-પ્રસંગ નિમિત્તે જ ગવાતા હોય છે. છતાં, લોકગીતોમાં આવા રસ કે ભાવગીતોનો મોટો જથ્થો પ્રાપ્ત થાય છે.

ગામડા-ગામની અભણ પણ કોઠાસૂઝ ધરાવતી નારીને ગામમાં જ સાસરિયુ અને ગામમાં જ પિયરિયુ હોય, ને વળી સાસરિયુ કંટુ (વિચિત્ર) હોય તો તેનું જીવવું મુશ્કેલ થઈ જતું હોય છે. ત્યારે તેના મુખેથી આવી પંક્તિઓ સહજતાથી સરી પડે છે :

“ગામમાં સાસરું ને ગામમાં પિયરિયું રે લોલ!
દીકરી કે’જે સુખ-દુઃખની વાત જો,
કવળા સાસરિયામાં જીવવું રે લોલ.”

તો લોકલજ્જાથી નારી ભલે પોતાના હૈયાની વાત અન્યને કહી શકતી નથી પણ કોઈ અવસર આવ્યે પોતાની ‘સખી કે સ્વજન આગળ કે પછી સ્વગત આવી પંક્તિઓ સરી પડે છે.’

“મેં તો ડુંગર કોરીને ઘર કર્યા,
મેં તો આભના કર્યા રે કમાડ રે,
સાહાબા, અબોલડા હવે ભવના રિયા.”

તો કોઈ નારીનો પતિ પરદેશ કમાવા ગયો હોય ત્યારે એને શણગાર સજવાનું ગમતું નથી. નાનકડો દિયર ખૂબ વહાલો છે એને મેંદી લાવી આપે અને હાથ રંગવાનું કહે ત્યારે તેના મુખમાંથી આવી પંક્તિઓ સરી પડે :



“મેંદી તે વાવી માળવે ને,
એનો રંગ ગયો ગુજરાત રે
મેંદી રંગ લાગ્યો.”

ગામડા ગામની કન્યા લોકલજ્જાને કારણે પોતાના મનના ભાવોને અન્યને કહેતી નથી. છતાં, યુવાવસ્થામાં પગરવ કરનારી મુગ્ધાના હૈયામાં મુગ્ધભાવો જાગી ઊઠે છે. તેને કંઈક અલગ જ ભાવ થઈ રહ્યો છે. શું થાય છે તેની ખબર નથી પડતી, પણ એ સ્થિતિ તેને મીઠી લાગે છે. જુઓ એક મુગ્ધાની મીઠી મૂંઝવણ :

“મારે ટોડલે બેઠો રે મોર કાં બોલે,
મારા હૈયાં હારોહાર, મારા દલડાં લે’રા લે’ર
જનાવર જીવતા, ઝાલ્યા રે મોર કાં બોલ.”

પ્રણયની મસ્તી રંગ પણ લોકગીતમાં સ્વાભાવિક રીતે પ્રગટે છે. લોકગીતોમાં નારીહૃદયના ભાવ વિશેષ આલેખાયા છે. મુગ્ધાવસ્થાના આરે ઊભેલી મુગ્ધાના મનોગતને લોકગીતમાં સહજ વાચા મળે છે. તેને પોતાના મનના માણિગરને મળવાની અભિલાષા છે. તેથી જ કોઈને મળવાની-જોવાની ધખના લોકગીતમાં આ પ્રકારે વ્યક્ત થાય છે :

“ઝૂલણ મોરલી વાગી રે રાજાના કુંવર
હાલોને જોવા જાયે રે મોરલી વાગી રે..”

આમ, જોવા જતાં તેને પ્રણયનો મીઠો સ્પર્શ થઈ જાય ત્યારે મુગ્ધા ગાઈ ઊઠે છે :

"હો રાજ રે, વાવડીના પાણી ભરવા ગ્યા'તા,
મને કેર કાંટો વાગ્યો."

લોકગીતોમાં મણિયારાનાં ગીતો વિશેષ આકર્ષણ જન્માવે છે.

"હે... મણિયારો તે હલું હલું થઈ રિયોને
મારાં દલડાં ઉદાસીન હોય રે
છેલ મુંજો પરદેશી મણિયારો,
કે છેલ મુંજો હાલારી મણિયારો."

લોકગીતોમાં નારી હૃદયમાં વ્યાપ્ત એકલતા અને કરુણતાનો પણ સંસ્પર્શ અનુભવાય છે. જેનો પતિ કોઈની નોકરી કરતો હોય, સરસ મઝાની રાત કે વાતાવરણ હોય તેવી વેળાએ પણ તેના પિયુને કોઈની ચાકરીએ જવાનું હોય, આવી ઘડી તો એ મુગ્ધાને ભારે અળખામણી લાગે છે. જાણે હિલ્લોળે ચડેલું જોબન અને મનોગત અભરખા તૂટી જાય છે. ત્યારે એક વિરહિણી નારીના મુખમાંથી લોકગીતની આવી પંક્તિઓ અનાયાસે રેલાવા લાગે છે :

"આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે
ઝીણા ઝરમર વરસે મેહ
ગુલાબી, નંઈ જવા દઉં ચાકરી રે."

કે પછી -

"આવડા મંદિરમાં હું તો એકલી રે લોલ,
કેમ કરી મારાં દઃખના દા'ડા જાય રે,
મારો પરણ્યો હાલ્યો રે વેરણ ચાકરી રે લોલ!"



પોતાના મનનો માણિગર જો પરદેશ ગયો હોય તો એ નારીને બધાં જ શણગાર ડંખે છે. તેને કોઈ રંગ સ્પર્શી શકતો નથી નાનો લાડકો દિયર જો મેંદી લાવી ભાભીને હાથ રંગવાનું કહે તો પણ એ હાથ રંગતી નથી. કારણ કે, તેનો જોનારા ક્યાં? નારી હૃદયની આવી વ્યથાને વ્યક્ત કરતું આ લોકગીત જુઓ :

"મેંદી તે વાવી માળવાને એનો રંગ ગયો ગુજરાત રે
મેંદી રંગ લાગ્યો
નાનો દિયરિયો લાડકો ને, કાંઈ લાવ્યો મેંદીનો છોડ રે
મેંદી રંગ લાગ્યો."

આવી વિરહિણી નારીની નજર તો પિયુનો રસ્તો જ તાકતી હોય છે. પોતાના પિયુના ભેરુબંધો પરદેશથી કમાઈને આવી ગયા હોય પણ જ્યારે પોતાના પિયુને એ વિરહિણી નાયિકા નિહાળતી નથી ત્યારે એના મુખમાંથી આવી પંક્તિઓ સરી પડે છે :

"આવ્યા આવ્યા કાંઈ વિલાયતુના વા'ણ જો,
ના'વ્યા રે નાવલિયા તારા નાવડાં
ના'વ્યા રે નાવલિયા તારા નાવડાં"

લોકગીતોમાં માત્ર વિરહના જ નહીં પ્રણયની મસ્તીનો રંગ પણ લોકમાનસને ભીંજવી જાય છે. લોકજીવનની મોજ-મસ્તી અને આનંદ-ઉલ્લાસના ચિત્રો લોકગીતોમાં સહજતાથી વણાય છે. જુઓ બે'ક ગીત

"વનમાં ચાંદલિયો ઊગ્યો રે

કે રસિયા મને સૂરજ થૈ લાગ્યો રે.”

કે પછી -

“શરદપૂનમની રાતડી ને કાંઈ ચાંદો ચડ્યો આકાશ રે
આવેલ આશાભર્યા”

## ❀ મરસિયાં કે રાજિયા ❀

લોકજીવનમાં જન્મ, લગ્ન અને મૃત્યુ - એ ત્રણ મહત્ત્વના પ્રસંગો છે. આપણે ત્યાં મૃત્યુને સ્વાભાવિક રીતે જ સ્વીકારવામાં આવેલી અનિચ્છનીય ઘટના છે. જેમ જન્મ અને લગ્ન જેવી માંગલિક ઘટનાઓને સાનંદ સ્વીકારવામાં આવે છે તેમ મૃત્યુને સ્વીકારવામાં આવે છે. છતાં, જ્યારે કોઈ અકાળે મૃત્યુ પામે ત્યારે તેનું દર્દ, વિલાપ, ભલભલાને ભાંગી નાખે તેવી હૈયાવિદારક હોય છે. મૃત્યુ પ્રસંગે ખાસ કરીને સ્ત્રીઓ જે કરુણવિલાપ કરે છે - છાજિયા લે છે તેનું પણ લોકસાહિત્ય છે. મૃત્યુ પ્રસંગે ગવાતાં ગીતોને મરસિયા કે રાજિયા કહેવામાં આવે છે. મરસિયા ગવાતાં હોય છે ત્યારે જડ ને પથ્થરદિલ માણસની પણ આંખો ભીની કરાવી દે તેવો વિલાપ હોય છે. સ્ત્રીઓ ઘણીવાર પોતાના બન્ને હાથની મુઠ્ઠીઓ છાતી ઉપર ઝીંકતી જાય અને મરસિયા ગાતી હોય છે. મરસિયામાં પણ માનવજીવનના કેટલાક સનાતન તત્ત્વો કુશળતાથી વણાતાં હોય છે. અલબત્ત, લોકગીત મૂળે સ્વાભાવિક છે. છતાં મરસિયામાં મરતુક-મૃત્યુ પામેલાં વ્યક્તિના ગુણગાન કરવામાં આવે છે. તેના ગુણ, તેની અનુપસ્થિતિ, પોતાનું નોંધારાપણું, જીવની સદ્‌ગતિ - વગેરે બાબતો મરસિયામાં પ્રગટતી હોય છે.



સંસ્કૃત સાહિત્યમાં ‘વિલાપ’ નામથી ઓળખાતાં કાવ્યોમાં આવી શોકોદ્‌ગાર છે. અંગ્રેજીમાં તેને Elegy કહેવામાં આવે છે. તેમાં શોક, દુઃખ અને કરુણતાનો ધ્વનિ પ્રગટે છે. મૃત્યુનિમિત્તે રસાતા કાવ્યોને ‘કરુણપ્રશસ્તિ’ ગણવામાં આવે છે.

મરસિયા મૃત્યુનિમિત્તે પ્રગટતો કરુણ-શોક ઉદ્‌ગાર છે. મહાભારતમાં અભિમન્યુ ચક્રવ્યુહમાં મૃત્યુ પામ્યો ત્યારે લોકકવિઓએ તેનો વિલાપ આ રીતે ગાયો છે :

“રાણી રુવે રે રંગ મોહોલમાં, દાસી રુવે રે દરબાર,
ઘરમાં સ્ત્રી રુવે રે ઘર બંધવા, પોપટ રુવે રે પાંજરે,
ઘોડા રુવે રે ઘોડારમાં, હાથી રુવે રે હલકાર.”

ઉત્તરા-અભિમન્યુની જેમ રામ-સીતા વિષે પણ રાજિયા પ્રચલિત છે.

“સમરસ કે પીત્તળ જળે ભર્યા
હેતે હરિને સંભારતા જાવ રે!
સમરસ રે ઊતારા કરતેલા જાવ રે,
હેતે હરિને સંભારતા જાવ રે!”

મરસિયામાં મૃત્યુને લીધે કુટુમ્બવત્સલતામાં પરિણમતી કરુણતાનો ચિતાર ગુંથાતો હોય છે. ગુજરાતીમાં પ્રાપ્ત થતા મરસિયામાં કૂકડાનું રૂપક ઘણીવાર મળે છે. કૂકડો

જાગૃતિનું પ્રતીક ગણાય છે. પરંતુ મૃત્યુ તો કાયમી નિંદ્રા છે તેમાંથી કોઈ ઊઠી શકતું નથી. કૂકડાને પ્રતીક તરીકે લઈને કેટલાક રાજિયાઓ પ્રાપ્ત થાય છે. તેમાં ઓતરાના વિલાપ જુઓ :

"પાછલી રાતને પરોઢિયે, મરઘો બોલ્યો ને વહાણાં વહી ગયાં!
હાય રે પરોણા હાયે હાયે!"

કે પછી -

"લીલી લીલી લીંબડીની છાય, મરઘડો બોલ્યો રે ક્રોધમાં
ઓય બાપુજી હાય હાય રે!
મેર મૂઆ મરઘા વાવ્યાં ઊંડા વેર, શીદ બોલ્યો રે ક્રોધમાં!"

આપણે ત્યાં માસ અને તિથિનાં ગીતો પણ પ્રાપ્ત થાય છે. આવા સ્વરૂપમાં પણ રાજિયા લખાયા છે.

"હાય રે બેની પડવે તે ગામ ન જઈએ;
પડવે તો હોય બેસતું વર્ષ જો!
ઘડી રે રાખોને બેની પાલખી!
હાય રે બેની બીજે ને ગામ ન જઈએ
બીજે તો હોય ભાઈબીજ જો!
ઘડી રે રાખોને બેની પાલખી."

ગુજરાત સૌરાષ્ટ્રમાં મીર, લંઘા, તૂરી, ભાટ વગેરે મરસિયા ગાય છે. ખાસ કરીને કોઈ રાજા-મહારાજા મૃત્યુ પામતા ત્યારે આ જાતિઓ મરસિયા ગાતી અને ઈનામ પણ મેળવતી. તો



મુસ્લિમ સમુદાયમાં પણ છાજિયાની પ્રથા છે. તે ખાસ પ્રસંગે (મહોર્રમના દિવસે) લેવામાં આવે છે.

## ❀ સંતવાણી-ભજન ❀

આપણે ત્યાં સંતવાણી-ભજનને લોકસાહિત્યમાં ગણવું કે કેમ? તે અંગે ઘણી ચર્ચા થઈ છે. ઘણાં વિદ્વાનો ભજન કે સંતવાણીને કોઈ ભક્ત-કવિની પોતિકી રચના હોઈ, વળી એમાં કર્તૃત્વની પણ છાપ હોઈ તેને લોકસાહિત્યમાં ગણાવી શકાય નહીં એવો અભિપ્રાય આપે છે. તો ઘણા વિદ્વાનો સંતવાણી-ભજન એ લોકકંઠસ્થ પરંપરામાં વહેતી હોવાથી એમાં લોકો જરૂરી ફેરફાર કરીને રજૂ કરે છે. તેમાં ગુરૂ મહિમા, નામસાધના, વિવિધ ઉપાસના, દેવ મહિમા, સમાજજાગૃત્તિ, વગેરે વિવિધ સમુદાયમાં પોતીકી રીતે ગુંથાઈને આવે છે - આમ લોકો દ્વારા કંઠસ્થ પરંપરામાં તે વહેતી હોવાથી સંતવાણી એ લોકસાહિત્યનો જ એક ભાગ ગણવું જોઈએ. આ સંતવાણીમાં આધ્યાત્મિક દર્શનના પડઘાની સાથે સાથે માનવસમુદાયની વિવિધ પરંપરાઓના પણ દર્શન થાય છે.

આપણે ત્યાં કબીરસંપ્રદાય, રવિ-ભાણ સંપ્રદાય, નાથસંપ્રદાય, મહાપંચ-બીજમાર્ગી, નિસંત સમુદાય, સ્વામી નારાયણ સંપ્રદાય, વૈષ્ણવસંપ્રદાય - વગેરે સંપ્રદાયોમાં અનેક સંતો-ભક્તો-કવિઓ થઈ ગયા છે. તેમાંના ઘણાં ભક્તકવિઓની કૃતિઓ તો લોકસાહિત્યમાં ભળી ગઈ છે.

સંતવાણીમાં ગવાતા વિવિધ ભક્ત-કવિઓના પદ-ભજન તો એટલા બધાં લોકપ્રિય બની ગયાં કે, તેમાં લોકસમુદાય જરૂરી ભેળ-સેળ કરીને ગાવા લાગ્યાં. કબીર સાહેબના દુહાઓ-સાખીઓ આજે લોકસમુદાયમાં જે રીતે કંઠસ્થ પરંપરામાં ગવાઈ રહી છે. તેમાં કદાચ કબીર સાહેબના મૂળ શબ્દો લોકસમુદાયના પ્રાદેશિક-તળપદા શબ્દોમાં ફેરવાય ગયા છે.

શ્રી ઝવેરચંદ મેઘાણીએ તો 'સોરઠી સંતવાણી'માં 'લોકવાણીના અંતિમ પરપાક ભજનો'ને ગણાવ્યાં છે.

સંતવાણીને મેઘાણીજી 'લોકવાણી'માં રૂપાંતરિત કરીને તેને લોકસાહિત્યના અમૂલ્ય હિસ્સો ગણાવે છે. આપણાં સંતો કવિઓએ લોકને ધ્યાનમાં રાખી પદ-ભજનો રચ્યાં છે. તેઓ લોકસમુદાયના હૈયાને સારી રીતે જાણતા હતાં. લોકવાણીમાં લોકોના જીવનના નાના-મોટાં કોયડાઓ પણ રજૂ થતું. તેમાં લોકોની ભક્તિનો રંગ પણ વણાતો હતો. તેમાં દીન-દુઃખિયાની સેવા કરવાની સાથે સાથે પશુ-પંખી પ્રત્યે પણ જીવભાવના રાખવાની વાત ગુંથાતી હતી. તેમાંયે કબીરસાહેબ, દાસીજીવણ, રવિદાસ, નરસિંહ, મીરાં, ભીમસાહેબ, ગંગાસતી, સતાર - વગેરેની રચનાઓ તો લોકવાણીમાં જ વિશેષ ખીલે છે. સંતવાણીના કેટલાક ઉદાહરણ જુઓ :

"દયા કરીને મને પ્રેમે પાયો,
નેણુ મ આયા નીર,



પ્યાલો મેં તો પીધેલ છે ભરપૂર"
- દાસી જીવણ

"જાજા નિંદરા હું તને વારુ
તુ છે નાર ધુતારી રે."
- નરસિંહ

"હદ મેં રહે સો માનવી
બે હદ રહે સો સાધ,
હદ-બેહદ દોનોં તજે
તિનકા મતા અગાધ."
- કબીર

"રવિએ રમતાં દીઠો રે, બાવો છે ઝીણો છે ઝીણો.
લીલો ને પીળો, લાલ બેરંગી, સફેદ રંગ સારો
એ પંખીડાને પાંખ નહિ, ચૌદ ભુવનથી ન્યારો."
- રવિ સાહેબ

"જીવણ જીવને જ્યાં રાખીએ, વાગે અનહદ તૂરા,
જ્યોતિ અખંડ ત્યાં ઝળહળે, વરસે નિરમળનૂરા"
- ભીમસાહેબ

"અજવાળું રે હવે અજવાળું
ગુરુ તમ આવ્યે મારે અજવાળું"
- દાસી જીવણ

"બેની! મુંને ભીતર સતગુરુ મળિયા રે,
વરતાણી આનંદ લીલા! મારી બાયું રે."
- લખી રામ

"દેખો ખાવિદ કા ખેલ, દર્શન મેં તો દેખ્યા રે,
બાહિર દેખ્યા ઔર ભીતર, દેખ્યા અગળ અપારા રે."
- ત્રિકમ સાહેબ

"કાયા છે હે કાયા રે, કૂંપો વીરા કાચનો રે
તેને તો ફૂટતાં નહિ લાગે વાર રે."
- મોરાર સાહેબ

"આ પલ જાવે રે કરી લે બંદગી,
ગઈ પલ ફેર નંઈ આવે રે;
શિર પર વેરી, લેશે તને ઘેરી,
સૂતે બંદા, નીંદરા કેમ આવે રે?"
- લાલદાસ



સંતવાણી એ કોઈ સહેતુક રચાયેલી કૃતિ નથી. તેમાં લોકસમુદાયની વચ્ચે લોકહૃદયનો અનાયાસે જ પ્રગટે છે. લોકવાણીમાં પ્રભાતી, આરાધ, રવેણી, આગમવાણી, સંદેશો, ચરખો, બંગલો, કટારી, પ્યાલો, થાળ, આરતી, મહિમાગાન-વગેરે પ્રકારો જોવા મળે છે. ખાસ કરીને સંધ્યાથી માંડીને પ્રભાતી સુધીના સમય દરમ્યાન વિવિધ રાગ-રાગિણીમાં સંતવાણી રજૂ થતી હોય છે. તેમાં રાત્રિના મુખ્ય ચાર પહોર પ્રમાણે સંતવાણી થતી હોય છે. આ સંતવાણી ગળતી માઝમરાતે રામસાગરના રણકારે અધ્યાત્મના રોમાંચની અનોખી અનુભૂતિ કરાવી જાય છે.

## ❁ ઋતુગીતો ❁

ઋતુગીતોની થોડી-ઘણી ચર્ચા આપણે ઉત્સવ-પર્વના વિભાગમાં કરી ગયા છે. છતાં, લોકગીતોમાં ઋતુગીતોને એક અલગ વિભાગમાં મૂકી શકાય એટલો સમૃદ્ધ લોકગીતોના આ વિભાગ છે. ઋતુ-સૌંદર્યનું દર્શન અને તેમાંથી થતું ઋતું-ગાન વેદકાળ જેટલું જૂનું છે. 'પૃથ્વીસૂક્ત'માં તો કહેવામાં આવ્યું છે :

"હે ભૂમિ! તારી ઋતુઓ ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર, વસંત, વિહિતવર્ષો અને અહોરાત્રિ, હે પૃથ્વી! અમને દૂઝો."

લોકજીવનમાં ઋતુઓનો અનેરો મહિમા છે. આપણે

ત્યાં શરદઋતુનું ખાસ્સું મહત્ત્વ છે. શરદપૂર્ણિમાની રાતે આકાશમાંથી વરસતી ધવલ ધવલ કૌમુદીમાં બેસીને તેનો આહ્‌લાદક અનુભવીએ છીએ. નેવાં પર સાકરની થાળી મેલી આખી રાત એમાં ચંદ્રકિરણોનાં અમૃતને ઝીલતાં હોઈએ છીએ. શરદપૂનમનો ચંદ્ર સોળેકળાએ ખીલ્યો હોય પાંચ-છ મહિનાથી પૂનમનો આવો આહ્‌લાદ અનુભવ્યો ન હોવાથી તેની અમૃત ઝરતી ચાંદનીમાં ન્હાવાનો લ્હાવો અબાલ-વૃદ્ધ સૌ માણે છે. શરદપૂર્ણિમાના દિવસે અનેક જગ્યાએ મેળા, રાસ, ગરબાદિનું પણ આયોજન થાય છે. તે નિમિત્તે ગવાતાં લોકગીતોમાં માનવહૈયાનો આનંદોલ્લાસ સહજતાથી પ્રગટતો હોય છે. જુઓ બે'ક પંક્તિઓ :

"શરદપૂનમની રાતડીને કાંઈ ચાંદો ચડ્યો આકાશ રે,
આવેલ આશાભર્યા
આશાભર્યા તે અમે આવીયા ને મારા વાલે રમાડ્યા રાસ રે
આવેલ આશાભર્યા."

કે પછી -

"તારા રાસડાનો રંગ મને લાગ્યો માણારાજ રે!!
જેવો સીમડીએ ઢોલ ઢબૂક વાગ્યો માણારાજ રે!"

શરદપૂર્ણિમાને રાસોત્સવ પણ કહી શકાય. કારણ કે, શરદપૂર્ણિમાને રાત્રિએ રાસ રમવાની અનેરી મઝા હોય છે. ચાંદનીથી તરબતર ખુલ્લા નભમાં, સોળે કલાએ ખીલેલાં ચાંદની મોહક છટા માનવહૃદયમાં હર્ષની ઊર્મિઓ ઝંકૃત કરી દે છે.



લોકગીતમાં મુખ્યત્વે માનવગમનની ઊર્મિઓ સહજભાવે ગુંથાતી હોય છે.

"તારા વિના શ્યામ મને એકલડું લાગે,
રાસ રમવાને વે'લો આવજે.
શરદપૂનમની રાતડી, હો હો સૂની સૂની ગોકુળની શેરીયુ,
સૂની સૂની શેરીયુંમાં, ગોકુળની ગલીઓમાં.
રાસ રમવાને વે'લો આવ, આવ, કાન."

કે પછી -

"વા વાયા ને વાદળ ઊમટ્યાં,
ગોકુળમાં ટહૂકયાં મોર,
રમવા, આવો સુંદરવર શામળિયા."

રાસમાં દુહા અને છંદ તો અનોખી રમઝટ બોલાવે છે. શરદપૂનમની શોભા, લોકહૈયાનો ઊર્મિ-ઉછાળ-ખૂબ જ હૃદ્ય હોય છે.

દિવાળી આમ તો અમાસના દિવસે હોય છે. લોકમાનસે અજવાળાની જેમ જ અંધકારને પણ વહાલ કર્યું છે. આપણા સાહિત્યમાં દિવાળી નિમિત્તે શરદઋતુની અંધકારમય રાતના સૌંદર્યની ઝાંખી પણ ઋતુગીતોમાં થાય છે.

જેટલું મહત્ત્વ શરદઋતુનું છે એટલું જ મહત્ત્વ વસંતઋતુનું પણ છે. વસંતના નિતાંત સૌન્દર્ય અને એ નિમિત્તે હૈયામાં જાગતાં સ્પંદનો લોકગીતોમાં સહજભાવે ગુંથાતાં જોવા મળે છે. હોળી-ધુળેટી નિમિત્તે ગવાતાં ગીતોમાં પણ સમાજજીવનનું

પ્રતિબિંબ પ્રગટે.

વર્ષાઋતુને તો લોકો ઋતુઓની રાણી ગણે છે. વેદમાં 'પર્જન્ય'- જળદેવતાનું આહ્‌વાન કરવામાં આવે છે તેનો ઉલ્લેખ મળે છે. વર્ષાઋતુના મેઘને નિહાળી લોકસમુદાયે તેની હૃદયોર્મિને લોકગીતોમાં વણી છે. જુઓ બે'ક પંક્તિઓ :

"આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે
ઝીણા ઝરમર વરસે મેહ
ગુલાબી કેમ કરી જાશો ચાકરી રે."

કે પછી -

"વાદલડી વરસી રે સરોવર હાલી વળ્યાં,
મારા નાક કેરી નથડી રે વીરો મારો લેવા હાલ્યો,
વીરા લઈને વેલો આવજે, સાસરિયા મારે ઘેરે બેઠાં."

વર્ષાઋતુનાં ગીતોમાં સ્ત્રી દર્દને ખૂબ વાચા મળી છે. સ્ત્રીની કલ્પના બારીક ચિત્રાંકન નથી કરતી, પણ કોમળ હૈયું નિચોવે છે, કાલાવાલા કરે છે ત્યારે આવાં ગીતો ઘણાં હૃદયગંમ બની જાય છે.

"શ્રાવણ તો સરવડીએ વરસે,
ઝીણા ઝીણા મેવલિયા વરસે
વાલા મારા તોય મરું તરસે
આવો હરિ રાસ રમો વાલા!"

ઋતુકાવ્યોમાં દુહા અને છંદમાં પણ વિવિધ ઋતુઓની રમણા અને માનવહૃદયની ભાવોર્મિઓ પ્રગટે છે. શેણી



વિજાણંદનો આ દુહો જુઓ :

"વરસ વળ્યાં, વાદળ વળ્યાં, ધરતી લીલાણી,
એક વિજાણંદને કારણે, શેણી સુકાણી."

આષાઢનું પ્રકૃતિવર્ણન કરતાં છંદો પણ ઘણું ધ્યાન ખેંચે છે. જુઓ એક છંદ :

"આષાઢ ઉચારં, મેઘ મલારં
બની બહારં જલધારં,
દાદુર ડકારં, મયૂર પુકારં
તડિતા તારં વિસ્તારં
ના લહી સંભારં, પ્યાસ અપારં
નંદકુમારં નિરખ્યારી
કહે રાધે પ્યારી, હું બલિહારી,
ગોકુળ આવો ગિરધારી."

અથવા તો -

"શ્રાવણ જલ બરસે, સુહીર સરસે,
બાદલ બરસે, અંબર સે,
તરુવર બરસે, લતા બરસે,
નદિયા બરસે, સાગર સે
દંપતિ રૂપ હરસે સેજ સહસે,
લગત જ હરસે દુ:ખકારી,
કહે રાધે પ્યારી મેં બલિહારી
ગોકુળ આવો ગિરધારી."

પ્રકૃતિના અનેક ભાવસંવેદનો, એની ઋતુગત્ વિધ્ વિધ્ અવસ્થાઓ માનવચિત્ત ઉપર ભારે અસર કરે છે. પ્રકૃત્તિના કોમલ-કરાલ, ભવ્ય-લલિત એવાં અનેકવિધ ભાવ માનવમનમાં વિવિધભાવો જગાડે છે. માનવજીભે પ્રકૃત્તિ-ઋતુઓના આવા ભાવો સાહજિક અભિવ્યક્તિ પામે છે.

### ❁ લોકગીતોનાં પ્રકીર્ણ સ્વરૂપો ❁

કેટલાક વિદ્વાનોએ લોકગીતના વિભાગમાં રાસ, ગરબા, ગરબી, ઉખાણાં, પદ, ધોળ, દુહા, છંદ, રામાવળા, ચંદ્રાવળા, કૃષ્ણવળા, વાર, તિથિ, મહિના - વગેરેને પણ મૂકે છે.

### ❁ લોકગીતોનું વર્ગીકરણ ❁

આ ઉપરાંત જુદી-જુદી અવસ્થા પ્રમાણેનાં લોકગીત, વિવિધ જ્ઞાતિઓ કે પ્રદેશ પ્રમાણેનાં લોકગીત, વિષયનિરૂપણની દૃષ્ટિએ લોકગીતોનું વર્ગીકરણ, રસ પ્રમાણેનાં લોકગીત, વગેરે રીતે પણ લોકગીતોનું વર્ગીકરણ કરી શકાય.



## ૨. વનમાં બોલે ઝીણા મોર

વનમાં બોલે ઝીણા મોર,
કોયલરાણી કિલ્લોલ કરે રે લોલ!
ઝીણા ઝરમર વરસે મેહ,
વાદલડી વાયે વળે રે લોલ! વનમાં...

બાઈ મારા ઉતારાનો કરનારો,
જાદવરાય ક્યારે આવે રે લોલ!
આવશે સાતમને સોમવારે,
આઠમની મધરાતે રે લોલ! વનમાં...

બાઈ મારા ભોજનનો કરનારો,
જાદવરાય ક્યારે આવે રે લોલ!
આવશે સાતમને સોમવારે,
આઠમની મધરાતે રે લોલ! વનમાં...

બાઈ મારા દાંતણિયાનો કરનારો,
જાદવરાય ક્યારે આવે રે લોલ!
આવશે સાતમને સોમવારે,

આઠમની મધરાતે રે લોલ! વનમાં...

બાઈ મારા નાવણનો કરનારો,
જાદવરાય ક્યારે આવે રે લોલ!
આવશે સાતમને સોમવારે,
આઠમની મધરાતે રે લોલ! વનમાં...



## ૩. હું તો કાગળિયા લખી લખી

હું તો કાગળિયા લખી લખી થાકી
કાનુડા તારા મનમાં નથી.
આવા શિયાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારાં કાળજડાં ઠરી ઠરી જાય રે,
છબીલા તારા મનમાં નથી હું તો કાગળિયા...

આવા ઊનાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારા પગડા બળી બળી જાય રે,
છોગાળા તારા મનમાં નથી. હું તો કાગળિયા...

આવા ચોમાસાના ચાર ચાર મહિના આવ્યા,
મારી ચૂંદલડી ભીંજાઈ ભીંજાઈ જાય રે
હઠીલા તારા મનમાં નથી. હું તો કાગળિયા...

## ૪. કાન તારે તળાવ

હાં રે કાન તારે તળાવ, તારે તળાવ,
રુમઝુમતી રમવા હું નીસરી,
રમવા હું નીસરીને સુઝબુઝ વીસરી
હાં... હાં... રે કાન તારે તળાવ..

હાં રે કાન તારે તળાવ, નાક કેરી નથડી હું વીસરી
નથડી હું વીસરીને સુઝબુઝ વીસરી
હાં... હાં... રે કાન તારે તળાવ..

હાં રે કાન તારે તળાવ, ગળા કેરો હારલો હું વીસરી
હારલો હું વીસરીને સુઝબુઝ વીસરી
હાં... હાં... રે કાન તારે તળાવ..

હાં રે કાન તારે તળાવ, પગ કેરાં ઝાંઝરાં હું વીસરી
ઝાંઝરાં હું વીસરીને સુઝબુઝ વીસરી
હાં... હાં... રે કાન તારે તળાવ, તારે તળાવ,

રુમઝુમતી રમવા હું નીસરી,
રમવા હું નીસરીને સુઝબુઝ વીસરી
હાં... હાં... રે કાન તારે તળાવ, તારે તળાવ,



## ૫. ઊંચે રે ટીંબે

ઊંચે રે ટીંબે માડી મારું સાસરું
નીચે છે કાંઈ ચારણિયાના નેસ રે
મારાં વીરને કે'જો, વીરને કે'જો તે આણાં મોકલે.

સાડલો રે ફાટ્યો બેની મારે ઘૂમટે,
જાય છે મારાં પિયરિયાની લાજ રે
મારાં વીરને કે'જો...

કાપડું રે ફાટ્યું બેની મારે કમખે,
જાય છે મારાં પિયરિયાની લાજ રે,
મારાં વીરને કે'જો, વીરને...

ઘાઘરો રે ફાટ્યો બેની મારે ગોઠણે,
જાય છે મારાં મહિયરિયાની લાજ રે,
મારાં વીરને કે'જો, વીરને...

મોજડી રે ફાટી બેની મારા પગની,
જાય છે મારાં મહિયરિયાની લાજ રે,
મારાં વીરને કે'જો, વીરને...

## ૬. વીંઝણો લ્યો

ઢોલજી હાલ્યા ચાકરી રે ઢોલાજી વીંઝણો લ્યો
કે મને હાર્યે તેડતાં જાવ રાજ ઢોલાજી,
ઢોલાજી વીંઝણો લ્યો.
તલવાર સરીખી ઢોલા ઊજળી રે, ઢોલાજી વીંઝણો લ્યો.
કે તારી કેડ્યમાં ઝૂલતી આવું રાજ ઢોલાજી.
ઢોલાજી વીંઝણો લ્યો.
રૂમાલ સરીખી ઢોલા રેશમી રે, ઢોલાજી વીંઝણો લ્યો,
કે તારા હાથમાં રમતી આવું રાજ ઢોલાજી,
ઢોલાજી વીંઝણો લ્યો.
સૂડી સરખી ઢોલા વાંકડી રે, ઢોલાજી વીંઝણો લ્યો,
કે તારા ગુંજામાં રમતી આવું રાજ ઢોલાજી,
ઢોલાજી વીંઝણો લ્યો.
પાન સરીખી ઢોલા પાતળી રે, ઢોલાજી વીંઝણો લ્યો,
કે તારા મુખડે રમતી આવું રે રાજ ઢોલાજી,
ઢોલાજી વીંઝણો લ્યો.



## ૭. વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

ગામમાં સાસરું ને ગામમાં પિયરિયું રે લોલ,
દીકરી કે'જે સુખદુઃખની વાત જો
કવળા સાસરિયામાં જીતવા રે લોલ.
સુખના દા'ડા તે માતા વહી ગયા રે લોલ,
દુઃખના ઊગ્યા ઝીણાઝીણા ઝાડ જો,
કવળા સાસરિયામાં જીતવા રે લોલ.
પાસે તે ઊભી નણંદી સાંભળે રે લોલ,
વહુ કરે છે આપણાં ઘરની વાત જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.
સાસુએ જઈ સસરાને સંભળાવ્યું રે લોલ...
સસરે જઈ જેઠને સંભળાવ્યું રે લોલ...
જેઠે જઈ પરણ્યાને સંભળાવ્યું રે લોલ...
પરણ્યે જઈ તેજલ ઘોડી ખેલવી રે લોલ,
જઈ ઊભો છે ગાંધીડાંને હાટજો
વહુએ વગોવ્યા મોટાં ખોરડાં રે લોલ.
અધશેર અમલીયાં તોળાવ્યાં રે લોલ,
પાશેરો તોળાવ્યો સોમલ ખારજો,
વહુએ વગોવ્યા મોટાં ખોરડાં રે લોલ.

સોનલ વાટકડે અમલ ઘોળિયા રે લોલ.
પીવો ગોરી નકર હું પી જાઉં રે
વહુએ વગોવ્યા મોટાં ખોરડાં રે લોલ.
ઘટક દઈને ગોરાં દે પી ગયા રે લોલ,
ઘરચોળાંની ઠાંસી એણે સોડ્યજો
વહુએ વગોવ્યા મોટાં ખોરડાં રે લોલ.
બાળી ઝાળીને જીવડો ઘરે આવ્યો રે લોલ,
હવે માડી મંદિરિયે મોકળાશ જો
ભવનો આશિયાળો હવે હું થયો રે લોલ.
હવે માડી દેજો દોટા-દોટ જો
સૌનો ઓશિયાળો હવે હું થયો રે લોલ.



## ૮. જોબનિયું કાલે જાતું રે'શે

જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે
જોબનિયું કાલે જાતું રે'શે.
જોબનિયાને હાથની હથેળીમાં રાખો
જોબનિયું કાલે જાતું રે'શે.
જોબનિયાને આંખના ઉલાળામાં રાખો
જોબનિયું કાલે જાતું રે'શે.
જોબનિયાને પાઘડીના આંટામાં રાખો
જોબનિયું કાલે જાતું રે'શે.
જોબનિયાને માથાના અંબોડલાં રાખો
જોબનિયું કાલે જાતું રે'શે.
જોબનિયાને પગ કેરી પાનીયુમાં રાખો
જોબનિયું કાલે જાતું રે'શે.
જોબનિયું આજ આવ્યું ને કાલે જાશે
જોબનિયું કાલે જાતું રે'શે.

## ૯. આવડા મંદિરમાં

આવડા મંદિરમાં હું તો એકલી રે લોલ,
કેમ કરી મારા દઃખના દા'ડા જાય જો,
મારો પરણ્યો હાલ્યો રે વેરણ ચાકરી રે લોલ.

ઘર રે પરમાણે ગોરી, તમે રે'જો રે લોલ (૨)
રાખજો તમે વહુવારુંની રીત જો
મારાં પંડ્ય રે હશે તો પાછા પૂગશું રે લોલ.
આવડાં મંદિરમાં...

કુળ રે પરમાણે ગોરી, તમે રે'જો રે લોલ (૨)
રાખજો તમે વહુવારુંની રીત જો,
મારાં પંડ્ય રે હશે તો પાછા પૂગશું રે લોલ.

આવડા મંદિરમાં હું તો એકલી રે લોલ,
કેમ કરી મારા દુઃખના દા'ડા જાય જો,
મારો પરણ્યો હાલ્યો રે વેરણ ચાકરી રે લોલ.



## ૧૦. એક ઝાડ માથે ઝૂમખડું

એક ઝાડ માથે ઝૂમખડું,
ઝૂમખડે રાતાં ફૂલ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો.
એક ગોખ માથે ભાભલડી,
ભાભજના રાતા દાંત રે,
ભમ્મર રે રંગ ડોલરિયો.
એક બેન માથે ચૂંદલડી,
ચૂંદડીએ રાતી ભાત રે,
ભમ્મર રે રંગ ડોલરિયો.
એક વહુઆરું માથે સેંથલિયો,
સેંથલિયો લાલ હિંગાળ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો.
એક પાળ માથે પારેવડું,
પારેવડે રાતી ચાંચ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો.
એક સમંદર કાંઠે સેજલડી
સેજલડીએ રાતા હોજ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો.

## ૧૧. રઢિયાળી રાતડીનો જોજે રંગ

ઢોલીડા, ઢોલ ધીમે ધીમે વગાડના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાયના.
ઢોલીડા...

ચમકતી ચાંદનીમાં, ઝાંઝરનો ઝમકાર,
મોરલીના નાદ સાથે તાળિયુંનો તાલ,
તાલની રમઝટમાં ઈને કોઈથી પો'ચાયના
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાયના.
ઢોલીડા...

જમુનાને કાંઠે રૂડો પનઘટનો ઘાટ,
રસે રમે સે વાલો ગોપીયુના સાથ,
એક એક ગોપિયુમાં કાન ઓળખાયના
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાયના.
ઢોલીડા...

વાંકડીયા વાળ શોભે કેસર કલાળ,
મોગરાની વેણીમાં નાખ્યા ચંપા બે-ચાર,
આછી આછી ઓઢણીમાં રૂપ એનું માયના
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાયના.
ઢોલીડા...



## ૧૨. કાનો દાણ માગે

કા'નો દાણ માગે, ધુતારો દાણ માગે,
હાં રે એની મોરલીમાં વેણરસ વાગે,
કાનુડો દાણ માગે.
કા'નો દાણ...
હાં રે કા'ન કિયા મલકનો તું સૂબો,
હાં રે મારા મારગમાં શેનો ઊભો,
કાનુડો દાણ માગે.
કા'નો દાણ...
હાં રે કા'ન કિયા મલકનો તું દાણી,
હાં રે મારી ચૂંદલડી શેને તાણી,
કાનુડો દાણ માગે,
કા'નો દાણ...
હાં રે કા'ન કિયા મલકનો તું રાજા,
હાં રે તારે સંગે ગોવાળિયા ઝાઝા,
કાનુડો દાણ માગે.
કા'નો દાણ માગે ધુતારા દાણ માગે.
હાં રે એની મોરલીમાં વેણરસ વાગે.
કાનુડો દાણ માગે.

## ૧૩. ચંદન તલાવડી રોકી કાનુડે

ચંદન તલાવડી રોકી કાનુડે, જળ ભરવાના દીયે
કાનુડો મારી ખેંધે પડ્યો છે.
ખેંધે પડ્યો છે ગુણગારો, હઠીલો મારી ખેંધે પડ્યો છે.
વનમાં કાનુડો, નાવણિયા માગે, વનમાં નાવણિયા ક્યાંથી
કાનુડો મારી ખેંધે પડ્યો છે.
વનમાં કાનુડો ભોજનિયા માગે, વનમાં ભોજનિયા ક્યાંથી
કાનુડો મારી ખેંધે પડ્યો છે.
વનમાં કાનુડો ઉતારા માગે, વનમાં ઉતારા ક્યાંથી
કાનુડો મારી ખેંધે પડ્યો છે.



## ૧૪. વાદલડી વરસી રે...

વાદલડી વરસી રે સરોવર છલી વળ્યા,
મારા પગ કેરાં કડલાં રે, વીરો મારો લેવા હાલ્યો,
વીરા લઈને વેલો આવજે રે, માંડવિયા મારે ઘેરે બેઠાં
વાદલડી વરસી...
સાસરિયામાં મહાલવું રે, પિયરિયામાં છૂટાછેડા.
મારા હાથકેરી બંગડી રે, વીરો મારો લેવા હાલ્યો
વીરા લઈને વેલો આવજે રે, સાસરિયા મારે ઘેરે બેઠાં.
વાદલડી વરસી રે...
મારા નાક કેરી નથડી રે, વીરો મારો લેવો હાલ્યો,
વીરા લઈને વેલો આવજે રે, માંડવિયા મારે ઘેરે બેઠાં.
વાદલડી વરસી...
મારા ડોક કેરો હારલો રે વીરો મારો લેવા હાલ્યો,
વીરા લઈને વેલો આવજે રે, સાસરિયા મારે ઘેરે બેઠાં.
વાદલડી વરસી...

## ૧૫. ઝાલાવાડી ઝબલી

ઓય ઓય રે, ઝાલાવાડી ઝબલી રે,
મેળામાં તારે સાલવું સે કે નંઈ!
સાલવું સે મારે સાલવું સે
મારા હાહરિયામાં મૈડામૈડ
આંય વાયો'સ અલ્યા બાજરોને
વઢિયાર વાયસ જાર.
ઓય ઓય રે, ઝાલાવાડી ઝબલી રે,
મેળામાં તારે સાલવું સે કે નંઈ!
સાલવું સે મારે સાલવું સે,
પણ તારી હાર્યે ફાવસે નંઈ,
આંય વાયા'સ અલ્યા ઘઉંલા ને
વઢિયારમાં વાયસ મકઈ.
ઓય ઓય રે, ઝાલાવાડી ઝબલી રે,
મેળામાં તારે સાલવું સે કે નંઈ!
સાલવું સે મારે સાલવું સે,
પણ ઉતાળ્યો થાતો નંઈ,
ઓય ઓય રે, ઝાલાવાડી ઝબલી રે
મેળામાં તારે સાલવું સે કે નંઈ.



## ૧૬. સાયબા હું રે તાંબાની હેલે...

સાયબા હું રે તાંબાની હેલે પાણીડાં નંઈ ભરું રે લોલ,
કે સાયબા મને રૂપલાં બેડાંની ઘણી હામ રે, સાયબા...

સાયબા મારાં સસરા ખરાં પણ વેગળાં,
કે સાયબા મને લાજ્યું કાઢ્યાંની ઘણી હામ રે, સાયબા...

સાયબા મારાં સાસુ ખરાં પણ વેગળાં,
કે સાયબા મને પાયે પડ્યાંની ઘણી હામ રે, સાયબા...

સાયબા મારાં જેઠ ખરાં પણ વેગળાં,
કે સાયબા મને ઝીણું બોલ્યાંની ઘણી હામ રે, સાયબા...

સાયબા મારાં જેઠાણી ખરાં પણ વેગળાં,
કે સાયબા મને વાદે ચઢ્યાંની ઘણી હામ રે, સાયબા...

સાયબા મારાં દિયર ખરાં પણ વેગળાં,
કે સાયબા મને મીઠું મલકવાની ઘણી હામ રે, સાયબા...

સાયબા મારાં નણંદ ખરાં પણ વેગળાં,
કે સાયબા મને માથાં ગૂથ્યાંની ઘણી હામ રે, સાયબા...

## ૧૭. બંગલા કૈસા બનાયા

ધડબડ ધડબડ નગારાં વાગે,
હરહર ગોમતી ગાજે રે બંગલા કૈસા બનાયા?

વા'ણે ચડીને વા'લો ઈંટુ મંગાવે,
ઈંટુના બંગલા બનાયા રે, બંગલા કૈસા બનાયા?
કેસા બનાયા રે ગોરી, કેસા બનાયા?
ડેલીએ ડંકા દીધા રે બંગલા એસા બનાયા.

વા'ણે ચડીને વાલો લવીંગ મંગાવે,
લવીંગના ખૂંટા કીધા રે બંગલા એસા બનાયા.
કેસા બનાયા રે ગોરી, કેસા બનાયા?
ડેલીએ ડંકા દીધાં રે, બંગલા એસા બનાયા.



## ૧૮. રૂમાલ મારો લેતાં જાજો...

મારી સગી નણંદબાઈના વીરા
રૂમાલ મારો લેતાં જાજો,
લેતાં જાજો ને દલ દેતાં જાજો,
મારી સગી નણંદબાઈના વીરા.
રૂમાલ મારો લેતાં જાજો.
ઊતારા ઓરડાં ને મેડ્યુિના મો'લ છે
આજના ઊતારા આંયા કરતા જાજો.
મારી સગી...
દાંતણ દાડમી ને કણેરાંની કાંબ છે,
આજના દાંતણિયા આંયા કરતા જાજો. મારી...
નાવણ કુંડ્યુિ ને જમનાનાં નીર છે,
આજના નાવણિયા આંયા કરતા જાજો. મારી...
રમત સોગઠો ને પાસાંની જોડ છે
આજની રમત્યું આંયા કરતા જાજો. મારી...

## ૧૯. શેરી વળાવી...

શેરી વળાવી, સજ્જ કરું ને ઘરે આવોને,
મારે આંગણિયે પધરાવું ફૂલ, વાલમ ઘરે આવોને.

ઉતારા દેશું તમને, ઓરડાં ને ઘરે આવોને,
તમને દેશું મેડીના મોલ, વાલમ ઘરે આવોને.

ભોજન દેશું તમને, લાપસીને ઘરે આવોને,
તમને દેશું કઢિયેલાં દૂધ, વાલમ ઘરે આવોને.

પોઢણ દેશું તમને, ઢોલિયાને ઘરે આવોને,
તમને દેશું હિંડોળાખાટ, વાલમ ઘરે આવોને.

મુખવાસ દેશું તમને એલચીને ઘરે આવોને,
તમને દેશું પાનબીડાં પચાસ, વાલમ ઘરે આવોને.



## ૨૦. મોરબીની વાણિયણ

કૂવા કાંઠે ઠીકરી કાંઈ ઘસી ઉજળી થાય.
મોરબીની વાણિયણ મચ્છુ પાણી જાય.
આગળ રે મોરબીની વાણિયણ
પાછળ રે મોરબીના રાજા ઘોડાં પાવા જાય.

કરો રે વાણિયાણી તમારાં બેડલાંનાં મૂલ-
તમારાં બેડલિયાનાં મૂલ.
રેવા દ્યો મોરબીના રાજા, મુને જાવા દ્યો જીવાજી ઠાકોર
નથી કરવાં મૂલ.
મારે રે બેડલિયે તારા ઘોડા થાસે ડૂલ.
આગળ રે મોરબી...

કરો રે વાણિયાણી તમારી ઈંઢોણીનાં મૂલ -
તમારી ઈંઢોણીનાં મૂલ,
રેવા દ્યો મોરબીના રાજા, મુને જાવા દ્યો જીવાજી ઠાકોર
નથી કરવા મૂલ,
મારી રે ઈંઢોણીએ હાથી થાશે ડૂલ.
આગળ રે મોરબી...

કરો રે વાણિયાણી તમારા અંબોલડાંનાં મૂલ -
તમારા અંબોલડાંનાં મૂલ.
રેવા દ્યો મોરબીના રાજા, મુને જાવા દ્યો જીવાજી ઠાકોર
નથી કરવા મૂલ,
મારે અંબોડે તારી રાણી થાશે ડૂલ.
આગળ રે મોરબી...

કરો રે વાણિયાણી તમારી પાનીયુંનાં મૂલ -
તમારી પાનીયુંનાં મૂલ,
રેવા દ્યો મોરબીના રાજા, મુને જાવા દ્યો જીવાજી ઠાકોર
નથી કરવા મૂલ,
મારી રે પાનીએ તારું રાજ થાશે ડૂલ.
આગળ રે મોરબી...



## ૨૧. લીલી નાઘેરમાં

ઝીણા મોર બોલે આ લીલી નાઘેરમાં,
લીલી નાઘેરમાં ને લીલી વનરાઈમાં. ઝીણા મોર...

ઊતારા કરોને, આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું મેડીના મોલ રાજ. ઝીણા મોર...

દાંતણ કરોને, આજ લીલી નાઘેરમાં
દેશું દેશું કણેરી કાંગ્ય જીરે. ઝીણા મોર...

નાવણ કરોને, આજ લીલી નાઘેરમાં
દેશું દેશું નદીયુના નીર જીરે. ઝીણા મોર...

ભોજન કરોને, આજ લીલી નાઘેરમાં
દેશું દેશું એલચી મુખવાસ જીરે. ઝીણા મોર...

પોઢણ કરોને આજ લીલી નાઘેરમાં
દેશું દેશું હિંડોળાખાટ જીરે. ઝીણા મોર...

## ૨૨. મારે ટોડલે બેઠો રે મોર...

મારે ટોડલે બેઠો રે મોર કાં બોલે,
મારાં હંઈડા હારોહાર, મારાં દલડાં લે'રાલે'ર,
જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર કાં બોલે,
મારે ટોડલે...
મારે કમખે બેઠો રે મોર કાં બોલે,
મારી ચૂંદડી લે'રા, લે'ર, મારાં હંઈડા હારોહાર,
જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર કાં બોલે.
મારે ટોડલે...
મારે હારલે બેઠો રે મોર કાં બોલે,
મારી હાંસડી લે'રા, લે'ર, મારાં હંઈડા હારોહાર,
જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર કાં બોલે.
મારે ટોડલે...
મારે ચૂડલે બેઠો રે, મોર કાં બોલે,
મારી બંગડી લે'રા, લે'ર, મારાં ચૂડલો હારોહાર,
જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર કાં બોલે.
મારે ટોડલે...



## ૨૩. કાન તારી મોરલીએ...

કાન તારી મોરલીયે મોહીને ગરબો ઘેલો કીધો,
એવા સરવણના સાદની, રે માઝમ રાતની,
ઈ રે વાંસલડી ક્યાં રે વાગી.
હે... કાન તારી રે મોરલીયે મોહીને માને મોસાળ મેલ્યાં,
એવા સરવણના સાદની, રે માઝમ રાતની,
ઈ રે વિજોગણ ક્યાં વાગી.
હે... કાન તારી રે મોરલીયે મોહીને, સૈયરનો સાથ મેલ્યો,
એવા સરવણના સાદની, રે માઝમ રાતની,
ઈ રે વેરાગણ ક્યાં રે વાગી.
હે... કાન તારી રે મોરલીયે મોહીને મેં તો બાળ મેલ્યાં,
એવા સરવણના સાદની, રે માઝમ રાતની,
ઈ રે વિજોગણ ક્યાં રે વાગી.
હે... કાન તારી રે મોરલીયે મોહીને કાકા કુટુંબ મેલ્યાં,
એવા સરવણના સાદની, રે માઝમ રાતની,
ઈ રે વેરાગણ ક્યાં રે વાગી.

## ૨૪. કાનુડો કાળજાંની કોર છે

કાનુડો કાળજાંની કોર છે
બેની મારો કાનુડો કાળજાંની કોર છે.
એ લીલી ટોપીને માથે મોર છે. બેની મારો.....

વનમાં કાનુડો દાંતણ મંગાવે,
એ વનમાં દાતણિયાની છોળ છે. બેની મારો.....

વનમાં કાનુડા નાવણ મંગાવે,
એ વનમાં નાવણિયાની છોળ છે. બેની મારો.....

વનમાં કાનુડો ભોજન મંગાવે,
એ વનમાં ભોજનિયાની છોળ છે. બેની મારો......

વનમાં કાનુડો પોઢણ મંગાવે,
એ વનમાં પોઢણિયાની છોળ છે. બેની મારો.....



## ૨૫. જમાદાર જુગારિયો

મારા વાડામાં પાથરેલ ચોપાટ,
જુગાર કોઈ રમશો મા.
એને માથે વાળોને ઊંધું કુંડું જમાદાર જુગારિયો.

ઈ રે જમાદાર નથડી રે હાર્યો,
ટીલડી સીખે હાર્યો જમાદાર જુગારિયો.

ઈ રે જમાદાર કડલા રે હાર્યો,
કાંબીયું સીખે હાર્યો જમાદાર જુગારિયો.

ઈ રે જમાદાર ખેતરું રે હાર્યો,
ખોરડા સીખે હાર્યો જમાદાર જુગારિયો.

ઈ રે જમાદાર છોકરાં રે હાર્યો,
બાયડી સીખે હાર્યો જમાદાર જુગારિયો.

## ૨૬. રંગ મોરલી...

મોરલી તો ચાલી રંગ રૂસણ રે,
કોણ મનાવા જાય, રંગ મોરલી!
સસરો મનાવા જાય રંગ મોરલી!
સસરાની વાળી હું તો નંઈ રે વળું રે,
હાં.. હાં.. હોવે... હું તો મારે મૈયર રઈશ રંગ મોરલી.
સાસુ મનાવા જાય રંગ મોરલી!
સાસુની વાળી હું તો નંઈ રે વળું રે,
હાં.. હાં.. હોવે... હું તો મારે મૈયર રઈશ રંગ મોરલી.
પરણ્યો મનાવા જાય રંગ મોરલી
પરણ્યાની વાળી હું ઝટ રે વળું રે,
હાં.. હાં.. હોવે... હું તો મારે મૈયર નંઈ રઉ રંગ મોરલી.
મોરલી તો ચાલી રંગ રૂસણે રે!
કોણ મનાવા જાય, રંગ મોરલી.



## ૨૭. લટકે હાલોને નંદલાલ

લટકે હાલોને નંદલાલજી રે તારા લટકાંના નંઈ મોલ,
કે લટકે હાલોને.
ઊજળા મંગાવું કાંઈ ચોખલાંને તેની રે રંધાવું ખીર,
કે લટકે હાલોને.
પરથમ જમાડું પિયુ પાતળો, મારી સગી નણંદબાનો વીર.
કે લટકે હાલોને.
પરથમ જમાડું મારા પિયુજીને પછી જમાડું મારો વીર,
કે લટકે હાલોને.
દૂધના વરસાવું રૂડા મેહૂલાને, મારે આંગણ રેલમછેલ,
કે લટકે હાલોને.
આંગણે વવરાવું લીલી એલચીને ટોડલે નાગરવેલ,
કે લટકે હાલોને.
લટકે હાલોને નંદલાલજી રે તારા લટકાંના નંઈ મોલ,
કે લટકે હાલોને.

## ૨૮. ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ

ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં,
હે લેરીડા! હરણ્યુ આથમી રે હાલાર શેરમાં અરજણિયા!

પાવો રે વગાડમાં ઘાયલ, પાવો રે વગાડમાં,
હે લેરીડા! પાવો રે, પરણેતર ઘરે સાંભળે અરજણિયા!

તારે ને મારી ઠીક છે ઘાયલ, તારે મારે ઠીક છે,
હે લેરીડા! ઠીકને ઠેકાણે વે'લો આવજે અરજણિયા!

ગાયો તારી ગોંદરે ઘાયલ, ગાયો તારી ગોંદરે,
હે લેરીડા! વાછરું વઢિયારમાં ઝોલાં ખાય રે અરજણિયા!

ભેંસો તારી ભાલમાં ઘાયલ, ભેંસો તારી ભાલમાં,
હે લેરીડા! પાડરું પાંચાળમાં ઝોલાં ખાય રે અરજણિયા!

ઝાંપે તારી ઝૂંપડી ઘાયલ, ઝાંપે તારી ઝૂંપડી,
હે લેરીડા! આવતાં-જાતાંનો નેડો લાગ્યો અરજણિયા!

લીલો રે ચાહટિયો ઘાયલ, લીલો રે ચાહટિયો
હે લેરીડા! લીલે ચાહટિયે રહ્યું લાગી રે અરજણિયા."



## ૨૯. સોના વાટકડી રે...

સોના વાટકડી કે કેસર ઘોળ્યાં વાલમિયાં,
લીલો તે રંગનો છોડ રંગમાં ઘોળ્યાં વાલમિયા.

પગ પરમાણે કડલાં સોહે રે વાલમિયા,
કાંબીયુંની બબ્બે તારે જોડ, રંગમાં ઘોળ્યાં વાલમિયા.

હાથ પરમાણે ચૂડલો સોહે રે વાલમિયા,
બંગડીની બબ્બે તારે જોડ, રંગમાં ઘોળ્યાં વાલમિયા,

નાક પરમાણે નથડી સોહે રે વાલમિયા,
ટીલડીની બબ્બે તારે જોડ, રંગમાં ઘોળ્યાં વાલમિયા.

ડોક પરમાણે હારલો સોહે રે વાલમિયા,
હાંસડીની બબ્બે તારે જોડ, રંગમાં ઘોળ્યાં વાલમિયા.

## ૩૦. નાગર ઊભા ર્‌યો રંગ રસિયા

સોના ઈંઢોણી, રૂપા બેડલું રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
પાણીડાં ગઈ'તી તળાવ રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
કાંઠે તે કાન ઘોડા ખેલવે રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
કાન મને ઘડુલો ચડાવ્ય રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
તારો ઘડો તે ગોરી ના ચડે રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
થાય મારા ઘરની ફજેત રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
ફટ્ રે ગોઝારા ફટ્ પાપીયા રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
તું છો મારા બાપનો ગોવાળ રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
કેડ રે મરડીને ઘડો ઊંચક્યો રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
તૂટી મારાં કમખાની કસ રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
ભાઈ રે દરજીડા વીરા વીનવું રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
ટાંકી દે મારા કમખાની કસ રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
કેડ્યે તે ટાંક્ય ઘુમ્મર ઘુઘરી રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
હૈડે તે લખ્ય ઝીણાં મોર રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
આવતાં તે વાગે ઘમ્મર ઘુઘરી રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.
વળતાં જી બોલે ઝીણાં મોર રે, નાગર ઊભા ર્‌યો રંગ રસિયા.



## ૩૧. માથે મટુકડી મહીંની...

માથે મટુકડી મહીંની મેલી હું મૈયારણ હાલી રે ગોકુળમાં
હો મારાં શ્યામ, મુજને હરિવા'લા. હો મારા શ્યામ...

સાંકડી શેરીમાં મારાં સસરાજી મળ્યાં,
મુને.. લાજ્યું કાઢ્યાની ઘણી હામ રે ગોકુળમાં,
હો મોરા શ્યામ...

સાંકડી શેરીમાં મારાં સાસુજી મળ્યાં,
મુને.. પાયે પડ્યાની ઘણી હામ રે ગોકુળમાં,
હો મોરા શ્યામ...

સાંકડી શેરીમાં મારાં જેઠજી મળ્યાં,
મુને.. ઝીણું બોલ્યાંની ઘણી હામ રે ગોકુળમાં,
હો મોરા શ્યામ...

સાંકડી શેરીમાં મારાં દેરજી મળ્યાં,
મુને.. મીઠું બોલ્યાંની ઘણી હામ રે ગોકુળમાં,
હો મોરા શ્યામ! મુજને હરિવા'લા.

## ૩૨. આવી રૂડી અજવાળી રાત...

આવી રૂડી અજવાળી રાત,
        રાસે તે રમવા નીસર્યા રે માણારાજ.
રમ્યાં રમ્યાં પો'ર બે પો'ર,
        સાયબોજી તેડાં મોકલે રે માણારાજ.
ઘેર આવો ઘરડાની નાર
        અમારે જાવાં ચાકરી રે માણારાજ.
આવો રૂડો સાહેલડીનો સાથ
        મેલીને સાયબા નંઈ આવું રે માણારાજ.
સાયબાને ચડિયલ રીસ
        ઘોડલે પલાણ નાખીયાં રે માણારાજ.
ગોરીએ ઝાલી ઘોડિયાની વાટ
        અબોલે જાવા નંઈ દઉં રે માણારાજ.
મેલો ગોરી ઘોડલાની વાટ,
        અમારે જાવાં ચાકરી રે માણારાજ.
ઘેર નથી નણંદી કે સાસુજી,
        કોની રે હાર્યે બોલીએ રે માણારાજ.
ગોરી તમને સાહેલડીયુનો સાથ,
        સહેલીયુ સાથે બોલજો રે માણારાજ.



વળી વળી હીરની ગાંઠ
        તૂટે પણ પણ છૂટે નંઈ રે માણારાજ.
ગોરીએ કંઈ સાયબો મનાવ્યો
        અબોલિયા તોડાવિયો રે માણારાજ.

## ૩૩. કચ્છી લોકગીત

ઈઆ કેર મૈયારણ અચે લંબે ઘૂંઘટવાળી રે,
અંજો ચોટલો કાળો નાગ, મકે મોહિની લગી રે.

અંજે કન જેડા કુંડળ, મકે કનમેં ખપે રે
અંજે મોતી જો શણગાર, મકે મોહિની લગી રે.
ઈઆ કેર....

અંજે ડોક જેડી માળા, મકે ડોક મેં ખપે રે,
અંજે હીરે જો શણગાર, મકે મોહિની લગી રે.
ઈઆ કેર....

અંજે હાથ જેડા કંકણ, મકે હથમેં ખપે રે,
અંજે સોનેજો શણગાર, મકે મોહિની લગે રે.
ઈઆ કેર....

અંજે પણ જેડા ઝાંઝર, મકે પગમેં ખપે રે,
અંજે ચાંદી જો શણગાર, મકે મોહિની લગે રે.
ઈઆ કેર....

અંજે ભય જેડા ચણિયા, મકે કેડ મેં ખપે રે,
અંજે આભલાજો શણગાર, મકે મોહિની લગે રે.
ઈઆ કેર....



## ૩૪. આભમાં ઝીણી ઝબૂકે...

આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે,
ઝીણા ઝરમર વરસે મેહ,
ગુલાબી! કેમ કરી જાશો ચાકરી રે!

ભીંજાય હાથી ને ભીંજાય ઘોડલાં રે,
ભીંજાય હાથીનો બેસતલ સૂબો,
ગુલાબી! કેમ કરી જાશો ચાકરી રે!

ભીંજાય મેડી ને ભીંજાય માળિયાં રે,
ભીંજાય મેડીનો બેસતલ સૂબો,
ગુલાબી! કેમ કરી જાશો ચાકરી રે!

તમને વા'લી તમારી ચાકરી રે,
અમને વા'લો અમારો કંથ,
ગુલાબી! કેમ કરી જાશો ચાકરી રે!

## ૩૫. આલા લીલા વાંસડિયા રે...

આલા લીલા વાંસડિયા રે વઢાવો,
એની રે ઉતરાવો મારા પરભુજીની વાંસળી રે લોલ. આલા...

વાંસળિયે કાંઈ હંસ પોપટ ને મોર (૨)
વાંસલડી વગાડે ઓલ્યો નંદજીનો લાડકો રે લોલ. આલા...

વાંસળિયે કાંઈ ફૂમતાં લટકે ચાર (૨)
આંગળીયે અંગૂઠીને અંગૂઠીમાં હીરલા રે લોલ. આલા...

આવ્યા આવ્યા ઓતરાં દશના મેહ, (૨)
પાંદરડાં ખેતરડાં રે હરિ કેરાં છલી વળ્યાં રે લોલ. આલા...

વાંસલડીનો કાંઈ સરવો સરવો સાદ (૨)
વાંસલડી વગાડે ઓલ્યો નંદજીનો લાડકો રે લોલ... આલા...



## ૩૬. આપણા મલકમાં

આપણાં મલકમાં માયળુ માનવી,
માયા મેલીને મરી જાશું, મારા મે’રબાન,
હાલોને આપણા મલકમાં.
આપણા મલકમાં, ઊતારા ઓરડા,
ઊતારા કરી ઘોડે ચડજો, મારા મે’રબાન,
હાલોને આપણા મલકમાં.
આપણા મલકમાં દાતણ દાડમી,
દાતણિયા કરી ઘોડે ચડજો, મારા મે’રબાન,
હાલોને આપણા મલકમાં.
આપણા મલકમાં ભોજન લાપસી,
ભોજનિયા કરી ઘોડે ચડજો, મારા મે’રબાન,
હાલોને આપણા મલકમાં.
આપણા મલકમાં પોઢણ ઢોલિયા,
પોઢણ કરી ઘોડે ચડજો, મારા મે’રબાન,
હાલોને આપણા મલકમાં.

## ૩૭. કાંકરીના માર્યા...

કાંકરીના માર્યા કદી ના મરીએ
મેણાંના માર્યા મરીએ વાલીડો
નેણો લગાડ્યો તમ સાથે રે.

હે... રસિયે વાડી રોપાવી ડોલરની રે,
ડોલર વીણવા જઈએ વા'લીડા. નેણો...

હે... રસિયે વાડી રોપાવી લવીંગની રે,
લવીંગ વીણવા જઈએ વા'લીડા. નેણો...

હે... રસિયે વાડી રોપાવી એલચીની રે,
એલચી વીણવા જઈએ વા'લીડા. નેણો...

હે... રસિયે વાડી રોપાવી સોપારીની રે,
સોપારી વીણવા જઈએ વા'લીડા. નેણો...



## ૩૮. વનમાં ચાંદલિયો ઊગ્યો રે...

કે વનમાં ચાંદલિયો ઊગ્યો રે
કે રસિયા, મને સૂરજ થઈ લાગ્યો.

હે રસિયા મોરા (૪) શેરીએ પડાવું સાદ રે,
ઉતારા કરવાને કાજ રે. કે વનમાં...

હે રસિયા મોરા (૪) શેરીએ પડાવું સાદ રે,
દાતણ કરવાને કાજ રે. કે વનમાં...

હે રસિયા મોરા (૪) શેરીએ પડાવું સાદ રે,
નાવણ કરવાને કાજ રે. કે વનમાં...

હે રસિયા મોરા (૪) શેરીએ પડાવું સાદ રે,
ભોજન કરવાને કાજ રે. કે વનમાં...

હે રસિયા મોરા (૪) શેરીએ પડાવું સાદ રે,
પોઢણ કરવાને કાજ રે. કે વનમાં...

## ૩૯. સાયબા સડકુ બંધાવ...

સાયબા સડકુ બંધાવ, વાગડ જાવા,

વાગડની વાટે મને તડકલા લાગે,
સાયબા આંબા રોપાવ, વાગડ જાવા.
સાયબા સડકુ....

વાગડની વાટે મને ભૂખલડી લાગે,
સાયબા કંદોઈ બેસાડ, વાગડ જાવા.
સાયબા સડકુ....

વાગડની વાટે મને તરસલડી લાગે,
સાયબા કૂવા ગોળાવ, વાગડ જાવા.
સાયબા સડકુ....

વાગડની વાટે મને કાંટા રે લાગે,
સાયબા ફૂલડાં પથરાવ, વાગડ જાવા.
સાયબા સડકુ....



## ૪૦. ખમ્મા મારા નંદજીના લાલ...

ખમ્મા મારા નંદજીના લાલ,
મોરલી કાં રે વગાડી,
હું તો સૂતી'તી મારા શયભવનમાં,
સાંભળ્યો મોરલીનો નાદ. મોરલી...
ભર રે નીંદરમાં ઝબકીને જાગી,
ભૂલી બેઠી હું રે સાનભાન. મોરલી...
પાણીડાંની મસે જીવન જોવાને નીકળી,
દીઠ્યાં મેં તો નંદજીના લાલ. મોરલી...
દોણું રે લઈને ગાયું દો'વા હું બેઠી,
નેતરા લીધા કાંઈ હાથ. મોરલી...
વાછડું વરાહે મેં તો છોરું ને બાંધ્યાં
નેતરા લીધા કાંઈ હાથ. મોરલી...

## ૪૧. હો રંગ રસિયા...

હો રંગ રસિયા, ક્યાં રમી આવ્યા રાસ જો,
આ આંખલડી રાતી રે, ઉજાગરો ક્યાં કર્યો?

આજ અમે ગ્યા'તા, સુથારીને હાટ જો,
એવા બાજઠિયા રે મૂલવતાં, વાણલા વાઈ ગયા. હો રંગ...

આજ અમે ગ્યા'તા, સોનીડાને હાટ જો,
એવા હારલિયો મૂલવતાં, વાણલા વાઈ ગયા. હો રંગ...

આજ અમે ગ્યા'તા, મણિયારાને હાટ જો,
આ ચૂડલિયુ રે મૂલવતાં, વાણલા વાઈ ગયા. હો રંગ...

આજ અમે ગ્યા'તા, વાણીડાને હાટ જો,
આ ચૂંદલડી રે મૂલવતાં, વાણલા વાઈ ગયા. હો રંગ...

આજ અમે ગ્યા'તા, માનીતીને મોલ જો,
એ માનેતીને રે મનાવતા, વાણલા વાઈ ગયા. હો રંગ...



## ૪૨. ઘમ્મ રે ઘમ ઘંટી...

ઘમ્મ રે ઘમ ઘંટી, ઘમઘમ થાય,
ઝીણું દળું તો ઊડી ઊડી જાય,
જાડું દળું તો કોઈ ના ખાય. ઘમ્મ...

સસરાજી મારાં એવા સવાદિયા,
હાલતા જાય, ચાલતા જાય,
લાડવાનું બટકું ભરતા જાય. ઘમ્મ...

સાસુજી મારાં એવા સવાદિયા,
હાલતા જાય, ચાલતા જાય,
લાપસીના કોળિયા લેતાં જાય. ઘમ્મ...

જેઠજી મારાં એવા સવાદિયા,
હાલતા જાય, ચાલતા જાય,
બરફીના બટકાં ભરતાં જાય. ઘમ્મ...

જેઠાણી મારાં એવા સવાદિયા,
હાલતા જાય, ચાલતા જાય,
મારી હાર્યે વાદે વદતાં જાય. ઘમ્મ...

દિયર મારો એવો મજાકિયો,
હાલતો જાય, ચાલતો જાય,
        માથામાં ટપલું મારતો જાય. ઘમ્મ...

દેરાણી મારી એવી બોલકણી,
હાલતી જાય, ચાલતી જાય,
        મેણાંને ટોણાં મારતી જાય. ઘમ્મ...



## ૪૩. વીડી વાઢવા રે લોલ

સવા બશેરનું મારું દાતરડું રે લોલ!
ઘડ્યું ઓલ્યા લાલિયે લુહાર, મુઝા વાલમજી લોલ,
હવે નંઈ જાઉં વીડી વાઢવા રે લોલ!

        પરણ્યાએ ને મેં તો ઝાલ્યો કેડલો રે લોલ,
        જઈ ઊભા વાડીની મોરા, મુઝા વાલમજી લોલ,
        હવે નંઈ જાઉં વીડી વાઢવા રે લોલ!

પરણ્યે વાળ્યા રે પાંચ પૂળિયા રે લોલ,
મેં રે વાળ્યા રે દસવીસ, મુઝા વાલમજી લોલ,
હવે નંઈ જાઉં વીડી વાઢવા રે લોલ!

        અવળે તે બંધિયે આગર્યા રે લોલ,
        ઢીંચણ દઈને બાંધ્યા ચાર, મુઝા વાલમજી લોલ,
        હવે નંઈ જાઉં વીડી વાઢવા રે લોલ!

પરણ્યાનો ભાર મે ચડાવિયો રે લોલ,
હું રે ઊભી વાડી મોઝાર, મુઝા વાલમજી લોલ,
હવે નંઈ જાઉં વીડી વાઢવા રે લોલ!

        વાટે જતા ભાઈ વટેમારગુ રે લોલ,
        ભાઈ મુને ભારી તું ચડાવ્ય, મુઝા વાલમજી લોલ,
        હવે નંઈ જાઉં વીડી વાઢવા રે લોલ!

તુજ સરખીને તુજ જેવડી રે લોલ,
એ તો મારા ઘર્ય કેરી નાર, મુઝા વાલમજી લોલ,
હવે નંઈ જાઉં વીડી વાઢવા રે લોલ!

તુજ સરખો ને તુજ જેવડો રે લોલ,
એ તો મારે ગાયુંનો ગોવાળ, મુઝા વાલમજી લોલ,
હવે નંઈ જાઉં વીડી વાઢવા રે લોલ!

પરણ્યાનો આવી પાલી જારડી રે લોલ,
મુને આવ્યા મા'ણા ચાર, મુઝા વાલમજી લોલ,
હવે નંઈ જાઉં વીડી વાઢવા રે લોલ!

પરણ્યે તે ભર્યું એનું પેટડું રે લોલ,
મેં તો જમાડ્યો મારો વીર, મુઝા વાલમજી લોલ,
હવે નંઈ જાઉં વીડી વાઢવા રે લોલ!



## ૪૪. નટવર નાનો રે...

નટવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં
નંદકુંવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં.

કયો તો ગોરી રે તને હાલારથી હાથીડા મંગાવી દઉં,
હાથીડાનો વો'રનાર કાનો રમે છે મારી કેડમાં.

કયો તો ગોરી રે તને ઘોઘાના ઘોડલા મંગાવી દઉં,
ઘોડલાનો ખેલનાર રે કાનો રમે છે મારી કેડમાં.

કયો તો ગોરી રે તને ચીત્તળની ચૂંદડી મગાવી દઉં,
ચૂંદડીનો વો'રનાર રે કાનો રમે છે મારી કેડમાં.

નટવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં.
નંદકુંવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં.

## ૪૫. રૂડીને રંગીલી રે...

રૂડીને રંગીલી રે વા'લા તારી વાંસળી રે લોલ.
બેડાં મેલ્યાં માનસરોવર પાળ જો,
આ ઈંઢોણી લટકાવી રે આંબલિયાની ડાળીએ રે લોલ.
રૂડીને...
છેડો મેલો પાતળિયા ભગવાન જો,
સાસુડી હઠીલી રે, નણંદલ મે'ણા મારશે રે લોલ.
રૂડીને...
વાગે તારા ઝાંઝરનો ઝમકાર જો,
હળવા હળવા હાલો રાણી રાધિકા રે લોલ.
રૂડીને...
જીવડો મારો આકુળ-વ્યાકુળ થાય જો,
કોઈએ દીઠો રે મારો કામણગારો રે લોલ.
રૂડીને...
રૂડીને રંગીલી રે વા'લા તારી વાંસળી રે લોલ.
બેડાં મેલ્યાં માનસરોવર પાળ જો,
આ ઈંઢોણી લટકાવી રે આંબલિયાની ડાળીએ રે લોલ.



## ૪૬. રાધાજીના ઊંચા મંદિર

રાધાજીના ઊંચા મંદિર, નીચાં મો'લ,
ઝરૂખડે દીવા બલે રે લોલ.

રાધા-ગોરી ગરબો રમવા આવો,
સાહેલી સહુ ટોળે વળે રે લોલ. રાધાજીના...

ત્યાં છે મારા રમેશભાઈની ગોરી,
આંગળીએ રતન જડ્યા રે લોલ. રાધાજીના...

ત્યાં છે મારા નરેશભાઈની ગોરી,
પગલીએ પદમ જડ્યાં રે લોલ. રાધાજીના...

ત્યાં છે મારા રાહુલભાઈની ગોરી,
આંખલડીએ અમી ઝરે રે લોલ. રાધાજીના...

ત્યાં છે વિજયભાઈની ગોરી,
મુખલડે ફૂલડાં ખરે રે લોલ.

રાધાજીના ઊંચા મંદિર, નીચાં મો'લ,
ઝરૂખડે દીવા બલે રે લોલ.

## ૪૭. પાણી ગ્યા'તા રે બેની...

પાણી ગ્યા'તા રે બેની અમે તળાવનાં રે,
પાળેથી લપસ્યો પગ, બેડાં મારાં નંદવાણા રે.

ચોરે બેઠાં રે, બેની મારાં સસરાજી રે,
કેમ કરી ઘરમાં જઈશ, બેડા મારાં નંદવાણા રે.
લાંબા તાણીશ રે, બેની મારા ઘૂમટા રે,
હળવે હળવે જઈશ, બેડાં મારાં નંદવાણા રે.

ડેલીએ બેઠાં રે, બેની મારાં જેઠજી રે,
કેમ કરી ઘરમાં જઈશ, બેડા મારાં નંદવાણા રે.
લાંબા તાણીશ રે, બેની મારા ઘૂમટા રે,
હળવે હળવે જઈશ, બેડાં મારાં નંદવાણા રે.

મેડીએ બેઠાં રે, બેની મારો પરણ્યોજી રે,
કેમ કરી ઘરમાં જઈશ, બેડા મારાં નંદવાણા રે.
આછા તાણીશ રે, બેની મારા ઘૂમટા રે,
રૂમઝૂમ કરતી જઈશ, બેડાં મારાં નંદવાણા રે.



## ૪૮. મેંદી તે વાવી માળવે...

મેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે,
મેંદી રંગ લાગ્યો.
નાનો દિયરિયો લાડકો ને કાંઈ લાવ્યો મેંદીનો છોડ રે,
મેંદી રંગ લાગ્યો.
વાટી ઘૂંટી ને ભર્યા વાડકાને, ભાભી રંગો તમારાં હાથ રે,
મેંદી રંગ લાગ્યો.
હાથ રંગીને દેરીડા શું રે કરું, એનો જોનારો પરદેશ રે,
મેંદી રંગ લાગ્યો.
લાખ ટકા આપું રોકડાને, કોઈ જાયે જો દરિયાપાર રે,
મેંદી રંગ લાગ્યો.
શોક્યના સાયબાને જઈ કે'જો જરા, તારી બેની પરણે ઘર્ય આવ્ય રે!
મેંદી રંગ લાગ્યો.
શોક્યના સાયબાને જઈ કે'જો જરા, તારી માડી મરે ઘર્ય આવ્ય રે,
મેંદી રંગ લાગ્યો.
શોક્યના સાયબાને જઈ કે'જો જરા, તારી માનીતીની ઊઠી આંખ રે,
મેંદી રંગ લાગ્યો.
હાલો સિપાયું, હાલો બંધુ, હવે હલકે બાંધો હથિયાર રે,
મેંદી રંગ લાગ્યો.

## ૪૯. પરદેશી મણિયારો...

હા... મણિયારો તે હલું હલું થઈ રિયોને
મુઝા દલડાં ઉદાસીમાં હોય રે,
છેલ મુંઝો, વરણાગી મણિયારો,
કે છેલ મુંઝો પરદેશી મણિયારો.

હાં... મણિયારો તે કળાયેલ મોરલો રે
મણિયારો તે કળાયેલ મોરલો ને
કાંઈ હું રે ઢલકતી ઢેલ રે,
છેલ મુંઝો, વરણાગી મણિયારો,
કે છેલ મુંઝો પરદેશી મણિયારો.

હાં... અણિયારી તે ગોરી તારી આંખડી રે (૨)
કાંઈ હું રે આંજેલ એમાં મેશ રે,
છેલ મુંઝો, વરણાગી મણિયારો,
કે છેલ મુંઝો પરદેશી મણિયારો.

હાં... મણિયારો તે અડાબીડ આંબલો રે (૨)
કાંઈ હું રે, કોયલડીનો કંઠ રે,
છેલ મુંઝો, વરણાગી મણિયારો,
કે છેલ મુંઝો પરદેશી મણિયારો.



હાં... પનિહારીનું ઢળકતું બેડલું રે, (૨)
કાંઈ હું રે, છલકતું એમાં નીર રે,
છેલ મુંઝો, વરણાગી મણિયારો,
કે છેલ મુંઝો પરદેશી મણિયારો.

## ૫૦. ઝૂલણ મોરલી વાગી રે...

ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર
હાલોને જોવા જઈ રે, મોરલી વાગી રે રાજાના કુંવર...

માથે મેવાડી મોળિયા, રાજાના કુંવર
ખભે ખંતીલો ખેસ રે, મોરલી વાગી રે...

કાન તે કુંડળ સોહતા, રાજાના કુંવર
કંઠે એકાવન વેઢ રે, મોરલી વાગી રે...

બાયે બાજુબંધ બેરખા, રાજાના કુંવર,
દશે આંગળિયે વેઢ રે, મોરલી વાગી રે...

પગે રાઠોડી મોજડી, રાજાના કુંવર,
હાલે ચટકતી ચાલ રે, મોરલી વાગી રે...

કેડે કટારા વાંકડાં, રાજાના કુંવર
ખંભે તે સોહતી ઢાલ રે, મોરલી વાગી રે...

ચડવા તે ઘોડો હંસલો, રાજાના કુંવર
ઉપર પિત્તળિયો પલાણ રે, મોરલી વાગી રે...



## ૫૧. મારાં હીરાગર મોરલાં

મારાં હીરાગર મોરલાં ઊઠી જાજે,
ઊડી જાજે ને સામે વડલે જાજે
મારા હીરાગર...
મારાં પગ કેરા કડલા લેતો જાજે,
લેતો જાજેને સામે વડલે જાજે.
મારા હીરાગર...
મારાં હાથ કેરો ચૂડલો લેતો જાજે,
લેતો જાજેને સામે વડલે જાજે.
મારા હીરાગર...
મારાં ડોક કેરી આંહડી લેતો જાજે,
લેતો જાજેને સામે વડલે જાજે.
મારા હીરાગર...
મારાં નાક કેરી નથડી લેતો જાજે,
લેતો જાજેને સામે વડલે જાજે.
મારા હીરાગર...
મારાં હીરાગર મોરલાં ઊડી જાજે,
ઊડી જાજેને દલ દેતો જાજે.
મારા હીરાગર...

## ૫૨. ઓલ્યે કાનુડે મુને બાણ માર્યા રે...

છેક હલકે ઈંઢોણી માથે હેલ લેવી છે,
મારે જાવાં સરવરિયાના નીર રે,
ઓલે... ઓલ્યે કાનુડે મુને બાણ માર્યા રે.

સામે સસરા ઊભાને તમે શું જુઓ રે?
મારે જોવા વહુવારુ તારાં તેજ રે
ઓલે... ઓલ્યે કાનુડે મુને બાણ માર્યા રે.

સામે સાસુ ઊભાને તમે શું જુઓ રે?
મારે જોવા વહુવારુ તારા વળાંટ રે
ઓલે... ઓલ્યે કાનુડે મુને બાણ માર્યા રે.

સામે પરણ્યો ઊભાને તમે શું જુઓ રે?
મારે જોવો ગોરાંદે તારા નેહ રે.
ઓલે... ઓલ્યે કાનુડે મુને બાણ માર્યા રે.



## ૫૩. મેં તો ડુંગર કોરીને

મેં તો ડુંગર કોરીને ઘર કર્યા,
મેં તો કાચનાં કોર્યા રે કમાડ રે,
સાયબા! અબોલડા હવે ભવના રિયાં.

મેં તો અગર ચંદનના ચૂલો કોર્યો,
મેં તો ટોપરડે ભર્યા રે ઓબાળ રે,
સાયબા! અબોલડા હવે ભવના રિયાં.

મેં તો ગવલી ગાયના દૂધના આંધણ મેલ્યાં,
મેં તો ચોખલાં ઓર્યાં રે અધશેર રે,
સાયબા! અબોલડા હવે ભવના રિયાં.

એક અધ્ધર સમળી સમસમે,
બાઈ મારો સંદેશો લઈ જા રે,
સાયબા! અબોલડા હવે ભવના રિયાં.

મારા દાદાની ડેલીએ જઈ કે'જે,
તમારી દીકરીની પડ્યા બોવ દુઃખ રે,
સાયબા! અબોલડા હવે ભવના રિયાં.

દીકરી દુ:ખડા હોય તો વેઠી લે'જો.
દીકરી સુખડા તો વેઠે સૈઉ રે,
સાયબા! અબોલડા હવે ભવના રિયાં.

દાદા ખેતર હોય તો ખેડી લેયે,
આ ડુંગરાઉ કેમ ખેડ્યા જાય રે,
સાયબા! અબોલડા હવે ભવના રિયાં.

દાદા કૂવો રે હોય તો ત્રાગી લેયે.
આ સમન્દરિયા કેમ ત્રાગ્યા જાય રે
સાયબા! અબોલડા હવે ભવના રિયાં.

દાદા ઢાંઢો રે હોય તો વેચી દઈએ
ઓ પરણ્યો તે કેમ રે વેચાય રે... સાયબા...

દાદા કાગળ હોય તો વાંચી લેયે,
આ કરમ કેમ કરી વંચાય રે. સાયબા...



## ૫૪. આજ રે સપનામાં...

આજ રે સપનામાં મેં તો પારસ પીપળો દીઠો જી,
તુલસીની ક્યારી રે સાહેલી મારા સપનામાં.
આજ રે સપનામાં મેં તો ઠાકોરિયો વીંછી દીઠો જી.
સરપલિયાની ફેણુ સાહેલી મારા સપનામાં.
આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જી.
ખળખળતી નદીયું રે સાહેલી મારા સપનામાં.
આજ રે સપનામાં મેં તો ગેડી દડુકિયો દીઠો જી,
મોતીડાંની હાર્યું સાહેલી મારા સપનામાં.
આજ રે સપનામાં મેં તો આંગણે આંબો દીઠો જી.
ફૂલડાંની ક્યારી રે સાહેલી મારા સપનામાં.
આજ રે સપનામાં મેં તો આંગણિયે ધૂણી દીઠી જો,
જોગી રે જટાળો સાહેલી મારા સપનામાં.
પારસ પીપળો ઈ તો અમારો દાદોજી,
તુલસી કેરો ક્યારો સાહેલી મારી માવડી રે,
ઠાકોરિયો વીંછી ઈ તો અમારો સસરોજી,
સરપલિયાની ફેણ સાહેલી મારી સાસુજી રે.
ડોલતો ડુંગર ઈ તો અમારો જેઠજી,
ખળખળતી નદી રે સાહેલી મારી જેઠાણી રે.

ગેડી દડુલિયો ઈ તો અમારો દેરજી,
મોતીડાની હાર રે સાહેલી મારી દેરાણી રે.
આંગણિયે આંબો ઈ તો અમારો વીર જી,
ફૂલડાંની વાડી રે સાહેલી મારી ભાભલડી રે.
આંગણિયે ધૂણિ-ઈ તો અમારી નણંદલજી,
જટાળો જોગી રે સાહેલી મારો નણદોયો રે.



## ૫૫. લવીંગ કેરી લાકડીએ...

લવીંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો,
ફૂલ કેરે દડૂલિયે સીતાએ વેર વાળ્યાં જો.

રામ તમારી બોલડિયે હું, નદીએ નાળું થઈશ જો,
તમે થાશો જો નદીએ નાળું હું ધોબીડો થઈશ જો.

રામ તમારી બોલડિયે હું, પરઘેર ખાંડવા જઈશ જો,
તમે જશો જો પરઘેર ખાંડવા, હું સાંબીલું થઈશ જો.

રામ તમારી બોલડિયે હું, જળની માછલી થઈશ જો,
તમે થાશો જો જળમાછલડી, હું જળમોજું થઈશ જો.

રામ તમારી બોલડિયે હું, આકાશ વીજળી થઈશ જો,
તમે થાશો જો આકાશ વીજળી, હું મેહુલો થઈશ જો.

રામ તમારી બોલડિયે હું, બળીને ઢગલો થઈશ જો,
તમે થાશો જો બળીને ઢગલો, હું ભભૂતિયો થઈશ જો.

## ૫૬. મને કેર કાંટો વાગ્યો...

હો રાજ રે! વાવડીના પાણી ભરવા ગ્યા'તાં,
મને કેર કાંટો વાગ્યો, મને કેર કાંટો વાગ્યો.

હો! રાજ રે, વડોદરાના વૈદડા તેડાવો,
મારો કાંટડિયો કઢાળો, મને ઓસડિયા કરાવો,
મને પાટડિયા બંધાવો મને કેર કાંટો વાગ્યો.

હો! રાજ રે, ઓરડિયે કંઈ ઢોલીયા ઢળાવો,
ત્યાં પાથરણાં પથરાવો, આડા પડદા રે બંધાવો.
મને કેર કાંટો વાગ્યો.

હો! રાજ રે, ઘરમાંથી ઘંટુડા કઢાવો,
ધસરકે જીવ જાય મારો, મને કેર કાંટો વાગ્યો.

હો! રાજ રે, ઓસરીયેથી ખાંડણિયા કઢાવો,
ધબકારે માથું દુઃખે, મને કેર કાંટો વાગ્યો.

હો! રાજ રે, વાવડીના પાણી ભરવા ગ્યા'તાં
મને કેર કાંટો વાગ્યો, મને કેર કાંટો વાગ્યો.



## ૫૭. ઢોલે રમું...

ભલા ભાણેજડાં સરોવર જાઉં ત્યાં ઢોલે રમું
નાક કેરી નથડી એ લઈ ગ્યો વિઠ્ઠલો ને
નાકે હું તો અડવી થઈ રે, ભાણેજ, સરોવર જાઉં...

ડોક કેરી હારલો એ લઈ ગ્યો વિઠ્ઠલોને,
ડોકે હું તો અડવી થઈ રે, ભાણેજ, સરોવર જાઉં...

હાથ કેરો ચૂડલો એ લઈ ગ્યો વિઠ્ઠલોને,
પગે હું તો અડવી થઈ રે, ભાણેજ, સરોવર જાઉં...

કાન કેરું ઝૂમખું એ લઈ ગ્યો વિઠ્ઠલોને
કાને હું તો અડવી થઈ રે ભાણેજ, સરોવર જાઉં...

## ૫૮. કેસર છાંટીને...

કેસર છાંટીને લખીએ કંકોતરી,
એમાં લખીએ કાંઈ અલ્પાબેનના નામ,
અખંડ સૌભાગ્યવતી.
બેનના દાદા આવ્યાં ને દાદી આવશે,
બેનના મોટાબાનો હરખ ના માય,
અખંડ સૌભાગ્યવતી. કેસર છાંટી...
બેનના કાકા આવ્યા ને કાકી આવશે,
બેનના ફોઈબાનો હરખ ના માય,
અખંડ સૌભાગ્યતી. કેસર છાંટી...
બેનના મામા આવ્યા ને મામી આવશે,
બેનના માસીબાનો હરખ ના માય,
અખંડ સૌભાગ્યતી. કેસર છાંટી...
બેનના ભાઈ આવ્યા ને ભોજાય આવશે,
બેનના નાનીબેનનો હરખ ના માય,
અખંડ સૌભાગ્યતી. કેસર છાંટી...
કેસર છાંટીને લખીએ કંકોતરી,
એમાં લખીએ કાંઈ અલ્પાબેનના નામ,
અખંડ સૌભાગ્યવતી.



## ૫૯. મોર જાજે ઊગમણે દેશ...

મોર તારી સોનાની ચાંચ,
મોર તારી રૂપાની પાંખ,
સોનાની ચાંચે રે મોર, મોતી ચરવાને જાય.
મોર જાજે ઊગમણે દેશ,
મોર જાજે આથમણે દેશ,
વળતો જાજે રે વેવાયુને માંડવે હો રાજ.
કિયા વેવાઈ સૂતાં છો કે જાગ?
કિયા વેવાઈ સૂતા છો કે જાગ?
મારા રાહુલભાઈ વરરાજે સીમાડિયો ઘેર્યો માણારાજ.
સીમાડે કાંઈ ચમર ઢળાવ,
સીમાડે કાંઈ ચમર ઢળાવ,
ચમરનો હોંશીલો વીરો મારો આવ્યો માણારાજ.
મોર જાજે......
કિયા વેવાઈ સૂતાં છો કે જાગ?
કિયા વેવાઈ સૂતા છો કે જાગ?
મારા રાહુલભાઈ વરરાજે ઝાંપલો ઘેર્યો માણારાજ.
ઝાંપલિયે કાંઈ છાંટણાં છંટાવ,
ઝાંપલિયે કાંઈ છાંટણાં છંટાવ,
ઠંડકનો હોંશીલો વીરો મારો આવ્યો માણારાજ.

કિયા વેવાઈ સૂતાં છો કે જાગ?
કિયા વેવાઈ સૂતા છો કે જાગ?
મારા રાહુલભાઈ વરરાજે શેરીયું ઘેરી માણારાજ.
શેરીએ કાંઈ ફૂલડાં પથરાવ,
શેરીએ કાંઈ ફૂલડાં પથરાવ,
સુગંધનો હોંશીલો વીરો મારો આવ્યો માણારાજ.
કિયા વેવાઈ સૂતાં છો કે જાગ?
કિયા વેવાઈ સૂતા છો કે જાગ?
મારા રાહુલભાઈ વરરાજે માંડવડો ઘેર્યો માણારાજ.
માંડવડે તારી લાકડી પધરાવ,
માંડવડે તારી લાકડી પધરાવ,
લાડણીનો હોંશીલો વીરો મારો આવ્યો માણારાજ.



## ૬૦. સૂડલા કોયલડીને...

સૂડલા કોયલડીને વિનવે રે
આવી રૂડી સરોવરની પાળ,
આંબલિયાની ડાળ,
મૂકીને કોયલ ક્યાં ગ્યાં'તાં રે માણારાજ.

શીળા રે રાહુલભાઈના માંડવા રે
તીયા રૂડા માંડવા નખાય,
રૂડાં ગીત ગવાય.
જોવાને અમે તીયા ગ્યા'તાં રે માણારાજ. સૂડલા...

શીળાં રે રાહુલભાઈના માયરાં રે,
તીયા રૂડી કન્યા પરણાય,
રૂડાં ફેરા ફરાય,
જોવાને અમે તીયાં ગ્યા'તાં રે માણારાજ. સૂડલા...

શીળા રે રાહુલભાઈના માંડવા રે,
ઘોડીલા બાંધ્યા છે બાર,
હાથીડા ઝૂલે દરબાર,
જોવાને અમે તીયાં ગ્યા'તાં રે માણારાજ. સૂડલા...

## ૬૧. કોયલ બેઠી આંબલિયાની ડાળ...

કોયલ બેઠી આંબલિયાની ડાળ
મારો મોરલિયો બેઠો રે ગઢ કાંગરે માણારાજ.
હોંશીલા વીરા તમે કોયલને ઊડાડો આપણે દેશ.

કોયલ માગે નથડીની જોડ,
કોયલ માગે ટીલડીની જોડ,
મારો મોરલિયો માગે રે કળિયલ લાડકી માણારાજ
હોંશીલા વીરા તમે કોયલને ઊડાડો આપણે દેશ.

કોયલ માગે કાંબિયુની જોડ,
કોયલ માગે કડલાંની જોડ,
મારો મોરલિયો માગે રે કળિયલ લાડકી માણારાજ
હોંશીલા વીરા તમે કોયલને ઊડાડો આપણે દેશ.



## ૬૨. નાણાવટી રે સાજન

નાણાવટી રે સાજન બેઠું માંડવે,
લાખોપતિ રે સાજન બેઠું માંડવે
જેવી ભરી સભાના રાજા, એવા નરેશભાઈના દાદા.
નાણાવટીને...
જેવી ભરત ભરેલી સાડી, એવી નરેશભાઈની માડી.
નાણાવટીને...
જેવા રેશમ ભર્યા તાકા, એવા નરેશભાઈના કાકા.
નાણાવટીને...
જેવા સરવર પાળે આંબા, એવા નરેશભાઈના મામા.
નાણાવટીને...
જેવા હારલા માંહ્યો હીરા, એવા નરેશભાઈના વીરા.
નાણાવટીને...
જેવી તાંજળિયાની ભાજી, એવી નરેશભાઈની ભાભી.
નાણાવટીને...
નાણાવટી રે સાજન બેઠું માંડવે,
લાખોપતિ રે સાજન બેઠું માંડવે

## ૬૩. ભર રે જોબનિયામાં...

એક ભર રે જોબનિયા બેઠાં લક્ષ્મીબેન,
દાદાએ હસીને બોલાવ્યા...
કેમ કરી દીકરી તમારી દેહ રે દુબળી,
કેમ કરી આંખલડી ઊડી રે ગઈ.. એક ભર...
એક ઊંચો તે વર ના જોજો રે દાદાજી,
ઊંચો તે નિત્ય નેવા ભાંગશે. એક ભર...
એક નીચો તે વર ના જોજો રે દાદાજી,
નીચો તે નિત્ય ઠેબે આવશે. એક ભર...
એક ગોરો તે વર ના જોજો રે દાદાજી,
ગોરો તે આપ જ વખાણશે. એક ભર...
એક કાળો તે વર ના જોજો રે દાદાજી,
કાળો તે કુટુંબ લજાવશે. એક ભર...
એક કેડ્યે પાતળિયોને મુખે શામળિયો,
તે મારી સૈયરે વખાણિયો રે. એક ભર...



## ૬૪. ઘોર અંધારી રે...

ઘોર અંધારી રે રાતલડીમાં રમતા ચાર અસવાર,
કાળે ઘોડે રે કોણ ચડે મા, કાલીકાનો અસવાર
કાળકા માવડી રે ઘોડે ચડ્યા, માએ સોળે સજ્યા શણગાર,
રમજો, રમજો રે ગોરાણિયુ તમે, રમજો સારી રાત.
ઘોર અંધારી રે...
લીલે ઘોડે રે કોણ ચડે, મા રાંદલનો અસવાર,
રાંદલ માવડી રે ઘોડે ચડ્યા, મા એ સોળે સજ્યા શણગાર,
રમજો, રમજો રે ગોરાણિયુ તમે, રમજો સારી રાત.
ઘોર અંધારી રે...
ધોળે ઘોડે રે કોણ ચડે, મા બહુચરનો અસવાર,
બહુચર માવડી રે ઘોડે ચડ્યા, મા એ સોળે સજ્યા શણગાર,
સવા મણનું રે સુખડલુ, મા અધમણની કુબેર,
જમજો, જમજો રે ગોરાણિયુ તમે, જમજો સારી રાત.
ઘોર અંધારી રે...

## ૬૫. ચપટી ભરી ચોખાની...

ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો,
શ્રીફળની જોડ લઈને રે
હાલો હાલો પાવાગઢ જઈએ રે...
સામેની પાળેથી સુથારી આવે,
સુથારી આવે માતા બાજોઠિયા લાવે,
બાજોઠની જોડ લઈને રે. હાલો હાલો...
સામેની પાળેથી કુંભારી આવે,
કુંભારી આવે માની માટલીયુ લાવે,
માટલીયુની જોડ લઈને રે. હાલો હાલો...
સામેની પાળેથી માળીડો આવે,
માળીડો આવે માના ગજરા રે લાવે,
ગજરાની જોડ લઈને રે. હાલો હાલો...
સામેની પાળેથી વાણીડો આવે,
વાણીડો આવે માની ચૂંદડી રે લાવે,
ચૂંદડીની જોડ લઈને રે. હાલો હાલો...
સામેની પાળેથી સોનીડો આવે,
સોનીડો આવે માની બંગડી રે લાવે,
બંગડીઓની જોડ લઈને રે. હાલો હાલો...



## ૬૬. માનો ગરબો રે

માનો ગરબો રે રમે રાજને દરબાર,
રમતો ભમતો રે આવ્યો કુંભારીને દ્વાર,
અલી કુંભારીની નાર, તું તો સૂતી હોય તો જાગ,
માને ગરબે રે રૂડાં કોડિયા મેળાવ. માનો...

માનો ગરબો રે આવ્યો સોનીડાની દ્વાર,
અલી સોનીડાની નાર, તું તો સૂતી હોય તો જાગ,
માને ગરબે રે રૂડાં જાળિડાં મેળાવ. માનો...

માનો ગરબો રે આવ્યો સુથારીને દ્વાર,
અલી સુથારીની નાર, તું તો સૂતી હોય તો જાગ,
માને ગરબે રે રૂડાં બાજોઠિયા મેળાવ. માનો...

માનો ગરબો રે આવ્યો ઘાંચીડાને દ્વાર,
અલી ઘાંચીડાની નાર, તું તો સૂતી હોય તો જાગ,
માને ગરબે રે રૂડાં દીવેલ પૂરાવ. માનો...
માનો ગરબો રે રમે રાજને દરબાર.

## ૬૭. રૂડે ગરબે રમે...

રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે,
પાયે વાગે છે ઘૂઘરીના ઘમકારે. રૂડે...

આકાશેથી સૂર્ય જોવા આવિયા રે,
સાથે રાણી રન્નાદેને લાવિયા રે. રૂડે...

કૈલાસેથી શંકર જોવા આવિયા રે,
સાથે સાથે પારવતીજીને લાવિયા રે, રૂડે...

બ્રહ્મ લોકમાંથી બ્રહ્મા જોવા આવિયા રે,
સાથે સાથે બ્રહ્માણીજીને લાવિયા રે. રૂડે...

ગોકુળ ગામથી કૃષ્ણ જોવા આવિયા રે,
સાથે રાણી રાધાજીને લાવિયા રે. રૂડે...

પાતાળલોકથી શેષનાગ આવિયા રે,
સાથે નાગ-નાગણિયુંને લાવિયા રે. રૂડે...

પોકરણગઢથી રામદેવજી જોવા આવિયા રે,
સાથે રાણી નેતલદેને લાવિયા રે. રૂડે...

રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે,
પાયે વાગે છે ઘૂઘરીના ઘમકારે.



## ૬૮. એક વણઝારી ઝૂલણાં...

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી,
મારી અંબા માના ઝુલણા ઝુલતી'તી. એક...

માએ પે'લે પગથિયે પગ મૂકયો,
માના પાની સમાણા, નીર મોરી માત. એક...

માએ બીજે પગથિયે પગ મૂકયો,
માના ઘૂંટણ સમાણા નીર મોરી માત. એક...

માએ ત્રીજે પગથિયે પગ મૂકયો,
માના ઢીંચણ સમાણા નીર મોરી માત. એક...

માએ ચોથે પગથિયે પગ મૂકયો,
માના સાથળ સમાણા નીર મોરી માત. એક...

માએ પાંચમે પગથિયે પગ મૂકયો,
માના કેડ સમાણા, નીર મોરી માત. એક...

માએ છઠ્ઠે પગથિયે પગ મૂકયો,
માના છાતી સમાણા નીર મોરી માત. એક...

માએ સાતમે પગથિયે પગ મૂકયો,
માના ગળા સમાણા નીર મોરી માત. એક...

માએ આઠમે પગથિયે પગ મૂકયો,
માના લલાટ સમાણા નીર મોરી માત. એક...

માએ નવમે પગથિયે પગ મૂકયો,
માના માથા સમાણા નીર મોરી માત. એક...

એક વણઝારી ઝૂલણા ઝૂલતી'તી,
મારી અંબામાના ઝુલણા ઝુલતી'તીય